વર્ષઃ 6 અંકઃ 2

16-31 જુલાઈ, 2025 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર




ઓપરેશન સિંધુ

## આપત્તિ દરમિયાન રાષ્ટ્ર તેના લોકો સાથે ઊભું છે

**ઓપરેશન સિંધુ હોય કે ઓપરેશન ગંગા, કટોકટીના સમય દરમિયાન ભારત સરકારે આવા ઘણા સ્થળાંતર મિશન દ્વારા તેના લોકોને બચાવ્યા અને વિશ્વને રાષ્ટ્રની વધતી શક્તિનો અહેસાસ પણ કરાવ્યો.**



# 95 કરોડ ભારતીયોને સામાજિક સુરક્ષા લાભ હેઠળ આવરી લેવાયા

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો દર મહિનાના છેલ્લા રવિવારે પ્રસારિત થતો 'મન કી બાત' રેડિયો કાર્યક્રમ' મન કી બાત'માં પરિવર્તિત થઈ ગયો છે. તે ખાલી વાક્છટા જ નથી; તે લોકો સાથે ઊંડાં જોડાણ અને વિશ્વાસને મૂર્તિમંત કરે છે. આ કાર્યક્રમનો સંવાદ અને સંકલ્પો દરેક ભારતીયને પ્રેરણા આપે છે. વિકાસની ગાથાઓ કહેવાથી માંડીને આશાની ભાવનાને પ્રેરિત કરવા સુધી પીએમ મોદી આવા વિવિધ પાસાઓને આવરી લે છે. 29મી જૂનના રોજ, પીએમ મોદીએ 'મન કી બાત'ના 123માં ઍપિસોડમાં કૈલાશ માનસરોવર યાત્રા, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, કટોકટી, વિશ્વ પર્યાવરણ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. અહીં અવતરણો છે...**

- **કૈલાશ માનસરોવર:** લાંબા સમય પછી કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ થઈ છે. દરેક પરંપરામાં, પછી તે હિંદુ હોય, બૌદ્ધ હોય કે જૈન હોય, કૈલાશને આસ્થા અને ભક્તિનું કેન્દ્ર માનવામાં આવે છે. થોડા દિવસો પહેલા જ આપણે ભગવાન જગન્નાથની રથયાત્રા પણ જોઈ હતી. જ્યારે આપણે ભક્તિ, સંપૂર્ણ સમર્પણ અને સંપૂર્ણ શિસ્ત સાથે આપણી ધાર્મિક યાત્રા પૂર્ણ કરીએ છીએ, ત્યારે આપણને તેનું ફળ મળે છે.
- **ટ્રકોમા મુક્ત ભારત:** વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતને ટ્રકોમા (આંખમાં પોપચાં પર થતા ખીલ) મુક્ત જાહેર કર્યું છે. આ કરોડો લોકોની મહેનતનું પરિણામ છે જેમણે આ રોગ સામે અથાક લડત આપી હતી. આ આપણા આરોગ્ય કર્મચારીઓની સફળતા છે. સ્વચ્છ ભારત અભિયાને પણ તેને નાબૂદ કરવામાં ઘણી મદદ કરી.
- **સામાજિક સુરક્ષા લાભ:** તાજેતરમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન- આઈ.એલ.ઓ.નો એક ખૂબ જ મહત્વપૂર્ણ અહેવાલ બહાર આવ્યો છે. આ અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતની 64 ટકાથી વધુ વસ્તી હવે કોઈ ને કોઈ સામાજિક સુરક્ષાનો લાભ લઈ રહી છે.જ્યારે 2015 સુધી સરકારી યોજનાઓ 25 કરોડથી પણ ઓછા લોકો સુધી પહોંચી રહી હતી ત્યારે આજે દેશના લગભગ 95 કરોડ લોકોને કોઈ ને કોઈ સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ મળી રહ્યો છે.
- **એકતા અને આશા:** બોડોલેન્ડ આજે પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. અહીંના યુવાનોની ઊર્જા અને આત્મવિશ્વાસ ફૂટબોલનાં મેદાન પર સૌથી વધુ જોવા મળે છે. બોડો ટેરિટોરિયલ એરિયામાં બોડોલેન્ડ સીઈએમ કપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માત્ર એક સ્પર્ધા નથી, તે એકતા અને આશાની ઉજવણી બની ગઈ છે.
- **તંદુરસ્તી અને સ્થૂળતા:** જો આપણે આપણી ક્ષમતા વધારવી હોય, તો સૌ પ્રથમ આપણે આપણી તંદુરસ્તી અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. શું તમને સ્થૂળતા ઘટાડવા માટે, તંદુરસ્તી માટે મારું એક સૂચન યાદ છે? ખોરાકમાં 10 ટકા તેલ ઓછું કરો, સ્થૂળતા ઓછી કરો. તમે ફિટ હશો તો લાઈફમાં વધારે સુપર હીટ રહેશો-જ્યારે તમે સ્વસ્થ થશો, ત્યારે તમે જીવનમાં વધુ સફળ થશો.
- **એરી સિલ્ક:** મેઘાલયના એરી સિલ્કને થોડા દિવસો પહેલા જી.આઈ. ટેગ મળ્યો હતો. એરી સિલ્ક મેઘાલય માટે વારસા જેવું છે. અહીંના આદિવાસીઓ, ખાસ કરીને ખાસી સમુદાયનાં લોકોએ તેને પેઢીઓથી જાળવી રાખ્યું છે અને પોતાની કુશળતાથી તેને સમૃદ્ધ પણ કર્યું છે.
- **સમાજની નવી દિશા:** 'મહિલા સંચાલિત વિકાસ' નો મંત્ર ભારત માટે નવું ભવિષ્ય ઊભું કરવા માટે તૈયાર છે. આજે આપણી માતાઓ, બહેનો અને દીકરીઓ માત્ર પોતાના માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે નવી દિશા આપી રહી છે. જ્યારે તમને તેલંગાણામાં ભદ્રાચલમની મહિલાઓની સફળતા વિશે ખબર પડશે ત્યારે તમને પણ સારું લાગશે.આ મહિલાઓ એક સમયે ખેતરોમાં મજૂર તરીકે કામ કરતી હતી. તેઓ તેમની આજીવિકા માટે આખો દિવસ સખત મહેનત કરતાં હતાં. આજે એ જ મહિલાઓ શ્રી અન્નમાંથી બિસ્કીટ બનાવી રહી છે.
- **ભારત પ્રત્યે કૃતજ્ઞતા:** તાજેતરમાં, વિયેતનામનાં ઘણાં લોકોએ મને વિવિધ માધ્યમો દ્વારા તેમના સંદેશા મોકલ્યા. આ સંદેશાઓની દરેક પંક્તિમાં આદર અને આત્મીયતા હતી. તેમની લાગણીઓ હૃદયસ્પર્શી હતી. તેઓ ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો જોવા દેવા બદલ ભારત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા હતા.
- **સામૂહિક સંકલ્પની શક્તિ:** મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર જિલ્લાની કાર્બન-તટસ્થ પંચાયત 'પાટોદા' એ એક ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે. આ ગામમાં કોઈ પોતાનાં ઘરની બહાર કચરો ફેંકતા નથી. ગંદા પાણીની સારવાર કરવામાં આવે છે. જ્યારે નાની આદતો સામૂહિક સંકલ્પ બની જાય છે, ત્યારે મોટો ફેરફાર નિશ્ચિત હોય છે.

*'મન કી બાત'સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.*

ન્યૂ ઈન્ડિયા

# સમાચાર

વર્ષ: 6 | અંક: 02 | 16-31 જુલાઈ, 2025



મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

સલાહકાર સંપાદક
વિભોર શર્મા

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

ચીફ ડિઝાઈનર
શ્યામ તિવારી

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

## અંદરના પાને...






ઓપરેશન સિંધુ
**કટોકટી દરમિયાન મજબૂત સ્થિતિસ્થાપકતા**

**કવર સ્ટોરી**

એક ભારતીય, તે દુનિયામાં જ્યાં પણ રહે છે, તે 'રાષ્ટ્રદૂત' જેવો છે. નવા ભારતના આ વિચારોએ પોતાના લોકોને દરેક આપત્તિમાં બચાવ્યા છે અને કટોકટીના દરેક કાળમાં સહાય અને રાહત પ્રયાસોનું નેતૃત્વ પણ કર્યું છે... | 24-37

**સ્પેસ ફ્લાઈટ**

**41 વર્ષના ગાળા બાદ કોઈ ભારતીય અવકાશમાં**



આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં કદમ મૂકીને ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ શુક્લાએ ઈતિહાસ સર્જ્યો | 9-14

**પ્રધાનમંત્રીનો વિશેષ લેખ**

**ડિજિટલ ઈન્ડિયાનો એક દાયકો**



ડિજિટલ ઈન્ડિયા એ એક ચળવળ છે, વિચારથી પ્રણાલી સુધી, ગ્રામીણથી વૈશ્વિક સુધી, ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે. | 6-8

સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ:ધનરાજ પિલ્લે
હૉકીના 'ટોર્નેડો' | 15

બિહારના જ્ઞાનેન્દ્રને આયુષ્માન ભારતથી નવું જીવન મળ્યું
પીએમ મોદીએ એક પત્ર લખ્યો, કહ્યું-'આપનું આરોગ્ય, અમારો સંકલ્પ' | 16-17

કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો: સરકારે 3.5 કરોડ નોકરીઓનું સર્જન કરવા માટે 1 લાખ કરોડ રૂપિયાની ઈએલઆઈ યોજના શરૂ કરી
1 લાખ કરોડ રૂપિયા સંશોધનને પ્રોત્સાહન આપશે | 38-39

બિહારની સમૃદ્ધિ દેશની સમૃદ્ધિ તરફ દોરી જાય છે
પીએમ મોદીએ બિહારને 5,200 કરોડ રૂપિયાની ભેટ આપી | 40-41

ઓડિશા...ભારતના વારસાનો ચમકતો સિતારો
પીએમ મોદીએ ઓડિશાને 18,000 કરોડ રૂપિયાની ભેટ આપી | 42-43

જી-7માં ભારતનું રાજદ્વારી પ્રભુત્વ
દુનિયાએ આતંકવાદ સામે એક થવું જોઈએ | 44-47

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની 5મી વર્ષગાંઠ
મૂલ્ય-આધારિત નાગરિકોનું નિર્માણ | 48-52



**11મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ**

**શાંતિ, સ્વાસ્થ્ય અને સંવાદિતાનો યોગ**

11માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દ્વારા દુનિયાએ ભારતની સાંસ્કૃતિક શક્તિ જોઈ | 18-23



પ્રકાશક અને મુદ્રક - કંચન પ્રસાદ, મહાનિદેશક, CBC (કેન્દ્રીય સંચાર બ્યૂરો) | મુદ્રણ: ચંદુ પ્રેસ, 469, પટપરગંજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દિલ્હી 110 092 | પત્રવ્યવહાર અને ઈ મેઈલ માટેનું એડ્રેસ: રૂમ નં -316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસિના રોડ, નવી દિલ્હી - 110001 | ઈમેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

## નવું ભારત દરેક ભારતીયની સુરક્ષિત વાપસી માટે પ્રતિબદ્ધ છે

સાદર નમસ્કાર!

છેલ્લા દાયકામાં ભારતે માત્ર પોતાની આર્થિક અને રાજદ્વારી તાકાત જ સાબિત કરી નથી પરંતુ કટોકટીના સમયમાં પોતાના નાગરિકોની સુરક્ષાની ગૅરંટી પણ દર્શાવી છે. કારણ કે વિશ્વના કોઈપણ દેશમાં સ્થાયી થયેલો ભારતીય સમુદાય માત્ર એક રાષ્ટ્રનો 'રાષ્ટ્રદૂત' જ નથી, પરંતુ દેશ માટે એક અમૂલ્ય સંપત્તિ પણ છે. અન્ય દેશોમાં રહેતા ભારતીયોની ચિંતા, તેમનું કલ્યાણ અને સુરક્ષા આજે નવા ભારતની વિદેશ નીતિનાં કેન્દ્રમાં છે. આ જ કારણ છે કે, ભલે કુદરતી આપત્તિ હોય કે આંતરિક-બાહ્ય સંઘર્ષને કારણે અસ્થિરતા હોય, નવા ભારતે પોતાના નાગરિકોને સુરક્ષિત રીતે ઘરે પાછા લાવીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે-દરેક ભારતીય મહત્વપૂર્ણ છે.

કેન્દ્ર સરકાર દરેક ભારતીયને દેશમાં સુરક્ષિત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે. ભારત સરકારે ફરી એકવાર સંઘર્ષને કારણે ઈઝરાયેલ-ઈરાનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ અને નાગરિકોને સલામત પરત લાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન યુક્રેનમાં રહેતા ભારતીય નાગરિકો માટે જીવનરક્ષક મિશન 'ઓપરેશન ગંગા' ચલાવીને 20 હજારથી વધુ લોકોને સુરક્ષિત પરત લાવવામાં આવ્યા હતા. ભારતે પોતાની પરંપરાઓનું પાલન કરતી વખતે આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓનું પણ પાલન કર્યું છે અને જ્યારે પણ કોઈ આપત્તિ આવી હોય ત્યારે ભારત અસરગ્રસ્ત લોકોની સાથે ઊભું રહ્યું છે. આ જ કારણ છે કે આજે નવા ભારતનાં નેતૃત્વ પ્રત્યે ભારતીય નાગરિકોનો વિશ્વાસ વધ્યો છે. ડાયસ્પોરામાં એક મજબૂત માન્યતા છે કે તેઓ વિશ્વમાં જ્યાં પણ છે, તેઓ સુરક્ષિત છે કારણ કે તેઓ ભારતના નાગરિક છે. નવું ભારત તેના નાગરિકોની સુરક્ષા માટે કેવી રીતે વધારાનો પ્રયાસ કરે છે તે આ અંકની કવર સ્ટોરી બની ગઈ છે.

આ ઉપરાંત, ડિજિટલ ઈન્ડિયાના એક દાયકા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વિશેષ લેખ, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નાં પાંચ વર્ષ પૂર્ણ થવા પર વિશેષ વિષયવસ્તુ, 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી, એક્સિઓમ-4 મિશન સાથે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પગ મૂકીને ઈતિહાસ રચનાર શુભાંશુ શુક્લાની યાત્રા અને તેમની સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વાતચીત તેમજ પ્રધાનમંત્રીના પખવાડિયા લાંબા કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત, વ્યક્તિત્વ વિભાગમાં, ભારતીય હૉકીના દિગ્ગજ ધનરાજ પિલ્લે વિશે વાંચો.

આંતરિક પૃષ્ઠ પર મન કી બાત અને 23 જુલાઈના રોજ ઉજવાતો રાષ્ટ્રીય પ્રસારણ દિવસ પાછળના કવર પર સામેલ કરવામાં આવ્યો છે.

તમારા સૂચનો અમને મોકલતા રહો.

ધીરેન્દ્ર

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...






### ન્યૂ ઈન્ડિયા સમાચાર દરેક ભારતીય માટે પ્રેરણા છે

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર સામયિકના તમામ અંકો વાંચું છું, કારણ કે દરેક અંક દેશભક્તિની ભાવનાને મજબૂત કરે છે. આ સામયિક દ્વારા પ્રકાશિત થયેલા લેખો દેશ પ્રત્યે સેવા અને નિષ્ઠાની ભાવનાને પ્રોત્સાહન આપે છે! ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન દૂરના સરહદી વિસ્તારોમાં તૈનાત સૈનિકો, દેશના ખેડૂતો, યુવાનો, માતાઓ અને બહેનોની સાથે વૃદ્ધોની પણ ખૂબ જ સેવા કરી રહ્યું છે.

બિંદુસાર પાંડે

bindusarpandey11@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર સામયિક ખૂબ જ પ્રભાવશાળી છે

તાજેતરમાં જ મને સરકારના પાક્ષિક 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' સામયિક વિશે જાણવા મળ્યું અને હું તેનું મહત્વ સમજી શક્યો. મને આ સામયિકની સામગ્રી, વર્તમાન બાબતોનું લેખન અને છાપકામ ખૂબ પ્રભાવશાળી લાગ્યું. આ સામયિક ખાસ કરીને સરકારની યોજનાઓ અને નીતિઓ પ્રકાશિત કરે છે. આ સામયિક ભારતની પ્રગતિ વિશે વિશ્વાસ પેદા કરે છે.

yaazhiniskm@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર આપણને વર્તમાન ઘટનાઓથી માહિતગાર રાખે છે

નન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનનાં પ્રતિષ્ઠિત પ્રકાશન માટે સંપાદકીય ટીમનો ખૂબ ખૂબ આભાર. તે મને વર્તમાન ઘટનાઓ સાથે અપડેટ રાખે છે. વળી, તેની ભાષા પણ સમજવામાં સરળ છે. મેં આ સામયિક ઓનલાઈન વાંચ્યું છે. મને આ સામયિક ખૂબ ગમે છે.

priyanka30mehra@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર એક ઉત્કૃષ્ટ સામયિક છે

તમે મને મોકલેલું પાક્ષિક સામયિક 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'મને મળ્યું છે. આ સામયિક હિન્દી ભાષામાં મોકલવામાં આવ્યું હતું. તે એક ઉત્તમ સામયિક છે. તેમાં પ્રકાશિત માહિતી ખૂબ જ ઉપયોગી છે અને દેશમાં ચાલી રહેલી ઘટનાઓ વિશે માહિતી પૂરી પાડે છે.

સિરાપુ શ્રીનિવાસરાવ

ssraoreporter@gmail.com

### તે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ઘણી મદદ કરી રહ્યું છે

હું લાંબા સમયથી ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન વાંચી રહ્યો છું. આ સામયિક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ઘણી મદદ કરી રહ્યું છે.સરકારી યોજનાઓ વિશેની ઊંડાણપૂર્વકની માહિતી, તેમજ વ્યક્તિત્વ વિશેની રસપ્રદ માહિતી, એવી કેટલીક વિશેષતાઓ છે જે તેને અનન્ય બનાવે છે. તેની આગામી આવૃત્તિઓ વિશે હંમેશા ઉત્સુકતા રહે છે.

niranjan.s1953@gmail.com

**પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું સરનામું: રૂમ નંબર-316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસીના રોડ, નવી દિલ્હી -110001**
**ઈમેલ- response-nis@pib.gov.in**

**ન્યૂ ઈન્ડિયા સમાચારને આકાશવાણીના એફએમ ગોલ્ડ પર દર શનિવાર-રવિવારે બપોરે 3.00થી 3.15 સુધી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો**

# સમાચાર સાર



## ત્રિપુરા સંપૂર્ણ સાક્ષરતા હાંસલ કરનારું દેશમાં ત્રીજું રાજ્ય બન્યું


રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નાં અમલીકરણ પછી પૂર્વોત્તર ક્ષેત્ર માટે પ્રોત્સાહક સમાચાર આવ્યા છે. મિઝોરમ અને ગોવા પછી ત્રિપુરા હવે દેશનું ત્રીજું સંપૂર્ણ સાક્ષર રાજ્ય બની ગયું છે.આ સિદ્ધિમાં મુખ્ય ફાળો આપનાર ઉલ્લાસ યોજના છે, જે બિન-સાક્ષર યુવાનો અને 15 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓને મૂળભૂત સાક્ષરતા, ગાણિતિક ગણતરીઓ અને મહત્વપૂર્ણ જીવન કૌશલ્ય પ્રદાન કરવા માટે આ નીતિ હેઠળ રજૂ કરવામાં આવી છે.ત્રિપુરા, જેનો 1961માં સાક્ષરતા દર માત્ર 20.24% હતો, તે હવે પ્રભાવશાળી રીતે 95.6% સાક્ષરતા સુધી પહોંચી ગયું છે. 15 વર્ષ અને તેથી વધુ વયની વ્યક્તિઓમાં 95 ટકા સાક્ષરતાનાં રાષ્ટ્રીય ધોરણ મુજબ, તેને સંપૂર્ણ સાક્ષર તરીકે માન્યતા આપવામાં આવી છે. આ રાજ્યને 'ઉલ્લાસ-નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' હેઠળ સંપૂર્ણ સાક્ષરતાનો દરજ્જો આપવામાં આવ્યો છે.

## 'નવ્યા' કિશોરીઓને સશક્ત બનાવશે

કિશોરવયની છોકરીઓને સશક્ત બનાવવા અને 2047 સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (એમએસડીઈ)ના સહયોગથી 'નવ્યા' (યુવા કિશોરવયની છોકરીઓ માટે વ્યાવસાયિક તાલીમ દ્વારા આકાંક્ષાઓનું પોષણ) પહેલ શરૂ કરી છે.નવ્યા કાર્યક્રમનો ઉદ્દેશ મુખ્યત્વે બિન-પરંપરાગત અને ઉભરતાં ક્ષેત્રોમાં રોજગાર માટે 16-18 વર્ષની કિશોર છોકરીઓને વ્યાવસાયિક તાલીમ પ્રદાન કરવાનો છે. પાયલોટ તબક્કામાં, નવ્યા પૂર્વોત્તરના 27 આકાંક્ષી જિલ્લાઓ અને 19 રાજ્યોને આવરી લેતા 112 આકાંક્ષી જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી રહી છે.આ કાર્યક્રમ હેઠળ કિશોર છોકરીઓને ગ્રાફિક ડિઝાઈન, દૂરસંચાર, નાણાકીય સેવાઓ, સ્માર્ટફોન, ડ્રોન એસેમ્બલી, સોલર પીવી, સીસીટીવી ઈન્સ્ટોલેશન અને હાથનું ભરતકામ જેવી કુશળતામાં તાલીમ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કિશોરવયની છોકરીઓની જરૂરિયાતો અનુસાર નોકરી-ભૂમિકા-વિશિષ્ટ વ્યાવસાયિક અભ્યાસક્રમો પ્રદાન કરવા માટે દરેક સહભાગી જિલ્લામાં તાલીમ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે.




## રેલવે ટ્રેનનાં પ્રસ્થાનના 8 કલાક પહેલા આરક્ષણ ચાર્ટને અંતિમ સ્વરૂપ આપશે




દેશભરમાં ટ્રેન દ્વારા મુસાફરી કરતા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રેલવે મંત્રીએ રેલવે બોર્ડને ટ્રેનનાં પ્રસ્થાનના આઠ કલાક પહેલા આરક્ષણ ચાર્ટ તૈયાર કરવાની પહેલ તબક્કાવાર અમલમાં મૂકવાનો નિર્દેશ આપ્યો છે.આ વ્યવસ્થા વેઈટિંગ લિસ્ટ ટિકિટ ધરાવતા મુસાફરોની અનિશ્ચિતતામાં ઘટાડો કરશે. ઉપરાંત, જો પ્રતીક્ષા યાદીમાં ટિકિટની પુષ્ટિ ન થાય, તો મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે વધુ સમય મળશે. એવું કહેવામાં આવ્યું છે કે બપોરે 2 વાગ્યા પહેલાં ઉપડતી ટ્રેનો માટેનો ચાર્ટ અગાઉના દિવસે રાત્રે 9 વાગ્યા સુધીમાં તૈયાર થવો જોઈએ. ટિકિટિંગ સિસ્ટમ સ્માર્ટ, પારદર્શક, સરળ અને કાર્યક્ષમ હોવી જોઈએ. રેલવે ટિકિટ બુકિંગને સરળ બનાવવા માટે ઘણાં પગલાં લઈ રહ્યું છે.


# હવે વાર્ષિક ફાસ્ટ ટેગ ત્રણ હજાર રૂપિયામાં

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે મુસાફરો માટે મોટી રાહતની જાહેરાત કરી છે. તેણે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી માટે વાર્ષિક ફાસ્ટેગ પાસ રજૂ કર્યો છે, જેની કિંમત માત્ર 3,000 રૂપિયા છે. આ ધોરીમાર્ગ વપરાશકર્તાઓ માટે વધુ અનુકૂળ અને ખર્ચ અસરકારક વિકલ્પ પ્રદાનકરતી આ નવી પહેલ 15 ઑગસ્ટથી દેશભરમાં લાગુ કરવામાં આવશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન જયરામ ગડકરીએ કહ્યું કે વાર્ષિક ફાસ્ટેગની કિંમત ત્રણ હજાર રૂપિયા હશે. આનાથી, એક વર્ષમાં 200 યાત્રાઓ કરી શકાય છે (એક ટોલ એક યાત્રા બરાબર છે). તેમણે કહ્યું કે આ નિર્ણયથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પોતાનાં વાહનોમાં મુસાફરી કરતા લોકો દર વર્ષે ઓછામાં ઓછા 7,000 રૂપિયાની બચત કરશે. આ નિર્ણય પછી, ટોલ પર સરેરાશ 15 રૂપિયાનો ટોલ ચૂકવવો પડશે. આ સુવિધા માત્ર રાષ્ટ્રીય ધોરીમાર્ગ માટે જ હશે. તે રાજ્ય ધોરીમાર્ગ પર લાગુ થશે નહીં.




## ઈ.પી.એફ.ઓ.એ પતાવટની મર્યાદા 1 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરી

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને (ઈ.પી.એફ.ઓ.) સભ્ય કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઈ.પી.એફ.ઓ.એ આગોતરા દાવાઓ માટે ઓટો-સેટલમેન્ટની મર્યાદા હાલની 1 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવાનો નિર્ણય લીધો છે.આ પગલાંથી ઈ.પી.એફ.ઓ.ના લાખો સભ્યોને ખાસ કરીને તાત્કાલિક જરૂરિયાતના સમયે ઝડપી ભંડોળ મેળવવામાં મદદ મળશે. નાણાકીય વર્ષ 2024-25માં, ઈ.પી. એફ.ઓ.એ ઓટો-સેટલમેન્ટ દ્વારા વિક્રમી 2.34 કરોડ એડવાન્સ દાવાઓનું સફળતાપૂર્વક સમાધાન કર્યું હતું, જે અગાઉના વર્ષ કરતાં 161% વધુ છે. આ વૃદ્ધિને જાળવી રાખીને, નાણાકીય વર્ષ 2025-26ના પહેલા દોઢ મહિનામાં, ઈ.પી. એફ.ઓ.એ આપમેળે 76.52 લાખ દાવાઓનું સમાધાન કર્યું છે, જે અત્યાર સુધીમાં પતાવટ કરાયેલા તમામ એડવાન્સ દાવાઓના લગભગ 70 ટકા છે.



## એકીકૃત પેન્શન યોજનાની પસંદગીની સમયમર્યાદા 3 મહિના માટે લંબાવવામાં આવી; નવી સમયમર્યાદા 30 સપ્ટેમ્બર છે

સરકારી કર્મચારીઓને સ્થિરતા, ગરિમા અને નાણાકીય સુરક્ષા પ્રદાન કરવાના હેતુથી યુનિફાઇડ પેન્શન સ્કીમ (યુપીએસ) હવે 30 સપ્ટેમ્બર 2025 સુધી પસંદ કરી શકાય છે. અગાઉ, સમયમર્યાદા 30 જૂન 2025 હતી. કટ ઑફ તારીખ લંબાવવાની વિવિધ હિતધારકોની વિનંતી બાદ નાણાં મંત્રાલયે તેને વધુ 3 મહિના લંબાવવાનો નિર્ણય લીધો છે.યુપીએસ હેઠળ કેન્દ્ર સરકારના કર્મચારીઓને નિવૃત્તિ પછી એક નિશ્ચિત પેન્શન આપવામાં આવે છે. તેની શરૂઆત 24 ફેબ્રુઆરી 2024ના રોજ થઈ હતી. હવે હાલના લાયક કર્મચારીઓ, ભૂતપૂર્વ નિવૃત્ત કર્મચારીઓ અને મૃત ભૂતપૂર્વ નિવૃત્ત કર્મચારીઓના કાયદેસર રીતે પરિણીત જીવનસાથીઓ માટે યુપીએસ પસંદ કરવા માટેની કટ-ઑફ તારીખ લંબાવવામાં આવી છે.

# ડિજિટલ ઈન્ડિયાનો એક દાયકો

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



**એક દાયકા પહેલા આપણે ભારતને ડિજિટલ શક્તિ બનાવવાનું અશક્ય લાગતું સપનું જોયું હતું. તે માત્ર ટેકનોલોજી જ નહોતી, તે એક વિચાર હતો કે દરેક નાગરિક, ભલે તે ગમે ત્યાં હોય, ટેકનોલોજી સાથે જોડાઈને સશક્ત બની શકે છે. આજે ડિજિટલ ઈન્ડિયા એ એક ચળવળ છે જે ભારતને વિચારથી લઈને વ્યવસ્થા સુધી, ગ્રામીણથી લઈને વૈશ્વિક સુધી નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યું છે....**

***આજે દેશમાં 42 લાખ કિલોમીટરથી વધુ ઓપ્ટિકલ ફાઈબર કેબલ નાખવામાં આવ્યા છે, જે પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનાં અંતર કરતાં 11 ગણા વધારે છે***

એક દાયકા પહેલા આપણે ભારતને ડિજિટલ શક્તિ બનાવવાનું અશક્ય લાગતું સપનું જોયું હતું. તે માત્ર ટેકનોલોજી જ નહોતી, તે એક વિચાર હતો કે દરેક નાગરિક, ભલે તે ગમે ત્યાં હોય, ટેકનોલોજી સાથે જોડાઈને સશક્ત બની શકે છે. આજે ડિજિટલ ઈન્ડિયા એ એક ચળવળ છે જે ભારતને વિચારથી લઈને વ્યવસ્થા સુધી, ગ્રામીણથી લઈને વૈશ્વિક સુધી નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યું છે....

દસ વર્ષ પહેલાં, અમે ખૂબ જ વિશ્વાસ અને પ્રતીતિ સાથે અજ્ઞાત પ્રદેશમાં એક સાહસિક યાત્રા શરૂ કરી હતી. ભારતીયોની ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ક્ષમતા પર શંકા કરવામાં જ્યારે દાયકાઓ પસાર થયા હતા, ત્યારે અમે આ અભિગમને બદલ્યો અને ભારતીયોની ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ક્ષમતા પર વિશ્વાસ કર્યો. જ્યારે દાયકાઓ એ વિચારવામાં વીતી ગયા હતા કે ટેકનોલોજીનો ઉપયોગ સંપન્ન અને વંચિત વચ્ચેનું અંતર વધારશે, ત્યારે અમે આ માનસિકતામાં ફેરફાર કર્યો અને જેમની પાસે છે અને જેમની પાસે નથી એમના વચ્ચેનું અંતર દૂર કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો.

જ્યારે ઈરાદો સાચો હોય છે, ત્યારે નવીનતા ઓછા સશક્ત લોકોને સશક્ત બનાવે છે. જ્યારે અભિગમ સર્વસમાવેશક હોય છે, ત્યારે ટેકનોલોજી હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોનાં જીવનમાં પરિવર્તન લાવે છે. આ માન્યતાએ ડિજિટલ ઈન્ડિયાનો પાયો નાંખ્યોઃ સુલભતાનું લોકશાહીકરણ, માળખાગત સુવિધાઓમાં સર્વસમાવેશક ડિજિટલનું નિર્માણ અને બધા માટે તકો.



**ડીબીટી દ્વારા 44 લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા, વચેટિયાઓને હટાવાયા, 3.48 લાખ કરોડ રૂપિયાનું લિકેજ અટકાવાયું**

2014માં ઈન્ટરનેટની પહોંચ મર્યાદિત હતી, ડિજિટલ સાક્ષરતા ઓછી હતી અને સરકારી સેવાઓની ઓનલાઈન પહોંચ ખૂબ જ ઓછી હતી. ઘણા લોકોને શંકા હતી કે શું ભારત જેવો વિશાળ અને વૈવિધ્યસભર દેશ ખરેખર ડિજિટલ બની શકે છે.આજે તે સવાલનો જવાબ માત્ર ડેટા અને ડેશબોર્ડમાં જ નહીં, પરંતુ 140 કરોડ ભારતીયોનાં જીવનમાં પણ મળ્યો છે. આપણે કેવી રીતે શાસન કરીએ છીએ, કેવી રીતે શીખીએ છીએ, વ્યવહાર કરીએ છીએ અને નિર્માણ કરીએ છીએ થી માંડીને ડિજિટલ ઈન્ડિયા દરેક જગ્યાએ છે.

## ડિજિટલ વિભાજનને જોડવું

વર્ષ 2014માં ભારતમાં આશરે 25 કરોડ ઈન્ટરનેટ જોડાણો હતાં. આજે તે સંખ્યા વધીને 97 કરોડથી વધુ થઈ ગઈ છે. 42 લાખ કિલોમીટરથી વધુ ઓપ્ટિકલ ફાઈબર કેબલ પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનાં અંતરના 11 ગણા અંતરની સમકક્ષ છે, જે હવે સૌથી દૂરનાં ગામડાંઓને પણ જોડે છે.ભારતનું 5G રોલઆઉટ વિશ્વમાં સૌથી ઝડપી છે, જેમાં માત્ર બે વર્ષમાં 4.81 લાખ બેઝ સ્ટેશન સ્થાપિત કરવામાં આવ્યાં છે. હાઈ-સ્પીડ ઈન્ટરનેટ હવે શહેરી કેન્દ્રો અને ગલવાન, સિયાચીન અને લદ્દાખ સહિતની અગ્ર હરોળની લશ્કરી ચોકીઓ સુધી એકસરખું પહોંચે છે.

ઈન્ડિયા સ્ટેક, જે આપણી ડિજિટલ કરોડરજ્જુ છે, તેણે યુપીઆઈ જેવાં પ્લેટફોર્મને સક્ષમ બનાવ્યાં છે, જે હવે એક વર્ષમાં 100+ અબજ વ્યવહારોનું સંચાલન કરે છે.તમામ રિઅલ ટાઈમના ડિજિટલ વ્યવહારોમાંથી લગભગ અડધા ભારતમાં થાય છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા રૂ. 44 લાખ કરોડથી વધુની રકમ સીધી નાગરિકોને ટ્રાન્સફર કરવામાં આવી છે, જેનાથી વચેટિયાઓ દૂર થયા છે અને લિકેજમાં રૂ. 3.48લાખ કરોડની બચત થઈ છે.

સ્વામિત્વ જેવી યોજનાઓએ વર્ષોની જમીન સંબંધિત અનિશ્ચિતતાનો અંત લાવીને 2.4 કરોડથી વધુ સંપત્તિ કાર્ડ જારી કર્યા છે અને 6.57 લાખ ગામડાંઓના નકશા તૈયાર કર્યા છે.

## બધા માટે તકનું લોકશાહીકરણ

ભારતનું ડિજિટલ અર્થતંત્ર એમએસએમઈ અને નાના ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવી રહ્યું છે, જે અગાઉ ક્યારેય નહોતું. ઓ.એન.ડી.સી. (ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ) એક ક્રાંતિકારી મંચ છે જે ખરીદદારો અને વિક્રેતાઓનાં વિશાળ બજાર સાથે સીમલેસ જોડાણ પ્રદાન કરીને તકોની નવી બારી ખોલે છે.જીઈએમ (સરકારી ઈ-માર્કેટપ્લેસ) સામાન્ય માણસને સરકારના તમામ વિભાગોને માલ અને સેવાઓ વેચવા માટે સક્ષમ બનાવે છે. આ માત્ર સામાન્ય માણસને વિશાળ બજાર સાથે સશક્ત

બનાવે છે એટલું જ નહીં, પરંતુ સરકાર માટે નાણાંની બચત પણ કરે છે.

આની કલ્પના કરોઃ તમે મુદ્રા લોન માટે ઓનલાઈન અરજી કરો છો. તમારી ધિરાણપાત્રતાનું મૂલ્યાંકન એકાઉન્ટ એગ્રીગેટર માળખા દ્વારા કરવામાં આવે છે.

તમે તમારી લોન મેળવો છો અને તમારું સાહસ શરૂ કરો છો. તમે જીઇએમ પર નોંધણી કરો છો, શાળાઓ અને હૉસ્પિટલોને પુરવઠો પૂરો પાડો છો અને પછી ઓએનડીસી દ્વારા વિસ્તરણ કરો છો. ઓ.એન.ડી.સી.એ તાજેતરમાં 200 મિલિયન વ્યવહારો પાર કર્યા છે, જેમાં છેલ્લા 10 કરોડ વ્યવહારો માત્ર છ મહિનામાં થયા છે.

બનારસી વણકરોથી માંડીને નાગાલેન્ડમાં વાંસના કારીગરો સુધી, વિક્રેતાઓ હવે વચેટિયાઓ અથવા ડિજિટલ એકાધિકાર વિના દેશભરમાં ગ્રાહકો સુધી પહોંચી રહ્યા છે. જીઇએમએ 50 દિવસમાં રૂ. 1 લાખ કરોડ જી.એમ.વી.નો આંકડો પણ વટાવી દીધો છે, જેમાં 1.8 લાખથી વધુ મહિલા સંચાલિત એમએસએમઈ સહિત 22 લાખ વિક્રેતાઓએ રૂ. 46,000 કરોડના ઓર્ડર પૂરા કર્યા છે.

## ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ ભારતની વૈશ્વિક રજૂઆત

આધાર, કોવિન, ડિજિલોકર અને ફાસ્ટેગથી લઈને પીએમ-વાણી અને વન નેશન વન સબ્સ્ક્રિપ્શન સુધીનાં ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI)નો હવે અભ્યાસ કરવામાં આવે છે અને તેને વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવે છે. કોવિને 220 કરોડ ક્યુ.આર.-ચકાસી શકાય તેવાં પ્રમાણપત્રો જારી કરીને વિશ્વની સૌથી મોટી રસીકરણ ઝુંબેશને સક્ષમ બનાવી.54 કરોડ વપરાશકર્તાઓ સાથે ડિજિલોકર 775 કરોડથી વધુ દસ્તાવેજોને સુરક્ષિત અને અખંડિત રીતે હોસ્ટ કરે છે. આપણાં G20 પ્રમુખપદ દ્વારા, ભારતે ગ્લોબલ ડીપીઆઈ રીપોઝીટરી અને 25 મિલિયન ડૉલરનું સોશિયલ ઈમ્પેક્ટ ફંડ શરૂ કર્યું છે, જે આફ્રિકા અને દક્ષિણ એશિયાના રાષ્ટ્રોને સમાવેશી ડિજિટલ ઈકોસિસ્ટમ્સને અપનાવવામાં મદદ કરે છે.

## સ્ટાર્ટઅપ પાવરનું આત્મનિર્ભર ભારત સાથે મિલન

ભારત હવે 1.8 લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વના ટોચના 3 સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ્સમાં સ્થાન ધરાવે છે. પરંતુ આ એક સ્ટાર્ટઅપ ચળવળ કરતાં વધુ છે, તે એક તકનીકી પુનર્જાગરણ છે. જ્યારે આપણા યુવાનોમાં એ.આઈ. કૌશલ્ય પ્રવેશ અને એ.આઈ. પ્રતિભાની એકાગ્રતાની વાત આવે છે ત્યારે ભારત ખૂબ જ સારું કરી રહ્યું છે.1. 2 અબજ ડૉલરનાં ભારત એ.આઈ. મિશન દ્વારા, ભારતે 34,000 જી.પી.યુ.ની પહોંચ વૈશ્વિક સ્તરે ક્યાંય મેળ ન ખાતી કિંમત એવી 1ડૉલર/જી.પી.યુ. કલાકથી ઓછી કિંમતે સક્ષમ કરી છે, જે ભારતને માત્ર સૌથી સસ્તું ઈન્ટરનેટ અર્થતંત્ર જ નહીં, પણ સૌથી સસ્તું કમ્પ્યુટ સ્થળ પણ બનાવે છે. ભારતે એઆઈનો ઉપયોગ માનવતા



માટે પ્રથમ કરવાની હિમાયત કરી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર નવી દિલ્હી ઘોષણા જવાબદારી સાથે નવીનતાને પ્રોત્સાહન આપે છે. અમે દેશભરમાં એ.આઈ. ઉત્કૃષ્ટતા કેન્દ્રો સ્થાપિત કરી રહ્યા છીએ.

## આગળનો માર્ગ

આગામી દાયકો વધુ પરિવર્તનકારી હશે. અમે ડિજિટલ શાસનથી વૈશ્વિક ડિજિટલ નેતૃત્વ તરફ આગળ વધી રહ્યા છીએ, ભારત-પ્રથમથી ભારત-વિશ્વમાટે- તરફ. ડિજિટલ ઈન્ડિયા માત્ર સરકારી કાર્યક્રમ જ નથી રહ્યો, તે એક જન આંદોલન બની ગયું છે. તે આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવા અને ભારતને વિશ્વ માટેનું એક વિશ્વસનીય નવીનતા ભાગીદાર બનાવવા માટે કેન્દ્રમાં છે.

તમામ સંશોધકો, ઉદ્યોગસાહસિકો અને સ્વપ્નદ્રષ્ટાઓ માટેઃ વિશ્વ આગામી ડિજિટલ સફળતા માટે ભારત તરફ મીટ માંડી રહ્યું છે.

**ચાલો આપણે જે સશક્ત બનાવે છે તેનું નિર્માણ કરીએ.**
**ચાલો આપણે જે ખરેખર મહત્વનું છે તે ઉકેલીએ.**
**ચાલો આપણે એવી ટેકનોલોજી સાથે આગળ વધીએ જે એકીકૃત કરે છે, સમાવેશ કરે છે અને ઉત્થાન કરે છે.** ■

# 41 વર્ષના અંતરાલ પછી અવકાશમાં એક ભારતીય



**ભારતની અવકાશ યાત્રાની શરૂઆત કેરળના થુંબાનાં એક ગામમાંથી રોકેટ પ્રક્ષેપણ સાથે થઈ હતી. તે સમયે ભાગ્યે જ કોઈએ વિચાર્યું હશે કે એક દિવસ દેશ આટલી અદ્ભૂત સફળતા હાંસલ કરી શકશે, જે તે સમયે અકલ્પનીય હતી. સફળતાની આ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન 1984માં આવ્યું હતું, જ્યારે વિંગ કમાન્ડર રાકેશ શર્માએ સોવિયેત યુનિયનના સોયુઝ ટી-11 મિશન સાથે અવકાશમાં કદમ મૂક્યાં. હવે, 41 વર્ષ પછી, 140 કરોડ ભારતીયોના સ્વપ્નને પૂર્ણ કરીને, ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ શુકલાએ એક્સિઓમ-4 મિશન સાથે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન પર પગ મૂકીને એક નવો ઈતિહાસ રચ્યો...**

ભારતની પ્રથમ સ્વદેશી માનવ અવકાશ ઉડાન ગગનયાનના થોડા સમય પહેલા, ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ શુક્લા 26 જૂને એક્સિઓમ-4 મિશન સાથે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પગ મૂકનાર પ્રથમ ભારતીય બન્યા હતા. આ મિશન 25 જૂનના રોજ ભારતીય સમય અનુસાર બપોરે યુએસએના ફ્લોરિડામાં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી લૉન્ચ કરવામાં આવ્યું હતું. તમામ અવકાશયાત્રીઓએ સ્પેસએક્સના ફાલ્કન-9 રોકેટ સાથે જોડાયેલા ડ્રેગન કેપ્સ્યૂલમાં ઉડાન ભરી હતી. આ અવકાશયાન લગભગ 28.5 કલાક પછી 26 જૂનના રોજ સાંજે 4.30 વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે જોડાયું હતું. એક્સિઓમ મિશન-4 (એએક્સ-4) એક ખાનગી અવકાશ મિશન છે જે નાસા, ઈસરો અને સ્પેસએક્સના સહયોગથી હાથ ધરવામાં આવી રહ્યું છે.

ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ તેના મિશન પાયલોટ છે. ઈસરોના જણાવ્યા અનુસાર, શુભાંશુનો આ અનુભવ ભારતના ગગનયાન મિશનમાં ઉપયોગી થશે. તે ભારતનું પ્રથમ માનવ અવકાશ મિશન છે, જેનો ઉદ્દેશ ભારતીય અવકાશયાત્રીઓને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને તેમને સુરક્ષિત રીતે પાછા લાવવાનો છે. તેમની સાથે, નાસાના ભૂતપૂર્વ અવકાશયાત્રી અને અમેરિકાના મિશન કમાન્ડર પેગી વ્હિટસન, પોલેન્ડના સ્લોળ્ઝ ઉઝનાસ્ક અને હંગેરીના ટિબોર કાપુ પણ આ મિશનનો ભાગ બન્યા હતા. મિશન લૉન્ચ થતાંની સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવ્યા અને કહ્યું કે ભારતીય અવકાશયાત્રી ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ શુક્લા 1.4 અબજ ભારતીયોની શુભેચ્છાઓ, આશાઓ અને આકાંક્ષાઓ સાથે આ મિશન પર છે.







## ખભે તિરંગા સાથે શુભાંશુ અવકાશમાં પહોંચ્યા, કહ્યું-આ ભારતના માનવ અવકાશ કાર્યક્રમની શરૂઆત છે

એક્સિઓમ-4 મિશનમાં ગ્રૂપ કૅપ્ટન શુભાંશુએ પોતાના ખભા પર ત્રિરંગો લગાવ્યો હતો. ઉડાન ભર્યા પછી, ડ્રેગન અવકાશયાનમાંથી હિન્દીમાં સંદેશ આપતા તેમણે કહ્યું, નમસ્તે પ્રિય દેશવાસીઓ, તે એક અદ્ભૂત સવારી હતી. મારા ખભા પરનો તિરંગો મને કહે છે કે હું આપ સૌની સાથે છું. આ ભારતના માનવ અવકાશ કાર્યક્રમની શરૂઆત છે. હું ઈચ્છું છું કે તમે બધા તેનો ભાગ બનો. તમારી છાતી પણ ગર્વથી ફૂલી જવી જોઈએ. જય હિંદ, જય ભારત.

### ગગનયાનનો માર્ગ ખુલશે

મીડિયા અહેવાલો અનુસાર, ભારતે એક્સિઓમ મિશન પર 500 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યો છે. આ મિશન ભારતનાં પ્રથમ માનવ અવકાશ મિશન ગગનયાન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ આ માટે પસંદ કરાયેલા ચાર અવકાશયાત્રીઓમાંથી એક છે. આ મિશનની સફળતા સાથે ભારત અમેરિકા, રશિયા અને ચીન પછી ચોથો દેશ બનશે. આ મિશન પર શુભાંશુને મોકલવા એ ભારતની યોજનાનો એક ભાગ છે.



પીએમ મોદીએ જાતે ગ્રૂપ કૅપ્ટન શુભાંશુને ગગનયાન મિશન ટીમમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા



ગ્રૂપ કૅપ્ટન શુભાંશુના પિતા શંભુ દયાલ શુક્લા, માતા આશા શુક્લા અને બહેન નિધિ શુક્લા એક્સિઓમ-4 મિશનનાં પ્રક્ષેપણને જીવંત જોઈ રહ્યાં હતાં. હર્ષના અશ્રુ વહેતા હતા, ત્રિરંગો લહેરાતો હતો.

### અવકાશમાં ભારતના પ્રયોગો માટે નવી દિશા

મિશનના સંશોધન પોર્ટફોલિયોમાં 30 દેશો સાથે સંબંધિત લગભગ 60 વૈજ્ઞાનિક અભ્યાસો અને પ્રયોગોનો સમાવેશ થાય છે. અણુ ઊર્જા અને અવકાશ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડૉ. જીતેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર, ગ્રૂપ કૅપ્ટન શુક્લા પોતાની સાથે સ્વદેશી પ્રયોગ કિટ્સ લઈ ગયા છે, જે આઈઆઈટી, આઈઆઈએસસી અને બાયોટેક્નોલોજી વિભાગ (ડીબીટી) જેવી અગ્રણી ભારતીય સંસ્થાઓ દ્વારા વિકસાવવામાં આવી છે. આ કિટ્સની મદદથી, આ મિશનમાં શુભાંશુના ભાગે અવકાશમાં ખેતી, શેવાળ, મુશ્કેલ પરિસ્થિતિઓમાં અશ્મિભૂત સંરક્ષણ, શૂન્ય ગુરુત્વાકર્ષણમાં અવકાશયાત્રીઓની સ્નાયુઓની નબળાઈ, આંખો પરની અસર, યુરિયા અને નાઈટ્રેટમાં સાયનોબેક્ટેરિયાનો ઉપયોગ અને વિવિધ પાકોની ગુણવત્તા સંબંધિત પ્રયોગો હાથ ધરવાના છે. શુભાંશુ શુક્લા દ્વારા હાથ ધરવામાં આવનાર તમામ પ્રયોગો ભારતીય સંસ્થાઓ દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યા છે. આ પ્રયોગોમાંથી મળેલાં પરિણામો શેષ વિશ્વ સાથે વહેંચવામાં આવશે.

# ભારત અવકાશમાં નવો ઈતિહાસ રચવાના માર્ગે

**"જ્યારે ભારતીય રોકેટ અવકાશમાં જાય છે, ત્યારે તે તેની સાથે માત્ર પેલોડ જ નહીં પરંતુ 140 કરોડ દેશવાસીઓનાં સપના પણ સાથે લઈ જાય છે".**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ શબ્દો અવકાશ વિકાસ કાર્યક્રમ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, જેને 2014માં નવી ગતિ મળી હતી. ભારતે રિક્ષાની મુસાફરી કરતાં પણ ઓછા ખર્ચે મંગળ પર પહોંચીને નવો ઈતિહાસ રચ્યો અને ચંદ્રયાન-3 સાથે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ દેશ પણ બન્યો.

- છેલ્લાં દસ વર્ષ દરમિયાન જાન્યુઆરી 2015થી ડિસેમ્બર 2024 સુધી કુલ 393 વિદેશી ઉપગ્રહો અને 3 ભારતીય ગ્રાહક ઉપગ્રહો ઈસરોના પી.એસ.એલ.વી., એલ.વી.એમ. 3 અને એસ.એસ.એલ.વી. પ્રક્ષેપણ વાહનો પર વ્યાવસાયિક ધોરણે પ્રક્ષેપિત કરવામાં આવ્યા છે.
- ભારતે વર્ષ 2014થી અત્યાર સુધીમાં 34 દેશોના ઉપગ્રહો પ્રક્ષેપિત કર્યા છે, જેમાં અમેરિકા (232), બ્રિટન (83), સિંગાપોર (19), કેનેડા (8), કોરિયા (5), લક્ઝમબર્ગ (4), ઈટાલી (4), જર્મની (3), બેલ્જિયમ (3), ફિનલેન્ડ (3), ફ્રાન્સ (3), સ્વિટ્ઝર્લેન્ડ (2), નેધરલેન્ડ (2), જાપાન (2), ઈઝરાયેલ (2), સ્પેન (2), ઓસ્ટ્રેલિયા (1), સંયુક્ત આરબ અમીરાત (1), ઑસ્ટ્રિયા (1) અને અન્ય (8) સામેલ છે.
- 15 ફેબ્રુઆરી, 2017ના રોજ ઈસરોએ એક જ મિશનમાં 104 ઉપગ્રહો પ્રક્ષેપિત કર્યા હતા, જે એક વિશ્વ વિક્રમ છે, જે આજદિન સુધી તૂટ્યો નથી.
- ભારતે ફેબ્રુઆરી 2017માં આદિત્ય એલ-1 સાથે પોતાનું પ્રથમ સૌર મિશન શરૂ કર્યું હતું.
- ભારતના લક્ષ્યમાં વર્ષ 2035 સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન (બીએએસ)ની સ્થાપના અને 2040 સુધીમાં ભારતીય ક્રૂ સાથે ચંદ્ર પર ઉતરાણનો સમાવેશ થાય છે.



## ભારતની પ્રથમ સ્વદેશી માનવ અવકાશ ઉડાન

ગગનયાન કાર્યક્રમને આશરે 20,193 કરોડ રૂપિયાના નાણાકીય ખર્ચ સાથે મંજૂરી આપવામાં આવી છે. ભારતની પ્રથમ સ્વદેશી માનવ અવકાશ ઉડાન પહેલ. તેનો ઉદ્દેશ ભારતીય અવકાશયાત્રીઓને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષા (એલ.ઈ.ઓ.)માં મોકલવાનો છે, જે વધુ અદ્યતન મિશનોનો પાયો નાખશે. આ મિશન માટે ભારતીય વાયુસેનાના ચાર પાયલોટની પસંદગી કરવામાં આવી છે. તેમાં ગ્રૂપ કૅપ્ટન પી. બી. નાયર, ગ્રૂપ કૅપ્ટન અજીત કૃષ્ણન, ગ્રૂપ કૅપ્ટન અંગદ પ્રતાપ અને ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ શુક્લાનો સમાવેશ થાય છે. જો બધું બરાબર રહ્યું તો ભારતની આ પ્રથમ માનવ અવકાશ ઉડાન 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં લૉન્ચ કરવામાં આવશે.

### સુધારાઓએ અવકાશ યાત્રાને મજબૂત બનાવી

2014 પછી અવકાશ ક્ષેત્રમાં શરૂ થયેલા સુધારાઓએ ભારતને અવકાશમાં એક મજબૂત ખેલાડી તરીકે સ્થાપિત કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ અંતર્ગત અંતરિક્ષ ક્ષેત્રમાં 100 ટકા સીધા વિદેશી રોકાણનો માર્ગ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ભારતના અવકાશ કાર્યક્રમનું બજેટ વર્ષ 2013-14ની સરખામણીમાં 2025-26 સુધીમાં ત્રણ ગણું વધારવામાં આવ્યું હતું. 2020માં, IN-SPACeની સ્થાપના સાથે, અવકાશ ક્ષેત્ર ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું, અને ભારતના ભવિષ્યનાં લક્ષ્યો ભારતીય અવકાશ નીતિ 2023 સાથે નક્કી કરવામાં આવ્યાં હતાં. આનાથી નવીનતા માટે એક નવો માર્ગ બન્યો. આનાં પરિણામે, તાજેતરનાં વર્ષોમાં 328થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ ઉભરી આવ્યા છે.

ભારતનો અવકાશ કાર્યક્રમ એક ઐતિહાસિક વળાંક પર છે જ્યાં તે માત્ર સંશોધનને બદલે નેતૃત્વનાં મિશનમાં ફેરવાઈ રહ્યો છે. એક્સિઓમ-4 મિશન આ યાત્રાનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે ભારતની ઉભરતી ક્ષમતાઓ અને અવકાશ વિજ્ઞાનમાં વૈશ્વિક સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. ■





## શુભાંશુએ પીએમ મોદીને કહ્યું

# ભારત અવકાશમાંથી ભવ્ય લાગે છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે ગ્રૂપ કૅપ્ટન શુભાંશુ સાથે એક્સિઓમ-4 મિશન વિશે સીધી વાત કરી હતી, આ મિશન અવકાશમાં ભારતની વૈજ્ઞાનિક ક્ષમતા અને વૈશ્વિક અવકાશ સંશોધનમાં તેની મજબૂત ભાગીદારીનું નવું પ્રતીક બની ગયું છે. 28 જૂનના રોજ યોજાયેલી આ વાતચીતમાં પીએમ મોદીએ શુભાંશુને અભિનંદન આપ્યા હતા અને એમ પણ કહ્યું હતું કે આજે તમે માતૃભૂમિથી, ભારતની ભૂમિથી દૂર છો, પરંતુ તમે ભારતીયોનાં હૃદયની સૌથી નજીક છો. શુભાંશુએ અવકાશમાંથી ભારતને જોવાનો પોતાનો અનુભવ પણ શેર કર્યો હતો. અહીં આ વાતચીતના સંપાદિત અંશો પ્રસ્તુત છે...

**પ્રધાનમંત્રીઃ તમારા નામમાં શુભ છે, અને તમારી યાત્રા પણ એક નવા યુગની શરૂઆત પણ છે. આ સમયે આપણે બંને વાત કરી રહ્યા છીએ, પરંતુ 140 કરોડ ભારતીયોની લાગણીઓ પણ મારી સાથે છે. હું તમને અવકાશમાં ભારતનો ધ્વજ ફરકાવવા બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. હું વધારે સમય નથી લેતો, તેથી સૌથી પહેલા મને કહો, શું ત્યાં બધું બરાબર છે? તમારી તબિયત સારી છે?**

**શુભાંશુ શુક્લાઃ** હા, પ્રધાનમંત્રીજી! આપની શુભકામના અને 140 કરોડ દેશવાસીઓની શુભેચ્છાઓ માટે તમારો ખૂબ ખૂબ આભાર. હું અહીં સંપૂર્ણપણે સ્વસ્થ અને સુરક્ષિત છું. તમારા આશીર્વાદ અને પ્રેમને કારણે... હું ખૂબ સારું અનુભવી રહ્યો છું. આ એક ખૂબ જ નવો અનુભવ છે. જ્યારે હું નાનો હતો, ત્યારે હું ક્યારેય કલ્પના પણ ન કરી શક્યો કે હું અવકાશયાત્રી બની શકું છું. પણ હું માનું છું કે તમારા નેતૃત્વમાં આજનું ભારત આ તક પૂરી પાડે છે અને તે સપનાઓને સાકાર કરવાની તક પણ આપે છે. તેથી, આ મારા માટે એક મોટી સિદ્ધિ છે અને મને ખૂબ ગર્વ છે કે હું અહીં મારા દેશનું પ્રતિનિધિત્વ કરી શકું છું.

**પ્રધાનમંત્રીઃ સારું, અવકાશની વિશાળતા જોયા પછી તમારા મનમાં પહેલો વિચાર શું આવ્યો?**

**શુભાંશુ શુક્લાઃ** ખરું કહું તો, પ્રધાનમંત્રીજી, જ્યારે અમે પ્રથમ વખત ભ્રમણકક્ષામાં પહોંચ્યા, અવકાશમાં પહોંચ્યા, ત્યારે પ્રથમ દૃશ્ય પૃથ્વીનું હતું અને બહારથી પૃથ્વીને જોયા પછી પ્રથમ વિચાર મનમાં આવ્યો કે પૃથ્વી સંપૂર્ણપણે એકસમાન દેખાય છે, મારો મતલબ કોઈ સીમા રેખા નથી, બહારથી કોઈ સીમા દેખાતી નથી. ભારત ખરેખર ખૂબ જ ભવ્ય લાગે છે, તે આપણે નકશા પર જે જોઈએ છીએ તેના કરતાં પણ ખૂબ મોટું લાગે છે અને એકતાની લાગણી, પૃથ્વીની એકતાની લાગણી, જે આપણું સૂત્ર પણ છે કે વિવિધતામાં એકતા, તેનું મહત્વ જ્યારે બહારથી જોવામાં આવે ત્યારે એવું લાગે છે કે કોઈ સરહદ અસ્તિત્વમાં નથી, કોઈ રાજ્ય અસ્તિત્વમાં નથી, કોઈ દેશ અસ્તિત્વમાં નથી, આખરે તો આપણે બધા માનવતાનો એક ભાગ છીએ અને પૃથ્વી આપણું ઘર છે અને આપણે બધા તેના નાગરિકો છીએ.

**પ્રધાનમંત્રી: શુભ, તમે અવકાશમાં છો, જ્યાં ગુરુત્વાકર્ષણ કંઈ જ નથી, પરંતુ દરેક ભારતીય જોઈ રહ્યો છે કે તમે કેટલા ડાઉન-ટુ-અર્થ છો. શું તમે તમારી સાથે લાવેલો ગાજરનો હલવો તમારા મિત્રોને ખવડાવ્યો?**

**શુભાંશુ શુક્લા:** હા, પ્રધાનમંત્રીજી! હું મારા દેશમાંથી કેટલીક ખાદ્ય ચીજો લાવ્યો હતો, જેમ કે ગાજરનો હલવો, મગની દાળનો હલવો અને આમ રસ અને હું ઈચ્છતો હતો કે અન્ય દેશોમાંથી આવેલા મારા અન્ય મિત્રો પણ તેનો સ્વાદ માણે અને ભારતના સમૃદ્ધ રાંધણ વારસાનો અનુભવ કરે. તેથી, અમે બધા સાથે બેઠા અને તેનો સ્વાદ માણ્યો, અને દરેકને તે ખૂબ ભાવ્યું.

**પ્રધાનમંત્રી: શુભ, પરિક્રમા એ ભારતની સદીઓ જૂની પરંપરા છે. તમને ધરતી માતાની પરિક્રમા કરવાનું સૌભાગ્ય મળ્યું છે. અત્યારે તમે પૃથ્વીના કયા ભાગમાંથી પસાર થશો?**

**શુભાંશુ શુક્લા:** હા, પ્રધાનમંત્રીજી! મારી પાસે અત્યારે તે માહિતી નથી, પરંતુ થોડા સમય પહેલા હું બારીની બહાર જોઈ રહ્યો હતો, અમે હવાઈ પરથી પસાર થઈ રહ્યા હતા, અને અમે દિવસમાં 16 વખત પરિભ્રમણ કરીએ છીએ. અમે ભ્રમણકક્ષામાંથી 16 સૂર્યોદય અને 16 સૂર્યાસ્ત જોઈએ છીએ અને આ આખી પ્રક્રિયા ખૂબ જ આશ્ચર્યજનક છે. આ ભ્રમણકક્ષામાં, આ ઝડપી ગતિએ અમે લગભગ 28000 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યા છીએ.

**પ્રધાનમંત્રી: શુભાંશુ, તમે ખૂબ મહેનત કરી છે. તમે લાંબી તાલીમમાંથી પસાર થયા છો. હવે તમે વાસ્તવિક પરિસ્થિતિમાં છો, તમે ખરેખર અવકાશમાં છો, ત્યાં પરિસ્થિતિઓ કેટલી અલગ છે? તમે કેવી રીતે અનુકૂલન કરી રહ્યા છો?**

**શુભાંશુ શુક્લા:** અહીં બધું અલગ છે પ્રધાનમંત્રીજી, અમે છેલ્લાં એક વર્ષથી તાલીમ લીધી, હું બધી પ્રણાલીઓ વિશે જાણતો હતો, હું બધી પ્રક્રિયાઓ વિશે જાણતો હતો, હું પ્રયોગો વિશે જાણતો હતો. પણ જેવો હું અહીં આવ્યો, અચાનક બધું બદલાઈ ગયું, કારણ કે આપણું શરીર ગુરુત્વાકર્ષણમાં જીવવા માટે એટલું ટેવાયું છે કે બધું તેના દ્વારા નક્કી થાય છે, પરંતુ અહીં આવ્યા પછી, કારણ કે ગુરુત્વાકર્ષણ સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણ છે અને ગેરહાજર છે, નાની વસ્તુઓ પણ ખૂબ મુશ્કેલ બની જાય છે. અત્યારે, તમારી સાથે વાત કરતી વખતે, મેં મારા પગ બાંધી દીધા છે, નહીં તો હું ઉપર જઈશ અને માઈક પણ, આ નાની નાની બાબતો છે, એટલે કે, જો હું તેને આ રીતે છોડી દઉં તો પણ તે આ રીતે તરતું રહે છે. પીવાનું પાણી, ચાલવું, સૂવું એ એક મોટો પડકાર છે, તમે છત પર સૂઈ શકો છો, તમે દિવાલો પર સૂઈ શકો છો, તમે તળિયા પર સૂઈ શકો છો. તાલીમ સારી છે, પરંતુ વાતાવરણ બદલાય છે, તેથી તેની આદત પડવામાં એક કે બે દિવસ લાગે છે.

**પ્રધાનમંત્રી: ભારતની તાકાત વિજ્ઞાન અને આધ્યાત્મિકતા બંનેમાં છે. તમે અંતરિક્ષ યાત્રા પર છો, પરંતુ ભારતની યાત્રા પણ ચાલી રહી હોવી જોઈએ. ભારત તમારી અંદર ચાલી જ રહ્યું હશે. શું તમને તે વાતાવરણમાં ધ્યાન અને માઈન્ડફુલનેસનો લાભ મળે છે?**

**શુભાંશુ શુક્લા:** હા, પ્રધાનમંત્રીજી, હું સંપૂર્ણપણે સહમત છું. હું માનું છું કે ભારત પહેલેથી જ દોડી રહ્યું છે અને આ મિશન તે મોટી દોડનું માત્ર પહેલું પગલું છે અને આપણે ચોક્કસપણે આગળ વધી રહ્યા છીએ અને અંતરિક્ષમાં આપણું પોતાનું સ્ટેશન હશે અને ઘણા લોકો ત્યાં પહોંચશે અને માઈન્ડફુલનેસ પણ ઘણો ફરક પાડે છે. સામાન્ય તાલીમ દરમિયાન અથવા પ્રક્ષેપણ દરમિયાન પણ ઘણી પરિસ્થિતિઓ હોય છે, જે ખૂબ જ તણાવપૂર્ણ હોય છે અને માઈન્ડફુલનેસ સાથે તમે તે પરિસ્થિતિઓમાં પોતાને શાંત રાખી શકો છો અને જો તમે તમારી જાતને શાંત રાખો છો, તો તમે સારા નિર્ણયો લઈ શકો છો.

**પ્રધાનમંત્રી: તમે અવકાશમાં ઘણા પ્રયોગો કરી રહ્યા છો. શું એવો કોઈ પ્રયોગ છે જેનાથી ભવિષ્યમાં કૃષિ અથવા આરોગ્ય ક્ષેત્રને ફાયદો થશે?**

**શુભાંશુ શુક્લા:** હા, પ્રધાનમંત્રીજી, હું ખૂબ ગર્વ સાથે કહી શકું છું કે પ્રથમ વખત ભારતીય વૈજ્ઞાનિકોએ 7 અનોખા પ્રયોગો તૈયાર કર્યા છે, જે હું મારી સાથે સ્ટેશન પર લાવ્યો છું અને પ્રથમ પ્રયોગ જે હું કરવા જઈ રહ્યો છું, તે સ્ટેમ સેલ પર છે. આ સાથે, બીજો પ્રયોગ સૂક્ષ્મ શેવાળની વૃદ્ધિ પર છે. આ સૂક્ષ્મ શેવાળ ખૂબ જ નાની પરંતુ ખૂબ જ પૌષ્ટિક હોય છે.

**પ્રધાનમંત્રી: શુભાંશુ, ચંદ્રયાનની સફળતા પછી દેશનાં બાળકો અને યુવાનોમાં વિજ્ઞાનમાં નવી રુચિ પેદા થઈ, અવકાશમાં અન્વેષણ કરવાનો જુસ્સો વધ્યો. હવે તમારી આ ઐતિહાસિક યાત્રા તે સંકલ્પને વધુ મજબૂત કરી રહી છે. આજે બાળકો માત્ર આકાશ તરફ જોતા નથી, તેઓ વિચારે છે કે હું પણ ત્યાં પહોંચી શકું છું. આ વિચાર, આ લાગણી આપણાં ભવિષ્યનાં અંતરિક્ષ મિશનનો વાસ્તવિક પાયો છે. તમે ભારતની યુવા પેઢીને શું સંદેશ આપશો?**

**શુભાંશુ શુક્લા:** સૌથી પહેલા તો હું તમને કહીશ કે ભારત જે દિશામાં આગળ વધી રહ્યું છે, આપણે ખૂબ જ સાહસિક અને ખૂબ જ ઊંચાં સપના જોયાં છે અને તે સપનાઓને પૂરાં કરવા માટે આપણને આપ



સૌની જરૂર છે, તેથી તે જરૂરિયાતને પૂર્ણ કરવા માટે હું કહીશ કે સફળતાનો કોઈ એક રસ્તો નથી કે ક્યારેક તમે એક રસ્તો લો, ક્યારેક કોઈ બીજો રસ્તો લે, પરંતુ દરેક માર્ગમાં એક વસ્તુ સામાન્ય છે કે તમારે ક્યારેય પ્રયાસ કરવાનું ન છોડવું જોઈએ, ક્યારેય પ્રયાસ કરવાનું બંધ ન કરવું જોઈએ. જો તમે આ મૂળભૂત મંત્ર અપનાવશો પછી તમે ગમે તે માર્ગ પર હોવ, તમે ક્યાંય પણ હોવ, પરંતુ તમે ક્યારેય હાર નહીં માનો, તો સફળતા આજે અથવા કાલે આવી શકે છે, પરંતુ તે ચોક્કસપણે આવશે.

**પ્રધાનમંત્રીઃ મને ખાતરી છે કે દેશના યુવાનોને તમારા આ શબ્દો ગમશે. જ્યારે પણ હું કોઈની સાથે વાત કરું છું, ત્યારે હું હંમેશા તેમને હોમવર્ક આપું છું. આપણે મિશન ગગનયાનને આગળ વધારવાનું છે, આપણું પોતાનું સ્પેસ સ્ટેશન બનાવવાનું છે, અને ભારતીય અવકાશયાત્રીઓને પણ ચંદ્ર પર ઉતારવાના છે. આ તમામ અભિયાનોમાં તમારા અનુભવો ખૂબ જ ઉપયોગી થશે.**

**શુભાંશુ શુક્લાઃ** તાલીમ લેતી વખતે અને આ સમગ્ર મિશનનો અનુભવ કરતી વખતે, મને જે પાઠ મળ્યા છે, જે શીખવા મળ્યા છે, તે બધાને હું સ્પંજની જેમ આત્મસાત કરી રહ્યો છું અને મને ખાતરી છે કે જ્યારે હું પાછો આવીશ ત્યારે આ બધી બાબતો ખૂબ મૂલ્યવાન, આપણા માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે અને આપણે આ પાઠોને આપણાં મિશનમાં અસરકારક રીતે લાગુ કરી શકીશું અને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરી શકીશું.

**પ્રધાનમંત્રીઃ શુભાંશુ, મને ખાતરી છે કે તમારો આ સંદેશ પ્રેરણા આપશે. તમારા પરિવારના તમામ સભ્યો એટલા જ લાગણીશીલ અને ઉત્સાહથી ભરપૂર છે. હું જાણું છું કે તમારી પાસે ઘણું કામ છે અને તમારે 28000 કિમીની ઝડપે કામ કરવું પડશે, તેથી હું તમારો વધારે સમય નહીં લઉં. આજે હું વિશ્વાસ સાથે કહી શકું છું કે આ ભારતનાં "ગગનયાન" અભિયાનની સફળતાનો પ્રથમ અધ્યાય છે. તમારી આ ઐતિહાસિક યાત્રા માત્ર અંતરિક્ષ સુધી મર્યાદિત નથી, તે આપણી વિકસિત ભારત તરફની યાત્રાને ગતિ અને નવી શક્તિ આપશે. ભારત વિશ્વ માટે અવકાશમાં નવી શક્યતાઓના દરવાજા ખોલવા જઈ રહ્યું છે. હવે ભારત માત્ર ઉડાન ભરશે નહીં, તે ભવિષ્યમાં નવી ઉડાનો માટે મંચ તૈયાર કરશે. તમારાં મનમાં જે લાગણીઓ છે તે જો તમે વ્યક્ત કરશો તો દેશવાસીઓ સાંભળશે, દેશની યુવા પેઢી સાંભળશે, તો હું પોતે પણ તમારી પાસેથી કેટલીક વધુ વાતો સાંભળવા માટે ખૂબ જ ઉત્સુક છું.**

**શુભાંશુ શુક્લાઃ** આ મારા માટે એક વ્યક્તિગત સિદ્ધિ છે, પરંતુ ક્યાંક મને લાગે છે કે આ આપણા દેશ માટે એક ખૂબ મોટી સામૂહિક સિદ્ધિ છે. અને હું એક સંદેશ આપવા માગું છું કે જો તમે પ્રયત્ન કરશો અને તમારું ભવિષ્ય સારું બનાવશો, તો તમારું ભવિષ્ય સારું રહેશે અને આપણા દેશનું ભવિષ્ય સારું રહેશે અને તમારાં મનમાં માત્ર એક જ વાત રહેશે કે આકાશની ક્યારેય મર્યાદા નથી, ન તમારા માટે, ન મારા માટે, ન ભારત માટે.

**પ્રધાનમંત્રીઃ હું તમને અને તમારા તમામ સહયોગીઓને તમારાં અભિયાનની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું. અમે બધા તમારા પાછા આવવાની રાહ જોઈ રહ્યા છીએ. પોતાનું ધ્યાન રાખો, મા ભારતીનું સન્માન વધારતા રહો. અનેક અનેક શુભકામનાઓ, 140 કરોડ દેશવાસીઓની શુભેચ્છાઓ અને આટલી મહેનત કરીને આ ઊંચાઈએ પહોંચવા બદલ હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. ભારત માતા કી જય!**

**શુભાંશુ શુક્લાઃ** આભાર, પ્રધાનમંત્રી, આભાર અને તમામ 140 કરોડ દેશવાસીઓનો આભાર અને અવકાશમાંથી દરેકને ભારત માતા કી જય! ■

# હૉકીનો ઝંઝાવાત

*પૂણેની નજીક ખડકી પડોશમાં એક હૉકીનું મેદાન જ્યાં બાળકો દરરોજ ચમકતી હૉકી સ્ટિક્સ સાથે ભેગા થાય છે. તેમાંથી એક ગરીબ પરિવારનો છોકરો હતો જેની પાસે નવી સ્ટિક ખરીદવાના પણ પૈસા નહોતા...જ્યારે તે પહેલી વાર કેટલીક તૂટેલી સ્ટિક્સમાં કોથળીની દોરી જોડીને રમવા માટે બહાર આવ્યો ત્યારે કોઈને ખ્યાલ નહોતો કે પછીથી તે ભારતીય હૉકી ટીમના મહાન સુકાનીઓની સાથે પોતાને શ્રેષ્ઠ સ્ટ્રાઈકર તરીકે સ્થાપિત કરશે. આ ધનરાજ પિલ્લેની વાર્તા છે, જેને મેદાન પર તેની અસાધારણ ગતિને કારણે ભારતીય હૉકીનો 'ઝંઝાવાત' (ટોર્નેડો) કહેવામાં આવતા હતા...*

**જન્મ: 16 જુલાઈ 1968**




ભારતીય હૉકી ટીમના સભ્ય ધનરાજ પિલ્લેને એક શક્તિશાળી ખેલાડી તરીકે ગણવામાં આવે છે જે રમત પ્રત્યે જુસ્સાદાર છે. નેવુંના દાયકામાં ભારતીય હૉકી ટીમના નાયક ધનરાજ તેમની કાંડાની કરામત અને ઝડપ માટે જાણીતા બન્યા હતા. જ્યારે વિરોધી ટીમના ખેલાડીઓ તેમની વ્યૂહરચનાને સમજવાનો પ્રયાસ કરે ત્યાં સુધીમાં તો તે ગોલ કરી દેશે.

ધનરાજ પિલ્લેનો જન્મ 16 જુલાઈ 1968ના રોજ થયો હતો. તેમનું બાળપણ મુશ્કેલીઓથી ભરેલું હતું. પુત્ર ઘરની ગરીબી દૂર કરશે એમ વિચારીને પરિવારના સભ્યોએ તેનું નામ ધનરાજ રાખ્યું હતું. તેઓ પાંચ ભાઈઓમાં સૌથી નાના હતા. પરિવારની વિકટ આર્થિક સ્થિતિને કારણે, ધનરાજને હંમેશા તેના મોટા ભાઈ રમેશની તૂટેલી અને ઘસાઈ ગયેલી સ્ટિક આપવામાં આવતી હતી. રમેશ હૉકી ખેલાડી તરીકે જાણીતા બન્યા હતા. તેઓ ધનરાજને પણ મુંબઈ લઈ આવ્યા.

પોતાના ભાઈ સાથે પ્રેક્ટિસ કરતી વખતે એક દિવસ તેઓ પણ તેની ટીમમાં જોડાયા હતા. વર્ષ 1987 હતું; દિલ્હીનું હૉકી મેદાન એક ઐતિહાસિક મેચનું સાક્ષી બનવાનું હતું. ધનરાજ પોતાની ટીમ સાથે મેદાનમાં ઉતર્યા હતા. પરંતુ લોકો રાજિંદરને ધ્યાનથી જોઈ રહ્યા હતા, જે તે યુગના શ્રેષ્ઠ ખેલાડી હતા. અચાનક, એક ઊંચા અને પાતળા છોકરા, ધનરાજ પિલ્લેએ મેચમાં બધાનું ધ્યાન ખેંચ્યું. ધનરાજની ઝડપ એવી હતી કે તેણે રાજિંદરની પકડમાંથી બોલ છીનવી લીધો અને શાનદાર ગોલ કર્યો. વિરોધી ટીમ સમજી શકી નહીં કે ધનરાજને કેવી રીતે રોકવો. પ્રેક્ષકોએ આનંદથી તેમનું નામ તૂફાન રાખ્યું હતું. આ પછી 1989માં ગ્વાલિયરમાં તેમણે પોતાની રમતથી એવી છાપ છોડી કે તેમને સીધા ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા. 1998માં તેમના સુકાન હેઠળ ભારતીય હૉકી ટીમે 32 વર્ષ પછી એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

2003માં તેણે ભારત માટે એશિયા કપનો ખિતાબ પણ જીત્યો હતો. ધનરાજ એકમાત્ર એવા ખેલાડી છે જેમણે 4 ઑલિમ્પિક, 4 વર્લ્ડ કપ, 4 એશિયન ગેમ્સ અને 4 ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. 15 વર્ષ સુધી ભારતીય હૉકીની સેવા કરનાર અને આખરે 2004માં નિવૃત્ત થયેલા ધનરાજ ભારતના ટોચના પાંચ સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓમાં સામેલ છે. પોતાની કારકિર્દીમાં 339 આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ 170 ગોલ કરનાર ધનરાજને 2000માં પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો હતો.

28 ઑક્ટોબર 2018ના રોજ મન કી બાત કાર્યક્રમના 49મા ઍપિસોડમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ધનરાજ પિલ્લેને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે પણ વિશ્વમાં હૉકીની ચર્ચા થશે, ત્યારે ભારતના આ મહાન ખેલાડીઓ વિના હૉકીની વાર્તા અધૂરી રહેશે. હૉકીના જાદુગર મેજર ધ્યાનચંદથી આખું વિશ્વ પરિચિત છે. તે પછી, હૉકીએ બલવિંદર સિંહ સિનિયર, લેસ્લી ક્લાઉડિયસ, મોહમ્મદ શાહિદ, ઉધમ સિંહથી લઈને ધનરાજ પિલ્લે સુધી લાંબી મજલ કાપી છે. ■



# ...જેથી કોઈ પણ ભારતીય ક્યારેય તબીબી સારવારથી વંચિત ન રહે!

***બિહારના જ્ઞાનેન્દ્રને આયુષ્માન ભારતથી નવું જીવન મળ્યું.***


**પીએમ મોદીએ પત્ર લખીને કહ્યું-'તમારું સ્વાસ્થ્ય, અમારો સંકલ્પ'**

*"આયુષ્માન ભારત યોજનાનો લાભ કરોડો લોકોને મળ્યો છે અને હું તેમાંનો એક છું. મને કિડનીની બીમારી હોવાનું નિદાન થયું હતું અને આ યોજના હેઠળ મને બિહારના પટણામાં સારવાર મળી હતી. આ યોજનાથી દેશના ગરીબ અને મધ્યમ વર્ગને ઘણો ફાયદો થઈ રહ્યો છે. તે ખરેખર એક અસરકારક અને લાભકારક પહેલ છે".*

સુલભ તબીબી સારવાર માટે સંતોષ અને મફત સંભાળ મેળવવાની રાહતથી ભરપૂર આ શબ્દો બિહારના શ્રી જ્ઞાનેન્દ્ર કુમાર ગુપ્તાના છે, જેમની કિડનીની સારવાર આયુષ્માન ભારત યોજના દ્વારા વિના મૂલ્યે શક્ય બની હતી. સાજા થયા પછી, જ્ઞાનેન્દ્રએ આભાર વ્યક્ત કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને હૃદયસ્પર્શી પત્ર લખ્યો હતો.

આ પરિવર્તનકારી યોજનાને કારણે, જ્ઞાનેન્દ્ર જેવા કરોડો લોકો-જેઓ માત્ર એક દાયકા પહેલા આરોગ્ય સંભાળના ખર્ચનાં ભારે ભારણને કારણે ગરીબી રેખા નીચે આવી ગયા હશે-તેઓ આવશ્યક તબીબી સંભાળ મેળવી શક્યા છે. આ સંદર્ભમાં 5 લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવાની ક્રાંતિકારી પહેલ 55થી 60 કરોડ ભારતીયો, ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગો, મધ્યમ વર્ગ અને વૃદ્ધો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

જો કે દેશમાં અગાઉ સાર્વત્રિક આરોગ્યસંભાળની ચર્ચા કરવામાં આવી હતી, પરંતુ આ પ્રથમ વખત છે જ્યારે કોઈ સરકારે વિશ્વની સૌથી મોટી આરોગ્યસંભાળ સુવિધા પૂરી પાડી છે, જેમાં 5 લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવે છે. તેથી જ લાભાર્થીઓની લાગણીઓ સ્વાભાવિક રીતે કૃતજ્ઞતાથી ભરાઈ જાય છે. જ્યારે જ્ઞાનેન્દ્રએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને પોતાની લાગણીઓ વ્યક્ત



छपरा, बिहार

(180)

माननीय प्रधान मंत्री महोदय 0069342

भारत सरकार, नई दिल्ली.

प्रधान मंत्री कार्यालय PRIME MINISTER'S OFFICE

डाक अनुभाग DAK SECTION

आपके द्वारा चलाये जा रहे 'आयुष्मान भारत वाला' योजना से 1010 करोड़ देशवासी लाभान्वित हुए हैं, उसमें से मैं भी एक व्यक्ति हूँ जो मेरे किडनी संबंधित इलाज पटना (बिहार) में इलाज हुआ है। इसके लिए मैं आपको तहे दिल से शुक्रिया करता हूँ। इस योजना से देश के गरीब एवं मध्यम वर्गों के लोगों को काफी लाभ मिल रहे हैं। मैं समझता हूँ कि सरकार की यह योजना बहुत ही कारगर एवं लाभप्रद है।

आशा है आपके हिम्मत और व्यक्तित्व से देश की जनता को राहत और रास्ता मिलता रहेगा।

शुभकामनाओं सहित,
जय हिन्द।

भवदीय,
ज्ञानेन्द्र कुमार गुप्ता

दि० 7/4/2025


पता:
ज्ञानेन्द्र कुमार गुप्ता
C/O; विनोद कुमार सिन्हा
एडवोकेट
मु० दरियापुर गोला
(अशोक के पेड़ के पास)
पो० पटना
जि० पटना-4 (बिहार)

કરી ત્યારે પ્રધાનમંત્રીએ પણ ઉષ્મા અને સહાનુભૂતિ સાથે પ્રતિક્રિયા આપી હતી, જે નાગરિકો સાથેના તેમના ઊંડા જોડાણને પ્રતિબિંબિત કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના પટણાના જ્ઞાનેન્દ્ર કુમાર ગુપ્તાને પત્ર લખીને તેમને સતત સ્વસ્થ થવાની હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રીનો પત્ર દેશના લોકોના કલ્યાણ માટે તેમની સંવેદનશીલ અને નિષ્ઠાવાન પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. તેમણે તેમના પત્રમાં લખ્યું હતું કે, "તમારા સુધરેલા સ્વાસ્થ્ય વિશે જાણીને મને ખરેખર આનંદ થયો છે. આયુષ્માન ભારત યોજના હેઠળ સફળ કિડની સારવાર વિશે તમે તમારા પત્રમાં જે માહિતી શેર કરી છે તેનાથી મારા હૃદયને અપાર સંતોષ મળ્યો છે". પોતાના પત્રમાં, જ્ઞાનેન્દ્રએ લખ્યું હતું, "તમારી (પીએમ મોદી) હિંમત અને વ્યક્તિત્વ દેશના લોકોને રાહત અને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે". જવાબમાં, પ્રધાનમંત્રી પણ પોતાની લાગણીઓને શબ્દોમાં મૂક્યા વગર રહી શક્યા નહીં. તેમણે લખ્યું, "આપણે જોયું છે કે કેવી રીતે તબીબી ખર્ચને કારણે પરિવારોની સમગ્ર જીવન બચત એક ક્ષણમાં ખતમ થઈ જાય છે. ઘણીવાર, લોકો આ ખર્ચને કારણે સારવાર લેવાનું સંપૂર્ણપણે ટાળે છે. આજે આયુષ્માન ભારત એ સુનિશ્ચિત કરી રહ્યું છે કે કોઈ પણ ભારતીય સ્વાસ્થ્ય સેવાથી વંચિત ન રહે. આ યોજનાએ દર્શાવ્યું છે કે કેવી રીતે યોગ્ય સારવાર વ્યક્તિનાં જીવનને નવી આશા અને દિશા આપી શકે છે".

વિકસિત ભારતના નિર્માણ માટે સ્વસ્થ ભારત કેટલું જરૂરી છે તે વિશે પીએમ મોદીએ વધુમાં લખ્યું હતું. એક સ્વસ્થ વ્યક્તિ માત્ર પોતાના પરિવારને જ ટેકો આપતો નથી પરંતુ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં પણ સક્રિય ભૂમિકા ભજવે છે. તદનુસાર, પ્રધાનમંત્રીએ જ્ઞાનેન્દ્રને લખેલા પત્રમાં લખ્યું હતું કે, "એવું કહેવામાં આવે છે કે-'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' એટલે કે શરીર એ તમામ ફરજો અને જવાબદારીઓને પૂર્ણ કરવા માટેનું અગ્રણી સાધન છે. જ્યારે નાગરિકો સ્વસ્થ હશે, ત્યારે જ રાષ્ટ્ર મજબૂત અને સક્ષમ બની શકે છે."

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, કેન્દ્ર સરકારની યોજનાઓ પાયાના સ્તરે સામાન્ય નાગરિકો સુધી પહોંચી રહી છે અને તેમના જીવનમાં વાસ્તવિક ફેરફારો લાવી રહી છે તે જોવું ખરેખર સંતોષકારક છે. તેમણે ઉમેર્યું હતું કે, "તમારા જેવા લોકોને સારવાર પછી ફરી એકવાર આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધતા જોવું એ અમારા માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે".



सत्यमेव जयते

प्रधान मंत्री
Prime Minister

नई दिल्ली
वैशाख 17, शक संवत् 1947
07 मई, 2025

**श्री ज्ञानेंद्र कुमार गुप्ता जी,**

नमस्कार। आपके स्वास्थ्य में सुधार के बारे में जानकर बहुत प्रसन्नता हुई है। आपने पत्र में आयुष्मान भारत योजना के माध्यम से बीते दिनों किडनी के सफल उपचार की जो जानकारी साझा की है, उससे हृदय को असीम संतुष्टि मिली है। ईश्वर से कामना है कि आप सदैव स्वस्थ रहें।

कहा गया है- **"शरीरमाद्यं खलु धर्मसाधनम्।"** अर्थात् शरीर ही सभी कार्यों और कर्तव्यों की पूर्ति का प्रथम साधन है। जब नागरिक स्वस्थ होंगे, तभी राष्ट्र भी सबल और सक्षम बनेगा।

हमने चिकित्सा पर होने वाले खर्च से परिवारों की जीवन भर की जमा-पूंजी एक झटके में खत्म होते देखा है। कई बार तो लोग इस खर्च के कारण इलाज करवाने से भी कतराते थे। आज आयुष्मान भारत योजना यह सुनिश्चित कर रही है कि कोई भी भारतीय इलाज से वंचित न रहे। समुचित उपचार मिलने पर किस तरह एक व्यक्ति के जीवन को नई उम्मीद और दिशा मिलती है, यह इस योजना ने सिद्ध कर दिखाया है।

देश भर से मेरे परिवारजन जब आयुष्मान भारत योजना का लाभ उठाकर अपने स्वास्थ्य लाभ का अनुभव साझा करते हैं तो, 'स्वस्थ भारत' के उस संकल्प की पुष्टि होती है, जो हमने 140 करोड़ देशवासियों के लिए लिया है।

हमने वर्ष 2047 तक विकसित भारत के निर्माण का जो लक्ष्य रखा है, उसे हमारे देश के स्वस्थ नागरिक मजबूती प्रदान करते हैं। एक स्वस्थ व्यक्ति न केवल अपने परिवार को संबल देता है, बल्कि राष्ट्र निर्माण की प्रक्रिया में भी सक्रिय भूमिका निभाता है।

इलाज के बाद आप जैसे सभी साथियों को अपने जीवन में फिर से उसी आत्मविश्वास के साथ आगे बढ़ते देखना हमारे लिए एक बड़ी उपलब्धि है। आप सभी की शुभकामनाएं हमारी ऊर्जा हैं। ईश्वर से प्रार्थना है कि आप निरंतर स्वस्थ, सक्रिय और प्रसन्न रहें।

आपका,

(नरेन्द्र मोदी)

અંતે, પ્રધાનમંત્રીએ જ્ઞાનેન્દ્રનાં સારા સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

નિઃશંકપણે, આયુષ્માન ભારત યોજના વિકસિત ભારતની દિશામાં આરોગ્ય સંભાળ ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે. હકીકતમાં, અભ્યાસો દર્શાવે છે કે આરોગ્ય સંભાળમાં સુધારાને કારણે અપેક્ષિત આયુષ્યમાં એક વર્ષનો વધારો પણ જીડીપીમાં 4 ટકા સુધીનો વધારો કરી શકે છે. આ સંદર્ભમાં આપણા જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશ માટે આયુષ્માન ભારત યોજનાનું મહત્વ સરળતાથી સમજી શકાય છે. ■



# શાંતિ, સ્વાસ્થ્ય અને સંવાદિતા માટે 'યોગ'

ભારતની પ્રાચીન સંસ્કૃતિએ હંમેશા જ્ઞાન, સ્વાસ્થ્ય અને સંવાદિતાની હિમાયત કરી છે. શૂન્યની શોધથી માંડીને ખગોળશાસ્ત્રથી માંડીને શસ્ત્રક્રિયાથી માંડીને ફિલસૂફીમાં યોગદાન સુધી, ભારત સદીઓથી વિશ્વને સમૃદ્ધ કરી રહ્યું છે. વસુધૈવ કુટુંબકમ્‌ના આ આદર્શમાં એક સીમાચિહ્નરૂપ યોગનાં રૂપમાં પણ પ્રગટ થયું, જ્યારે વર્ષ 2014માં ભારતના પ્રસ્તાવ પર વિશ્વના 177 દેશોએ સાથે મળીને દર વર્ષે 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાની મંજૂરી આપી હતી. હવે, ફરી એકવાર 21 જૂનના રોજ, 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દરમિયાન, વિશ્વએ ભારતની સાંસ્કૃતિક શક્તિ જોઈ અને વિશાખાપટ્ટનમમાં આયોજિત મુખ્ય કાર્યક્રમમાં, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા, 3 લાખથી વધુ સહભાગીઓ સાથે યોગ કરીને સૌથી મોટા યોગ કાર્યક્રમનો વિશ્વ વિક્રમ બનાવ્યો હતો...



ભારતની મૃદુ શક્તિના પ્રતીક તરીકે, યોગ વિદેશોમાં પહોંચીને શાંતિ, સુખાકારી અને એકતાને પ્રોત્સાહન આપી રહ્યો છે. વૈશ્વિક સંવાદિતા માટે ભારતની આ શાશ્વત ભેટ સાથે, આ વખતે યોગ દિવસની ઉજવણી 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ' વિષય પર વિશ્વભરના 191 દેશોમાં આશરે 1,300 સ્થળોએ 2,000થી વધુ કાર્યક્રમો સાથે કરવામાં આવી હતી. વિશાખાપટ્ટનમના બીચ પર આયોજિત મુખ્ય કાર્યક્રમમાં યોગ દ્વારા એકતાની આ ભાવનાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જે દિવસે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે માન્યતા આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, તે પછી સૌથી ઓછા સમયમાં વિશ્વના 177 દેશો આ પ્રસ્તાવની સાથે ઊભા રહ્યા હતા. આજની દુનિયામાં આવી એકતા, આવું સમર્થન, કોઈ સામાન્ય સિદ્ધિ નથી. આ માત્ર એક પ્રસ્તાવનું સમર્થન નહોતું, તે માનવતાનાં કલ્યાણ માટે વિશ્વનો સામૂહિક પ્રયાસ હતો. આજે 11 વર્ષ પછી યોગ વિશ્વભરના કરોડો લોકોની જીવનશૈલીનો એક ભાગ બની ગયો છે. જ્યારે દિવ્યાંગ મિત્રો બ્રેઈલમાં યોગ શાસ્ત્રો વાંચે છે, વૈજ્ઞાનિકો અવકાશમાં યોગ કરે છે અને યુવાન મિત્રો દરેક ગામમાં યોગ ઓલિમ્પિયાડમાં ભાગ લે છે ત્યારે તે ગર્વની વાત છે.

## વિશાખાપટ્ટનમમાં બે વિશ્વ વિક્રમ સ્થાપિત થયા

### વિશ્વના સૌથી ઊંચા પુલ પર પણ યોગ

લદ્દાખથી કેરળ અને અરુણાચલથી ગુજરાત સુધી, 11માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

- પર્યટન મંત્રાલયે સુંદર સ્મારકો અને શાંત કુદરતી દૃશ્યો ધરાવતા 40 પર્યટન સ્થળોએ સામૂહિક યોગ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું, જ્યારે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે ગુજરાતના અડાલજની વાવ અને કોણાર્ક સૂર્ય મંદિર સહિત 81 વારસા સ્થળોએ સામૂહિક યોગ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ભારતીય સેનાના સૈનિકોએ વિશ્વની સૌથી ઊંચી યુદ્ધભૂમિસિયાચીન ગ્લેશિયર પર યોગનો અભ્યાસ કર્યો હતો.

**15,000** ફિટની ઊંચાઈ પર સ્થિત ગલવાન ખીણમાં યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું

- પ્રથમ વખત, ભારતીય રેલવેએ જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વના સૌથી ઊંચા રેલવે પુલ- ચિનાબ, પ્રથમ કેબલ-સ્ટેડ રેલ પુલ-અંજી ખડ પુલ અને તમિલનાડુમાં દેશના પ્રથમ વર્ટિકલ-લિફ્ટ રેલ પુલ- પમ્બન પુલ પર યોગ સત્રોનું આયોજન કર્યું હતું.

બીજી તરફ, વિશાખાપટ્ટનમમાં બે મહત્વપૂર્ણ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પણ સ્થાપિત કરવામાં આવ્યા હતા, જે યોગની વધતી લોકપ્રિયતા અને વ્યાપક સ્વીકૃતિ દર્શાવે છે.


**પ્રથમ રેકોર્ડ**
- યોગાભ્યાસ માટે એક સ્થળે સૌથી મોટી સંખ્યામાં એકત્ર થયેલા લોકો
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ત્રણ લાખ બે હજાર લોકોએ યોગનો અભ્યાસ કર્યો.

**બીજો રેકોર્ડ**
- 20 જૂન, 2025ના રોજ 22,122 આદિવાસી વિદ્યાર્થીઓએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં ભાગ લીધો ત્યારે આ સૌથી મોટો સામૂહિક સૂર્ય નમસ્કાર છે.


# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દહેરાદૂનમાં સામૂહિક યોગમાં ભાગ લીધો

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર દહેરાદૂનમાં ઉત્તરાખંડ રાજ્ય પોલીસ લાઇન ગ્રાઉન્ડ ખાતે સામૂહિક યોગ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ પ્રસંગે કહ્યું હતું કે 'યોગ'નો અર્થ 'જોડાવાનો' થાય છે. યોગનો અભ્યાસ વ્યક્તિના શરીર, મન અને આત્માને જોડે છે અને તેમને સ્વસ્થ બનાવે છે. યોગ એક વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે, એક સમુદાયને બીજા સમુદાય સાથે અને એક દેશને પણ બીજા દેશ સાથે જોડી શકે છે.




ઓમ બિરલા, લોકસભા સ્પીકર


રાજનાથ સિંહ, સંરક્ષણ મંત્રી



અમિત શાહ, ગૃહ મંત્રી


નીતિન ગડકરી, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી



બીઆરઓ, સેલા ટનલ


ચિનાબ રેલ બ્રિજ


વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ



વિશાખાપટ્ટનમ


ભારતીય વાયુ સેના, દિલ્હી


તાબાનન, બાલી


રિયો ડી જાનેરો


વોશિંગ્ટન ડી. સી., યુએસએ



સંયુક્ત રાષ્ટ્ર જીનિવા



ટાઇમ્સ સ્ક્વેર


કોલંબિયા



દક્ષિણ આફ્રિકા


અટારી-વાઘા સરહદ



કચ્છ, ગુજરાત
સિયાચીન
ગુવાહાટી, આસામ
જમ્મુ અને કાશ્મીર
નવી દિલ્હી
કર્તવ્ય પથ, નવી દિલ્હી
લદ્દાખ, ભારતીય સેના
મુંબઈ
હુમહમા કેમ્પસ, શ્રીનગર




ભારત-તિબેટ સરહદ પોલીસ



શાંઘાઈ



વારાણસી, ઉત્તર પ્રદેશ



ભારતીય સેના



અમદાવાદ, ગુજરાત



જલગાંવ, મહારાષ્ટ્ર

સિડનીના ઓપેરા હાઉસના પગથિયાં હોય, એવરેસ્ટનું શિખર હોય, કે સમુદ્રનો વિસ્તાર હોય, દરેક જગ્યાએથી એક જ સંદેશ આવે છે-યોગ બધાનો છે અને બધા માટે છે.

વિશ્વમાં યોગના વધતા અવકાશ અને આ માટે ભારત દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયાસોનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત વિશ્વમાં યોગનો પ્રસાર કરવા માટે આધુનિક સંશોધન દ્વારા યોગ વિજ્ઞાનને વધુ સશક્ત બનાવી રહ્યું છે. આધુનિક તબીબી વ્યવસ્થામાં યોગની વૈજ્ઞાનિક પ્રકૃતિને સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રીય આયુષ મિશન દ્વારા યોગ અને સુખાકારીના મંત્રને પ્રોત્સાહન પણ આપવામાં આવી રહ્યું છે. ડિજિટલ ટેકનોલોજીએ પણ આમાં મોટી ભૂમિકા ભજવી છે. દેશના દરેક ખૂણામાં યોગનું આયોજન થઈ રહ્યું છે, જે યોગના વધતા અવકાશને દર્શાવે છે. ■






## ઓપરેશન સિંધુ

# કટોકટી દરમિયાન મજબૂત સ્થિતિસ્થાપકતા...




વિશ્વમાં ક્યાંય પણ રહેતો ભારતીય 'રાષ્ટ્રદૂત'છે. નવા ભારતની આ વિચારસરણીએ માત્ર દરેક આપત્તિ, દરેક કટોકટીમાં પોતાના લોકોને બચાવ્યા છે એટલું જ નહીં, પરંતુ કટોકટીના દરેક કાળમાં સહાય અને રાહત પ્રયાસોનું નેતૃત્વ પણ કર્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતની નીતિમાં દૃઢતા અને આત્મનિર્ભરતાએ અગાઉની 'રક્ષણાત્મક અને આશ્રિત' માનસિકતાને બાજુએ મૂકીને દરેક આપત્તિમાં વિશ્વને દેશની તાકાત બતાવી છે.આ જ કારણ છે કે, પછી ભલે તે કોવિડ-19 હેઠળ લૉકડાઉન હોય કે પછી રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન ભારતીયોને સુરક્ષિત રીતે ઘરે લાવવાનું જીવનરક્ષક મિશન 'ઓપરેશન ગંગા' હોય, અને હવે ઈરાન-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન 'ઓપરેશન સિંધુ' હોય, તેણે આપણને ત્રિરંગાની શક્તિનો અહેસાસ કરાવ્યો છે. ઉપરાંત, જ્યારે પણ અફઘાનિસ્તાન, નેપાળ, સુદાન, યમન, ઈન્ડોનેશિયા જેવા અન્ય દેશોમાં અથવા વિશ્વના કોઈપણ ભાગમાં કોઈ કટોકટી આવી ત્યારે ભારતીયોને મદદની જરૂર પડી, ભારત સરકારે તેમને વિશેષ કામગીરી દ્વારા બચાવ્યા. ઉપરાંત, તેનાથી આપણને વિશ્વમાં ભારતની વધતી જતી શક્તિનો અહેસાસ થયો. આજે દેશની જનતા ભારતની આ વૈશ્વિક સિદ્ધિ પર ગર્વ અનુભવી રહી છે...











ઘરે પાછા આવીને ખૂબ સારું લાગે છે. અમને આશા નહોતી કે અમે પાછા ફરી શકીશું. પરંતુ ભારત સરકાર, વિદેશ મંત્રાલય અને દૂતાવાસે ઉત્તમ વ્યવસ્થા કરી અને અમે ઘરે પરત ફરી શક્યા. ઈરાનમાં અભ્યાસ કરતી તબીબી વિદ્યાર્થીની સબા રસૂલે આમ કહ્યું હતું, જે 19 જૂને શ્રીનગરમાં સુરક્ષિત રીતે તેના ઘરે પરત ફરી હતી.

અમારા છાત્રાલય ઉપર મિસાઈલો ઉડી રહી હતી અને કાચ ધ્રુજી રહ્યા હતા. ભારત સરકાર અને દૂતાવાસે અમને ઘરે પાછા લાવવા માટે સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી હતી અને અમે કોઈ મુશ્કેલી વિના ભારત પરત ફર્યા છીએ. ભારત સરકારનો આભાર વ્યક્ત કરતાં ઈરાનથી પરત ફરેલી વિદ્યાર્થી મરિયમ રોઝે આ વાત કહી હતી.

પ્રયાગરાજના રહેવાસી અલ્માસ રિઝવી કહે છે, “ભારતીય દૂતાવાસે અમારા માટે તમામ વ્યવસ્થા કરી હતી. હૉટેલથી લઈને બપોરનાં અને રાત્રિભોજન સુધી, દરેક વસ્તુનું ધ્યાન રાખવામાં આવતું હતું. અમને ક્યારેય એવું લાગ્યું નથી કે અમે યુદ્ધ જેવી સ્થિતિમાં છીએ. હું મારા દેશમાં પરત ફરીને રાહત અનુભવું છું.”


ઈરાનમાં યુદ્ધ ક્ષેત્રમાંથી ઘરે પરત ફરેલી એલિયા બટૂલ કહે છે, “જ્યારથી અમને હુમલાના સમાચાર મળ્યા ત્યારથી મારો પરિવાર ખૂબ જ ચિંતિત હતો. ભારત સરકારનો ખૂબ ખૂબ આભાર, કારણ કે અમે આ કટોકટીના સમયમાં સુરક્ષિત રીતે ઘરે પરત ફરી શક્યા.”

















ઈરાનથી પરત ફરેલી તાજકિયા ફાતિમા જ્યારે તેના પરિવારને મળી ત્યારે તે ખૂબ જ ખુશ થઈ ગઈ હતી. તેણે કહ્યું કે ત્યાં યુદ્ધની સ્થિતિ હતી. અમે વિચારતા હતા કે અમે કેવી રીતે બહાર નીકળીશું, પરંતુ અમે ભારત સરકારના આભારી છીએ. તેઓએ અમને ખૂબ જ સારી રીતે બહાર કાઢ્યા.

સૈયદ મન્સૂર કહે છે કે જ્યારે અમે યુદ્ધ ક્ષેત્ર છોડીને અમારા દેશમાં પાછા ફર્યા ત્યારે અમે સૌપ્રથમ જે કર્યું તે હતું નમન કરવું અને અમારી ભૂમિને આદર આપવો. મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવીને અમે ઘરે પહોંચી શક્યા તે ભારતની તાકાત દર્શાવે છે.

ભારત પરત ફરેલા મોહમ્મદ અલી કાઝીમે પોતાનો અનુભવ જણાવતા કહ્યું કે તેઓ મશહદ શહેરમાંથી પરત ફર્યા છે અને ઘરે પાછા ફર્યા બાદ ખૂબ જ સારું અનુભવી રહ્યા છે. તેમણે કહ્યું કે અમે ધાર્મિક યાત્રા પર ગયા હતા, પરંતુ ત્યાંની સ્થિતિ, ખાસ કરીને તેહરાનમાં, ખૂબ જ ખરાબ છે. ભારત સરકારે અમારી ઘણી મદદ કરી, સરહદ પાર કરવામાં મદદ કરી અને અમને ભારત લાવવા માટે તમામ વ્યવસ્થા કરી.

ઈરાનથી ઘરે પરત ફરવાની રાહ જોઈ રહેલા મહેબૂબ અલી મુશર્રફને દિલ્હી એરપોર્ટ પર પહોંચતા જ આંખોમાં આંસુ આવી ગયા હતા. ભારત પહોંચતા જ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભારત સરકારનો આભાર માન્યો હતો. ભારત આવતા જ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભારત સરકારનો આભાર માન્યો હતો. દરેક ક્ષણ ખૂબ જ મુશ્કેલ હતી... હિન્દુસ્તાન ઝિંદાબાદ.

યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી ઘરે પરત ફર્યા બાદ ભારતીય વિદ્યાર્થીઓ અને નાગરિકોના ચહેરા પર રાહતની લાગણી એ સંકલ્પનું પ્રતીક બની ગયું છે, જ્યાં દરેક નાગરિકની સુરક્ષા વર્તમાન કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. રશિયા-યુક્રેન કટોકટી વચ્ચે 'ઓપરેશન ગંગા' હેઠળ ઘરે પરત ફરેલા વિદ્યાર્થીઓને પણ ભારતીય ત્રિરંગાની શક્તિનો અહેસાસ થયો હતો.હવે, ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ વચ્ચે, 'ઓપરેશન સિંધુ' હેઠળ, ભારત સરકારે ઈરાનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ અને નાગરિકોને સુરક્ષિત રીતે પરત લાવવાનું મિશન શરૂ કર્યું છે. આ મિશન હેઠળ, પ્રથમ વિમાન 19 જૂનના રોજ 110 નાગરિકોને યુદ્ધ ક્ષેત્રમાંથી સુરક્ષિત રીતે ભારત લાવ્યું હતું. તેમાંથી 90 વિદ્યાર્થીઓ જમ્મુ-કાશ્મીરના હતા.

નિઃશંકપણે, આ ભારતીયો માટે ગર્વની બાબત છે. વિશ્વમાં જ્યારે પણ કોઈ કટોકટી આવી હોય અને ભારત જે રીતે બચાવ કામગીરી હાથ ધરે છે, ત્યારે ભારતીયોના ઘરે પરત ફરવાની અગણિત વાર્તાઓ આપણને જણાવે છે કે કેવી રીતે નવા ભારતનું નેતૃત્વ દરેક કટોકટીમાં તેના લોકોની સાથે ઊભું રહે છે અને તેમને સુરક્ષિત રીતે ઘરે પાછા લાવવાની હિંમત ધરાવે છે.આ જ કારણ છે કે, ભલે તે હાલની ઈરાન-ઈઝરાયલની કટોકટી હોય કે થોડા વર્ષો પહેલાંની રશિયા-યુક્રેનની લડાઈ હોય, ભારતે પોતાના નાગરિકોને સતત એક જ સંદેશ આપ્યો છે-આ દેશ તમારો છે, આ તમારું વતન છે. નિરાશ ન થાઓ, આશા ન છોડો, ભારત હંમેશા તમારી સાથે ઊભું છે.ભારત સરકારની આ કાર્યક્ષમ નીતિઓ અને વ્યવસ્થાપન નવા ભારતની તાકાત દર્શાવે છે, જેમાં દરેક ભારતીય સુરક્ષિત રીતે દેશમાં પરત ન આવે ત્યાં સુધી સરકાર આરામ કરતી નથી.

દરેક ભારતીય નાગરિક રાષ્ટ્ર અને તેનાં નેતૃત્વ માટે કેટલો મહત્વપૂર્ણ છે તે 2017ના એક ટ્વીટથી સમજી શકાય છે. 8 જૂન 2017ના રોજ તત્કાલીન વિદેશ મંત્રી સુષમા સ્વરાજે મદદ અંગે એક ભારતીય નાગરિકના સવાલનો જવાબ આપતા કહ્યું હતું કે, “જો તમે મંગળ ગ્રહ પર ફસાયેલા છો, તો ત્યાં ભારતીય દૂતાવાસ તમને મદદ કરશે”. ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ દરમિયાન 'ઓપરેશન સિંધુ' હોય કે પછી ભૂતકાળમાં યુક્રેન સંકટ દરમિયાન'ઓપેરાશન ગંગા' હોય, તેનાથી સાબિત થયું છે કે નવા ભારતનું નેતૃત્વ મોટા દાવા નથી કરી રહ્યું પરંતુ દરેક સમસ્યાનું સમાધાન કરવા માટે કટિબદ્ધ છે. અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવા માટે 2021માં શરૂ કરાયેલ 'ઓપરેશન દેવી શક્તિ' હોય કે પછી 'વંદે ભારત મિશન', 'લાઈફલાઈન ઉડાન મિશન', કોવિડ મહામારી વચ્ચે પોતાના પ્રિયજનોને પરત લાવવા માટે 2020માં શરૂ કરાયેલ 'ઓપરેશન સમુદ્ર સેતુ' હોય કે પછી 2016માં દક્ષિણ સુદાનમાં 'ઓપરેશન સંકટ મોચન', 2015માં યમન કટોકટી દરમિયાન 'ઓપરેશન રાહત', 2015માં નેપાળમાં આવેલા ભૂકંપ દરમિયાન ભારતીયોને પરત લાવવા માટે 'ઓપરેશન મૈત્રી' કે પછી ઈન્ડોનેશિયામાં ભૂકંપ-સુનામી દરમિયાન શરૂ કરાયેલ 'ઓપરેશન સમુદ્ર મૈત્રી'.ભારત હંમેશા “દરેક ભારતીય મહત્વપૂર્ણ છે”ના મંત્રને અપનાવીને પોતાના લોકોને દેશમાં પાછા લાવ્યું છે. એટલું જ નહીં, મોઝામ્બિકમાં તોફાન દરમિયાન 'ઓપરેશન સહાયતા-19'. કોવિડ દરમિયાન ભારતે વિશ્વના અન્ય દેશો-શ્રીલંકા, બાંગ્લાદેશ, ચીન, અમેરિકા, મ્યાનમાર, મેડાગાસ્કર, દક્ષિણ આફ્રિકા વગેરેના નાગરિકોને બચાવીને અને કટોકટીના સમયમાં સહાય પૂરી પાડીને માનવતાનું ઉદાહરણ રજૂ કર્યું હતું.



“

**અમે આપણી પરંપરાઓને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓની જવાબદારીઓ નિભાવી છે. આપત્તિના સમયમાં અમે સહાય અને રાહત પ્રયાસોનું નેતૃત્વ કર્યું છે. નેપાળમાં ભૂકંપદરમિયાન અમે સૌપ્રથમ પ્રતિક્રિયા આપી હતી, યમનમાંથી સ્થળાંતર અને માલદીવ અને ફિજીમાં કટોકટી. અમે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાની અમારી જવાબદારી નિભાવવામાં પણ ક્યારેય અચકાતા નથી.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

### 'ઓપરેશન સિંધુ': એક જીવન-રક્ષક

જ્યારે કોઈ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં ફસાઈ જાય છે, ત્યારે તે ઘણી મુશ્કેલીમાંથી પસાર થાય છે. જ્યારે ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ દરમિયાન વિદ્યાર્થીઓનાં હૉસ્ટેલ

30 જૂન સુધીમાં
**3,597**
ભારતીયોને ઈરાનથી પરત લાવવામાં આવ્યા

# ઓપરેશન સિંધુ વતન વાપસીનું

## વધુ એક સફળ મિશન

30 જૂન સુધીમાં
**818**
ભારતીયોને ઈઝરાયલથી પરત લાવવામાં આવ્યા હતા.

*ભારતીય વાયુસેનાનાં 3 વિમાનો સહિત 19 વિશેષ ઉડાનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. 14 ઓસીઆઈ કાર્ડધારકો, 9 નેપાળી નાગરિકો, 4 શ્રીલંકાના નાગરિકો અને 1 ભારતીય નાગરિકના 1 ઈરાની જીવનસાથીને પણ ઈરાનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.*

- ઈરાનમાં 10 હજારથી વધુ ભારતીયો રહે છે. તેમાંથી લગભગ 6,000 વિદ્યાર્થીઓ છે. ઈઝરાયલ સાથેના સંઘર્ષને કારણે ભારતે 18 જૂને ઓપરેશન સિંધુની પટકથા લખી હતી. તેનો હેતુ દરેક ભારતીયને સુરક્ષિત રીતે દેશમાં પરત લાવવાનો હતો. ઈઝરાયેલમાં રહેતા ભારતીયો માટે, દૂતાવાસે 19 જૂને એક એડવાઈઝરી પણ જારી કરી હતી અને જવા ઈચ્છતા લોકો માટે જરૂરી મદદની જાહેરાત કરી હતી. જે ભારતીય નાગરિકોએ દૂતાવાસમાં નોંધણી કરાવી નથી તેમના માટે પણ એક લિંક જારી કરવામાં આવી હતી.
- તેહરાનમાં ભારતીય દૂતાવાસે આર્મેનિયામાં મિશનના સહયોગથી ઈરાનના ઉચ્ચ જોખમ ધરાવતા વિસ્તારોમાંથી નાગરિકોને સક્રિય રીતે સલામત વિસ્તારોમાં સ્થળાંતર કરવાનું શરૂ કર્યું.
- વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકો સાથે સંપર્કમાં રહેવા માટે નવી દિલ્હીમાં 24 કલાકનો નિયંત્રણ ખંડ પણ સ્થાપિત કર્યો.
- ઈરાન 7 દેશો સાથે તેની સરહદ ધરાવે છે. આ દેશોમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કમેનિસ્તાન, અઝરબૈજાન, આર્મેનિયા, તુર્કી અને ઈરાક સામેલ છે. આ ઉપરાંત તેની ઓમાન સાથે દરિયાઈ સરહદ છે.
- ભારતે પોતાના લોકોને બહાર કાઢવા માટે આર્મેનિયાનો માર્ગ પસંદ કર્યો હતો. આ હેઠળ, પસંદ કરેલો માર્ગ એવો હતો કે ઈરાનથી લોકોને બાય રોડ આર્મેનિયા સરહદ સુધી અને પછી રાજધાની યેરેવનથી હવાઈ માર્ગે દિલ્હી લાવવા.

**19 જૂનની સવારે**
**110**
**ભારતીય વિદ્યાર્થીઓ પ્રથમ વિમાનમાં દિલ્હી પહોંચ્યા હતા.**



- ઈરાને પણ એક વિશેષ પગલું ભર્યું અને ભારતનાં સ્થળાંતર અભિયાનને સરળ બનાવવા માટે તેનું હવાઈ ક્ષેત્ર ખોલ્યું.

પરથી મિસાઈલો પસાર થઈ રહી હતી, ત્યારે તેઓએ જે પ્રકારનો ડર અનુભવ્યો હતો તે માત્ર તેઓ જ કહી શકે. ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓની મનઃસ્થિતિ શું રહી હશે તે વિદ્યાર્થીઓ તેમના વતન પરત ફરવાનાં ઉદાહરણો અને વિવિધ મીડિયા પ્લેટફોર્મ દ્વારા આવતા તેમનાં મંતવ્યો પરથી સારી રીતે સમજી શકાય છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવ વચ્ચે ભારત સરકારે 19 જૂને જણાવ્યું હતું કે સંઘર્ષગ્રસ્ત વિસ્તારમાંથી પરત ફરવા ઈચ્છતા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે એક અભિયાન શરૂ કરવામાં આવશે. આ માટે વેબસાઈટ્સ, કંટ્રોલ રૂમ નંબર, ઈ-મેલ વગેરે જારી કરવામાં આવ્યા હતા. ભારતીય દૂતાવાસે પહેલેથી જ એક એડવાઈઝરી જારી કરી હતી. ભારત સરકારે તેનાં નિવેદનમાં જણાવ્યું હતું કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી ભારતીય નાગરિકોને તમામ શક્ય સહાય મળી શકે.

### રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ભારતનું 'ઓપરેશન ગંગા' ઉદાહરણ બન્યું

દરેકને સુરક્ષિત રીતે પાછા લાવવાનાં વિઝન સાથે 'ઓપરેશન ગંગા' મિશનની

# ઓપરેશન ગંગા

## પ્રધાનમંત્રી મોદી, ચાર કેન્દ્રીય મંત્રીઓ અને 'સુપર 30'એ 'ઓપરેશન ગંગા'ની સફળતાની ગાથા લખી હતી.

રશિયા સાથેનાં યુદ્ધ દરમિયાન યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે શરૂ કરવામાં આવેલા ઓપરેશન ગંગાની સફળતાની ગાથામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ખુદ નેતૃત્વકર્તા છે.

**15 ફેબ્રુઆરી 2022**

કીવમાં ભારતીય દૂતાવાસે ભારતીયોને યુક્રેન છોડવા માટે એડવાઈઝરી જારી કરી. આ પછી, વધુ 3 એડવાઈઝરી જારી કરવામાં આવી હતી જેમાં ભારતીયોને કહેવામાં આવ્યું હતું કે જેઓને યુક્રેનમાં રહેવાનું ખૂબ જ મહત્વપૂર્ણ નથી, તેઓ દૂતાવાસને જાણ કરીને કામચલાઉ ધોરણે તાત્કાલિક યુક્રેન છોડી દે.

**16 ફેબ્રુઆરી 2022**

કેન્દ્ર સરકારે ઉડ્ડયન સત્તાવાળાઓ અને એરલાઈન્સને ભારત અને યુક્રેન વચ્ચેની ફ્લાઈટ્સની સંખ્યા વધારવા કહ્યું, અને ઉડ્ડયન મંત્રાલયે આ ફ્લાઈટ્સ પરના તમામ પ્રતિબંધો દૂર કર્યા. આરટીપીસીઆર પરીક્ષણની જરૂરિયાત નાબૂદ કરવામાં આવી હતી.

**1 માર્ચ 2022**

કેન્દ્રીય મંત્રીઓ જ્યોતિરાદિત્ય સિંધિયા, વી. કે. સિંહ, હરદીપ સિંહ પુરી અને કિરણ રિજિજુ જાતે 'ઓપરેશન ગંગા'ની દેખરેખ માટે પોલેન્ડ, રોમાનિયા, સ્લોવાકિયા, હંગેરી અને મોલ્ડોવા પહોંચ્યા હતા.

**4,6 માર્ચ 2022**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ વ્યક્તિગત રીતે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ત્રણ વખત અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે બે વાર વાત કરી હતી અને ભારતીયોને યુક્રેનમાંથી બહાર કાઢવા માટે સહકાર માગ્યો હતો.

- પ્રધાનમંત્રી સાથે વાતચીત કર્યા પછી, બંને દેશો માનવતાવાદી કોરિડોર બનાવવા માટે સંમત થયા હતા, જ્યારે રશિયાએ ભારતીય વિદ્યાર્થીઓને જવા માટે ખાર્કિવ અને સુમીમાં યુદ્ધવિરામની જાહેરાત પણ કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનના પડોશી દેશોના વડાઓ સાથે 12 વખત ફોન પર વાત કરી હતી.
- પ્રધાનમંત્રી મોદી સાથે વાત કર્યા પછી, મોસ્કો કીવના અધિકારીઓએ માનવતાવાદી કોરિડોર બનાવવાની સૂચનાઓ આપી હતી.

શરૂઆત કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ પોતે એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભારતીય વિદ્યાર્થીઓની સલામતી અને સ્થળાંતર પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓની સલામતી અને સ્થળાંતર એ પ્રાથમિકતા છે. વિદ્યાર્થીઓને ઝડપથી બહાર કાઢવા માટે યુક્રેનના પડોશી દેશો સાથે સહકાર વધારવામાં આવશે. તેમણે પહેલા જ દિવસે સ્પષ્ટ કરી દીધું હતું કે મુશ્કેલ સમયમાં ભારતીયોને ઘરે લાવવા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેથી, યુદ્ધના પહેલા જ દિવસે પ્રધાનમંત્રી મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે ફોન પર વાત કરીને ભારતીયોની સલામત પરત ફરવાનો માર્ગ મોકળો કર્યો હતો.

આ મિશનની સૌથી મોટી મુશ્કેલી એ હતી કે યુક્રેનનું હવાઈ ક્ષેત્ર બંધ હતું. આવી સ્થિતિમાં, ભારતે તેના નાગરિકોને પાછા લાવવા માટે યુક્રેનના પડોશી દેશો-રોમાનિયા, હંગેરી, પોલેન્ડ અને સ્લોવાક રિપબ્લિકને તેનું ટ્રાન્ઝિટ કેન્દ્ર બનાવ્યું.

કોઈપણ ભારતીયને કોઈ મુશ્કેલી ન પડે અને બધાને ઘરે પાછા લાવવાનાં અભિયાનમાં કોઈ અવરોધ ન આવે તે માટે, પ્રધાનમંત્રી મોદીએ તેમના ચાર તત્કાલીન કેન્દ્રીય મંત્રીઓ - હરદીપ સિંહ પુરી, જ્યોતિરાદિત્ય સિંધિયા, કિરણ રિજિજુ અને જનરલ વી.કે. સિંહને ભારતીયોની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરવા માટે આ દેશોમાં મોકલ્યા.

### કોવિડ-19 કટોકટી દરમિયાન પણ સાવધ

'ઓપરેશન સિંધુ' હોય કે 'ઓપરેશન ગંગા', સક્રિય બનવું અને એક જવાબદાર રાષ્ટ્ર તરીકે બચાવ કાર્યને સતર્કતા સાથે પૂર્ણ કરવું એ નવા ભારતની નવી નીતિ બની ગઈ છે.

માર્ચ 2020માં જ્યારે કોવિડ-19 મહામારી સમગ્ર વિશ્વમાં ફેલાઈ ત્યારે પોતાના નાગરિકો તેમજ અન્ય દેશોના નાગરિકોને સુરક્ષિત રીતે દેશમાં પાછા લાવવાનાં ભારત સરકારનાં અભિયાનની સમગ્ર વિશ્વમાં પ્રશંસા કરવામાં



**12** ભારતીય વિદ્યાર્થીઓને યુદ્ધગ્રસ્ત સુમીથી બસ દ્વારા મધ્ય યુક્રેનના પોલ્ટાવા લઈ જવામાં આવ્યા હતા.

**ભારતની સાથે બાંગ્લાદેશ, નેપાળ અને ટ્યુનિશિયાના નાગરિકોને પણ ત્યાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.**

**9** બાંગ્લાદેશી વિદ્યાર્થીઓ | **3** નેપાળી વિદ્યાર્થીઓ

ભારતે આ વિદ્યાર્થીઓને યુક્રેનમાંથી બચાવ્યા હતા.

- ભારતે ચેર્નિહિવ, સુમી, ખાર્કિવ અને મારીપોલમાં ફસાયેલા તેમના નાગરિકોને પણ બહાર કાઢ્યા હતા.
- પ્રધાનમંત્રી મોદીએ પોતે પોલેન્ડના રાષ્ટ્રપતિ તેમજ યુરોપિયન યુનિયનના પ્રમુખ સાથે વાત કરી હતી. પડોશી દેશોએ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાંથી આવતા ભારતીયો માટે વિઝાની જરૂરિયાત નાબૂદ કરી હતી.
- વિદેશ મંત્રી એસ. જયશંકર રશિયા અને યુક્રેનના રાજદૂતો તેમજ પોલેન્ડ, હંગેરી, રોમાનિયા, મોલ્ડોવા અને સ્લોવાકિયાનાં વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં હતા.
- હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં ભારતીય વિદેશ સેવા (આઈ.એફ.એસ.)ના 30 યુવાન અધિકારીઓની મુખ્ય ટીમ બનાવીને નિયંત્રણ કક્ષની સ્થાપના કરવામાં આવી હતી. 150 થી વધુ અધિકારીઓ અને ટેકનિકલ સહાયકો શક્ય તમામ મદદ પૂરી પાડવા માટે રોકાયેલા હતા. અને પછી 50થી વધુ દેશોમાંથી ભારતીયોને પરત લાવવામાં આવ્યા

## એરલાઈન્સ અને વાયુસેનાએ મહત્વની ભૂમિકા ભજવી

એરલાઈન્સની સાથે, ભારતીયોને બહાર કાઢવા માટે સી-17 ગ્લોબમાસ્ટર સહિત ભારતીય વાયુસેનાનાં મોટાં વિમાનોને તૈનાત કરવામાં આવ્યાં હતાં.

**23,000** થી વધુ લોકોને યુક્રેનથી ભારત લાવવામાં આવ્યા હતા.

**90** ઉડાનોનું સંચાલન ઓપરેશન ગંગા હેઠળ કરવામાં આવ્યું હતું.

- 76 નાગરિક વિમાનો
- 14 વિમાનો ભારતીય વાયુસેનાનાં

ઓપરેશન ગંગામાં યુક્રેનથી **18** દેશોના 47 નાગરિકોને પણ લાવવામાં આવ્યા હતા.



# મિશન વંદે ભારત

**આપણા પોતાના લોકોને પાછા લાવવાનું અત્યાર સુધીનું સૌથી મોટું મિશન છે.**

- કોવિડ જેવી સદીની સૌથી મોટી મહામારી દરમિયાન, જ્યારે આખું વિશ્વ ઠપ્પ થઈ ગયું હતું અને ભારતે પણ કડક લૉકડાઉન લગાવવું પડ્યું હતું, ત્યારે કેન્દ્ર સરકારે વિદેશમાં ફસાયેલા ભારતીયોની સંભાળ રાખીને મિશન વંદે ભારત શરૂ કર્યું હતું. આ મિશન વૈશ્વિક સ્તરે સ્થળાંતરના સૌથી મોટા પ્રયાસોમાંનું એક રહ્યું છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આ સમગ્ર કાર્ય યોજના તૈયાર કરવામાં આવી હતી. 5 મે 2020ના રોજ વિદેશ મંત્રી એસ. જયશંકરે ટ્વિટ કરીને અન્ય દેશોમાં ફસાયેલા ભારતીયોને ત્યાંના દૂતાવાસના સંપર્કમાં રહેવા જણાવ્યું હતું. તેમાં વિવિધ રાજ્ય સરકારો સાથે વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 7 મે 2020ના રોજ અત્યાર સુધીનું સૌથી મોટું અને ઐતિહાસિક મિશન શરૂ થયું હતું.
- વંદે ભારત મિશન દ્વારા સંકટમાં ફસાયેલા દરેક ભારતીયને ઓપરેશન સમુદ્ર સેતુ દ્વારા હવાઈ અને દરિયાઈ માર્ગે પરત લાવવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. પ્રથમ તબક્કામાં, ભારતીયોને અખાતી દેશોમાંથી પાછા લાવવામાં આવ્યા હતા.

**"**

***તમારી પેઢી એ રીતે ભાગ્યશાળી છે કે તમારે અગાઉની 'રક્ષણાત્મક' અને 'આશ્રિત' મનોવૃત્તિનું નુકસાન સહન કરવું પડ્યું ન હતું. પરંતુ જો આ પરિવર્તન દેશમાં આવ્યું છે, તો તેનો પ્રથમ શ્રેય તમને બધાને, આપણા યુવાનોને પણ જાય છે. હવે તમે જુઓ, ઉદાહરણ તરીકે, જે ક્ષેત્રોમાં દેશે પહેલા પોતાની રીતે આગળ વધવાનું વિચાર્યું પણ નહોતું, ભારત હવે તે ક્ષેત્રોમાં વૈશ્વિક નેતા બનવાના માર્ગ પર છે.***


**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

આવી હતી. લૉકડાઉન વચ્ચે, ભારત લાખો ભારતીયોને પાછા લાવવા માટે 'વંદે ભારત મિશન' અને 'ઓપરેશન સમુદ્ર સેતુ' દ્વારા તેના નાગરિકોને દેશમાં પરત લાવ્યું હતું. આ મિશન દ્વારા માત્ર ચીન, ઈરાન, ઇટાલી અને જાપાન જેવા દેશોમાંથી ભારતીયોને જ નહીં, પરંતુ ભારતે અન્ય 50થી વધુ દેશોના નાગરિકોને પણ સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. એટલું જ નહીં, કોવિડના સમયમાં 150થી વધુ દેશોમાં આવશ્યક દવાઓ મોકલવાની હોય કે પછી કોવિડ સામે લડવા માટે બનાવવામાં આવેલી રસી વિશ્વના અન્ય દેશોને ઉપલબ્ધ કરાવવાની હોય, ભારતે હંમેશા વિશ્વ સમક્ષ અનુકરણીય ઉદાહરણ રજૂ કર્યું છે. આ જ કારણ છે કે બ્રાઝિલના રાષ્ટ્રપતિએ ભારતને હનુમાન કહ્યું અને સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ ભારતની પ્રશંસા કરી. ભારતના માનવતાવાદી અભિગમને કારણે વિશ્વના દેશો તેને વૈશ્વિક નેતા તરીકે સ્વીકારવામાં અચકાતા નહોતા.


### એક જવાબદાર રાષ્ટ્ર તરીકે ભારત

મજબૂત નેતૃત્વને કારણે ભારત હવે આશા અને વિશ્વાસનું પ્રતીક બની ગયું છે. વિતેલાં વર્ષોમાં વિશ્વમાં જ્યાં પણ ભારતીયો મુશ્કેલીમાં મુકાયા છે, ત્યાં ભારત પોતાના નાગરિકોને પ્રાથમિકતા આપીને સંકટમોચક તરીકે ઉભરી આવ્યું છે. વર્ષ 2015માં યુદ્ધગ્રસ્ત યમનમાંથી ભારતીયોને બહાર કાઢવા માટે માર્ચથી એપ્રિલ 2015 સુધી 'ઓપરેશન રાહત' ચલાવવામાં આવ્યું હતું. આમાં લગભગ 2 હજાર વિદેશી નાગરિકોને પણ બચાવી લેવામાં આવ્યા હતા. તે સમયે પણ યમનમાં બગડતી આંતરિક સ્થિતિને ધ્યાનમાં રાખીને 19 અને 25 માર્ચે લોકોને યમન છોડવા માટે સલાહ આપવામાં આવી હતી. વણસતી પરિસ્થિતિને જોતા ભારતે બચાવ વ્યૂહરચના પર કામ કર્યું અને પ્રધાનમંત્રી મોદીએ સાઉદી અરેબિયાના રાજા સાથે વાતચીત કરી. ભારતનાં વિદેશ મંત્રાલયે હેલ્પલાઈન અને સહાયની વ્યવસ્થા કરી હતી. આ અભિયાનમાં હવાઈ દળ, નૌકાદળનાં જહાજો અને કોમર્શિયલ વિમાનો પણ તૈનાત કરવામાં આવ્યાં હતાં. આ અભિયાનમાં ભારતે માત્ર તેના નાગરિકોને જ નહીં પરંતુ અન્ય 48 દેશોના લોકોને પણ બહાર કાઢવામાં મદદ કરી હતી. સાઉદી અરેબિયામાં ફસાયેલા લોકોનું પરત ફરવું પણ એક ઉદાહરણ છે.

19 જૂન, 2019ના રોજ મોદી સરકારે સાઉદી અરેબિયામાં ફસાયેલા ભારતીયોની સલામત પરત ફરવાની ખાતરી આપી હતી. બે કંપનીઓ વચ્ચેની લડાઈને કારણે સેંકડો ભારતીયો સાઉદી અરેબિયામાં ફસાયેલા હતા. મોદી સરકારની









- ઓપરેશન સમુદ્ર સેતુ દરમિયાન, ભારતીય નૌકાદળનાં જહાજો જલાશ્વ, ઐરાવત, શાર્દુલ અને મગરે 23,000 કિલોમીટરથી વધુની યાત્રા કરી હતી. આ દ્વારા 3,992 ભારતીય નાગરિકોને સફળતાપૂર્વક પરત લાવવામાં આવ્યા હતા.

- ઈતિહાસનાં સૌથી મોટાં મિશન પૈકીનાં એક વંદે ભારત મિશન હેઠળ 7 મે 2020થી માર્ચ 2022ની વચ્ચે 2.17 લાખ ફ્લાઈટ્સ દ્વારા 2.97 કરોડથી વધુ લોકોને પરત લાવવામાં આવ્યા હતા. એર બબલ વ્યવસ્થા હેઠળ વ્યાપારી અને ચાર્ટર્ડ બંને ઉડાનોએ સુનિશ્ચિત કર્યું કે ફસાયેલા નાગરિકો તેમના ઘરે પરત ફરી શકે.

### કોવિડ વચ્ચે ચીનમાંથી આપણા લોકોને પરત લાવ્યા

2020ની શરૂઆતમાં કોવિડ-19 મહામારી ફાટી ત્યારે ભારતે 637 ભારતીય નાગરિકો અને માલદીવના 7 નાગરિકોને ચીનના વુહાનમાંથી બહાર કાઢવા માટે ઝડપથી કાર્યવાહી કરી હતી. પ્રારંભિક પ્રતિક્રિયાએ સંભવિત જોખમોને રોકવામાં મદદ કરી અને તાત્કાલિક કટોકટી વ્યવસ્થાપનનું પ્રદર્શન કર્યું.

પહેલ પર 1200 ભારતીયોને દેશમાં પરત લાવવામાં આવ્યા હતા. દેશ પરત ફરેલા ભારતીયોએ તેમની વાપસી બદલ પ્રધાનમંત્રી મોદીનો આભાર માન્યો હતો. કતારમાં મૃત્યુદંડની સજા પામેલા પોતાના નૌકાદળના 8 ભૂતપૂર્વ કર્મચારીઓને મુક્ત કરવામાં મળેલી સફળતાએ સામાન્ય ભારતીયને નવો આત્મવિશ્વાસ આપ્યો છે.

25 એપ્રિલ, 2015ના રોજ નેપાળમાં આવેલા વિનાશકારી ભૂકંપ પછી 'પાડોશી પહેલો દોડી આવે'ના વિચારને પૂર્ણ કરતાં ભારતે એનડીઆરએફની ટીમો મોકલી હતી, જે 6 કલાકમાં નેપાળ પહોંચી હતી અને લગભગ 67 મિલિયન ડૉલરની સહાય પણ પૂરી પાડી હતી. ભૂકંપને કારણે નેપાળમાં ફસાયેલા ભારતીય લોકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન મૈત્રી' શરૂ કરવામાં આવ્યું હતું. 2016માં, દક્ષિણ સુદાનમાં સંઘર્ષની ઘટનાઓને ધ્યાનમાં રાખીને, ભારતે તેના લોકોને પાછા લાવવા માટે 'ઓપરેશન સંકટમોચન' શરૂ કર્યું હતું, જેમાં 156 ભારતીયો અને 2 નેપાળી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ઈન્ડોનેશિયા પ્રજાસત્તાકમાં ભૂકંપ અને સુનામીના પીડિતો માટે 'ઓપરેશન સમુદ્ર મૈત્રી' શરૂ કરવામાં આવ્યું હતું, જ્યારે મોઝામ્બિકમાં 2019નાં તોફાન દરમિયાન ભારતે માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત પૂરી પાડી હતી અને 192થી વધુ લોકોને બચાવ્યા હતા. એ જ રીતે, 2021માં, અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે 'ઓપરેશન દેવીશક્તિ' શરૂ કરવામાં આવ્યું હતું. ઈસ્ટરના અવસરે શ્રીલંકામાં થયેલા આતંકવાદી હુમલા પછી, પ્રધાનમંત્રી મોદી તે દેશની મુલાકાત લેનારા પ્રથમ વિશ્વ નેતા હતા. શ્રીલંકામાં ભારતની કટોકટી એમ્બ્યુલન્સ સેવા હજુ પણ દેશના તમામ 9 પ્રાંતોમાં ઉપલબ્ધ છે.

### ભારત કટોકટીના સમયમાં વિશ્વને મદદ કરવા પણ તૈયાર છે

વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના સાથે, ભારતે સુનામી અને જ્વાળામુખીના

## ઈરાકમાંથી 46 ભારતીય નર્સોને બચાવી લેવાઈ

**જૂન 2014**

જૂન 2014માં ઇરાકમાં આઈએસઆઈએસના હુમલા દરમિયાન તિકરિતની એક હૉસ્પિટલમાં આતંકવાદીઓએ 46 ભારતીય નર્સોને બંધક બનાવી લીધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તત્કાલીન વિદેશ મંત્રી સુષમા સ્વરાજે સંપર્કનાં દરેક સ્તરે કામ કર્યું હતું. એનએસએ અજીત ડોભાલ પોતે ઈરાક પહોંચ્યા હતા. આખરે, નર્સોને બસોની વ્યવસ્થા કરીને ઈરબિલ શહેરમાં લાવવામાં આવી હતી. આ નર્સો 5 જુલાઈ, 2014ના રોજ દિલ્હી પહોંચી હતી. કેરળમાં ફસાયેલા ઘણા લોકોને પણ યુદ્ધગ્રસ્ત ઈરાકમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

## ઓપરેશન સંકટ મોચનઃ સુદાનમાંથી 153 લોકોને બચાવી લેવાયા

**જુલાઈ 2016**

વર્ષ 2016માં લગભગ 600 ભારતીયો દક્ષિણ સુદાનમાં ફસાયેલા હતા, જે હિંસાની આગમાં સળગી રહ્યું હતું. ભારત સરકારે તેમને બહાર કાઢવા માટે ઓપરેશન સંકટ મોચન શરૂ કર્યું હતું. તત્કાલીન વિદેશ રાજ્ય મંત્રી વી. કે. સિંહ પોતે સી-17 ગ્લોબમાસ્ટર સાથે રાજધાની જુબા પહોંચ્યા હતા. આ ઓપરેશન દરમિયાન 153 લોકોને વિમાન દ્વારા પરત લાવવામાં આવ્યા હતા. તેમાં 2 નેપાળી નાગરિકોનો સમાવેશ થાય છે. ભારતની એડવાઈઝરી જાહેર થતાં જ કેટલાક લોકો જાતે જ પરત ફર્યા હતા, જ્યારે 300 લોકો વેપારને કારણે ત્યાં રોકાયા હતા.

## ઓપરેશન દેવી શક્તિ

### અફઘાનિસ્તાનની કટોકટી વચ્ચે ભારતીયો ઘરે પહોંચ્યા

- વર્ષ 2021માં, જ્યારે સત્તામાં અચાનક પરિવર્તનને કારણે અફઘાનિસ્તાનની સ્થિતિ ગંભીર બની ગઈ હતી, ત્યારે દુનિયાએ કાબુલ એરપોર્ટ પર અંધાધૂંધીનો સામનો કર્યો હતો. ભારત સરકારે દેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે ઓપરેશન દેવી શક્તિ શરૂ કર્યું હતું.
- પીએમ મોદીએ એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી અને તમામ ભારતીયોની સલામત પરત ફરવાની ખાતરી કરવા તેમજ આશ્રય મેળવવા માંગતા હિંદુઓ અને શીખોને બહાર કાઢવા માટે સ્પષ્ટ સૂચનાઓ જારી કરી. આ ઓપરેશન 40 વિમાનોનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવ્યું હતું, જે મિશનના વ્યાપ અને તાકીદને પ્રતિબિંબિત કરે છે.
- ઓપરેશન દેવી શક્તિમાં 206 અફઘાન નાગરિકો અને 448 ભારતીય નાગરિકોને ભારત લાવવામાં આવ્યા હતા. ઑગસ્ટની શરૂઆતમાં જ 438 ભારતીયો સહિત 565 લોકોને ભારત લાવવામાં આવ્યા હતા. આમાંના ઘણા લોકોને સૌપ્રથમ કાબુલથી તાજિકિસ્તાનની રાજધાની દુશાંબે લઈ જવામાં આવ્યા હતા. આ પછી, એર ઈન્ડિયા અને વાયુસેનાનાં સી-17 ગ્લોબમાસ્ટરે તેમને ભારત પહોંચાડ્યા હતા.



- સરકારે શ્રી ગુરુ ગ્રંથ સાહિબનાં પાંચ પવિત્ર સ્વરૂપોને પરત લાવવાનું પણ સુનિશ્ચિત કર્યું, જેને એક અલગ ઉડાન પર ખૂબ જ આદર સાથે પરત લાવવામાં આવ્યાં હતાં.

વિનાશથી અસરગ્રસ્ત ટોંગાને તાત્કાલિક રાહત, પુનર્વસન અને પુનર્નિર્માણ માટે 2 લાખ ડૉલરની નાણાકીય સહાય પૂરી પાડી હતી. વર્ષ 2018માં ચક્રવાત ગીતાના કારણે થયેલી તબાહી દરમિયાન પણ ભારત ટોંગાની સાથે મજબૂતીથી ઊભું રહ્યું હતું. ભારતે કટોકટીના સમયમાં માલદીવને પણ મદદ કરી હતી. ચીને પહેલા માલદીવને દેવાની જાળમાં ફસાવ્યું હતું અને પછી લોનની ચુકવણી માટે નોટિસ મોકલી હતી. આવી સ્થિતિમાં ભારતે આર્થિક કટોકટીને દૂર કરવા માટે માલદીવને 25 કરોડ ડૉલર (1,840 કરોડ રૂપિયા)ની નાણાકીય સહાય પૂરી પાડી હતી. તત્કાલીન રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમ્મદ સાલેહે આ નાણાકીય સહાય માટે ભારત અને પ્રધાનમંત્રી મોદીનો આભાર માન્યો હતો. થાઈલેન્ડની એક ગુફા થામ લુઆંગ નાંગ નોનમાં 12 બાળકો અને અંડર-16 ફૂટબોલ ટીમના કોચ ફસાયા બાદ વૈશ્વિક ચિંતા ફેલાઈ હતી. વિશ્વનાં સૌથી જોખમી રાહત અને બચાવ અભિયાનમાં બ્રિટન, ફ્રાન્સ, જાપાન અને અમેરિકા સહિત ઘણા દેશોએ તેમના નિષ્ણાતો મોકલ્યા હતા, પરંતુ જ્યારે કંઈ કામ ન લાગ્યું ત્યારે થાઈ સરકારે ભારત સરકારને મદદ માટે વિનંતી કરી હતી. ભારત સરકારે સમય બગાડ્યા વિના ભારતીય ઈજનેરોને મદદ કરવાની સૂચના આપી. ભારત સરકારના આદેશ પર, કેબીએસનો હેવી ફ્લડ પંપ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં સ્થિત કિર્લોસ્કર ગ્રૂપ કંપનીમાંથી મોકલવામાં આવ્યો હતો.

ભારતથી કેબીએસ હેવી ફ્લડ પંપ થાઈલેન્ડ પહોંચ્યા પછી ગુફામાં પાણીનું

માર્ચ 2015

## યમનમાં ઓપરેશન રાહત

# જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ફોન કૉલથી ભારતીયોના પરત ફરવાનો માર્ગ ખુલ્યો



- 18 વિશેષ વિમાનો અને સી-17 ગ્લોબમાસ્ટરનો ઉપયોગ કરીને સના એરપોર્ટ પરથી 2,900 નાગરિકોને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. ભારતીય નૌકાદળે એડન બંદરમાંથી 1,670 લોકોને તેમજ અન્ય સ્થળેથી 349 લોકોને બહાર કાઢ્યા હતા.
- આ ઓપરેશન દરમિયાન 5,600 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. તેમાં 4,640 ભારતીયો સહિત 41 દેશોના 960 નાગરિકો સામેલ હતા.

માર્ચ 2015માં, સાઉદી અરેબિયા અને તેના સાથીઓએ યમનમાં લશ્કરી હસ્તક્ષેપ શરૂ કર્યો, યમન લાંબા સમયથી ગૃહ યુદ્ધની આગમાં સળગી રહ્યું હતું. આ સમય દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોએ અહીં ફસાયેલા 4 હજારથી વધુ ભારતીયો અને ઘણા વિદેશી નાગરિકોને બહાર કાઢવા માટે ઓપરેશન રાહત શરૂ કર્યું હતું. એક ઉચ્ચ સ્તરીય બેઠક બાદ પ્રધાનમંત્રી મોદીના નિર્દેશ પર તત્કાલીન વિદેશ મંત્રી સુષમા સ્વરાજ અને વિદેશ રાજ્ય મંત્રી જનરલ વી. કે. સિંહે કમાન સંભાળી હતી. આ ઓપરેશનની સંપૂર્ણ વાર્તા ખુદ વિદેશ મંત્રી સુષમા સ્વરાજે આસિયન પરિષદ દરમિયાન સંભળાવી હતી. તેમણે કહ્યું કે તેઓ પ્રધાનમંત્રી મોદી પાસે ગયા અને તેમને સૂચન કર્યું કે સાઉદી સાથે તેમના વધુ સારા સંબંધો ઉપયોગી થઈ શકે છે. પ્રધાનમંત્રીએ શાહને કૉલ કર્યો અને તેમને એક અઠવાડિયા માટે બોમ્બમારો બંધ કરવા કહ્યું.

સ્તર ઘટી ગયું હતું. પાણીનું સ્તર ઘટ્યા પછી જ ડાઈવર્સનું કામ સરળ બન્યું હતું અને ત્રણ દિવસની મુશ્કેલ કામગીરી પછી તમામ બાળકો અને તેમના કૉચને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ભારતે શ્રીલંકાના ચાના બગીચાઓમાં કામ કરતા ભારતીય મૂળના લોકો માટે આવાસ યોજના હેઠળ એક હજારથી વધુ મકાનો બાંધ્યાં અને સોંપ્યાં છે. આ ભારત દ્વારા કોઈપણ દેશમાં સૌથી મોટો આવાસ પ્રોજેક્ટ છે. શ્રીલંકામાં રહેતા ભારતીય મૂળના તમિલો મોટે ભાગે ચા અને રબરનાં વાવેતરમાં કામ કરે છે અને તેમને યોગ્ય રહેઠાણનો અભાવ છે. જ્યારે તુર્કીમાં ભયંકર ભૂકંપ આવ્યો ત્યારે ભારતે 'ઓપરેશન દોસ્ત' શરૂ કરીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

### વિદેશી નીતિનો આધાર-રાષ્ટ્ર પ્રથમ

છેલ્લાં 11 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ગતિશીલ અને પરિવર્તનકારી વિદેશ નીતિને આકાર આપ્યો છે. તેનો મંત્ર છે-રાષ્ટ્ર પ્રથમ, અને વિઝન છે-'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'. ભારતની વિદેશ નીતિ 'પડોશી પ્રથમ'ની નીતિ પર આધારિત છે.

એક્ટ ઈસ્ટ, થિંક વેસ્ટ અને કનેક્ટ સેન્ટ્રલ એશિયા નીતિઓ દ્વારા તેને મજબૂત બનાવવામાં આવ્યું છે. સિક્યુરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજન (સાગર)ની રચના ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં સરકારનાં વિઝન, કાયદા આધારિત વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા સમાન વિચારધારા ધરાવતા ભાગીદારો

## ઓપરેશન કાવેરી

### સુદાનથી 4 હજારથી વધુ ભારતીયો પરત ફર્યા

જ્યારે 2023માં સુદાનમાં સંઘર્ષ ફાટી નીકળ્યો, ત્યારે ભારતે તરત જ ઓપરેશન કાવેરી શરૂ કર્યું.




**18** ઉડાનો ભારતીય વાયુસેનાની

**20** કોમર્શિયલ ફ્લાઈટ્સ

**5** ભારતીય નૌકાદળનાં જહાજોને કામે લગાડાયાં

**136** વિદેશી નાગરિકો પરત લાવવામાં આવેલા 4,097 લોકોમાં સામેલ હતા.



આ ઓપરેશન હેઠળ, ચાડ, ઈજિપ્ત, ઈથોપિયા અને દક્ષિણ સુદાન જેવા પડોશી દેશોમાંથી જમીન માર્ગે 108 ભારતીય નાગરિકોને બહાર કાઢવામાં સફળતા મળી હતી.

## ઓપરેશન અજય

### ઈઝરાયલમાંથી 1,300થી વધુ લોકોને બહાર કાઢવામાં આવ્યા

વર્ષ 2023માં ઈઝરાયલમાં સંઘર્ષ વચ્ચે ભારતે ફરી એકવાર કાર્યવાહી કરી હતી.

**1,343** લોકોને 6 વિશેષ વિમાનો દ્વારા પરત લાવવામાં આવ્યા હતા.

**1,309** ભારતીય નાગરિકો

**20** નેપાળી નાગરિકો

**14** ભારતીય મૂળના વિદેશી નાગરિકો (ઓસીઆઈ) કાર્ડધારકો



સાથેના સંબંધોને મજબૂત કરવા માટે કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (આઈએસએ), ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોએલિશન (સીડીઆરાઈ), એન્વાયર્નમેન્ટલી ફ્રેન્ડલી લાઈફસ્ટાઈલ (LiFE) અને ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ (આઈબીસીએ) જેવી નવી પહેલે વિશ્વ સાથે ભારતના બહુપક્ષીય સંબંધોને મજબૂત બનાવ્યા છે.

ભારતની વૈશ્વિક હાજરીને વિસ્તૃત કરવાનાં સરકારનાં લક્ષ્યને ધ્યાનમાં રાખીને વિશ્વભરમાં મિશન, વાણિજ્ય દૂતાવાસ અને પ્રતિનિધિ કચેરીઓની સંખ્યા વધારવા માટે પણ નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવ્યા છે. ભારતે 1 ડિસેમ્બર 2022ના રોજ G-20નું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. ભારતનાં અધ્યક્ષપદની થીમ વસુધૈવ કુટુંબકમ્ અથવા એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની વિભાવના પર આધારિત હતી, જેની વ્યાપક પ્રશંસા કરવામાં આવી છે. 60 શહેરોમાં 200થી વધુ બેઠકોએ G-20 કાર્યક્રમ માટે અભૂતપૂર્વ વાતાવરણ ઊભું કર્યું. પરિણામે, ભારતનું G-20 પ્રમુખપદ ખરેખર લોકો-કેન્દ્રિત બન્યું અને એક રાષ્ટ્રીય પ્રયાસ તરીકે ઉભરી આવ્યું. ઈ-ગવર્નન્સ-સંબંધિત પદ્ધતિઓના ઉપયોગ દ્વારા, ભારતની કોન્સ્યુલર કામગીરીને વૈશ્વિક સ્તરે સૌથી ઝડપી, સૌથી પારદર્શક અને અવિરત બનાવવામાં આવી છે.

ભારતે વિદેશમાં ભારતીય કામદારોનાં હિતોનું રક્ષણ કરવા માટે સામાજિક સુરક્ષા કરારો પર હસ્તાક્ષર કર્યા છે. વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોની પારસ્પરિક

## ભારતીય નૌકાદળના

### તમામ 8 પૂર્વ નાવિકોને કતારમાંથી મુક્ત કરાયા

12 ફેબ્રુઆરી 2024ના રોજ કતારની અદાલતે ભારતીય નૌકાદળના તમામ 8 ભૂતપૂર્વ ખલાસીઓને મુક્ત કર્યા હતા. તેમાંથી 7 નૌકાદળના જવાનો ભારત પરત ફર્યા છે.

**8** નૌકાદળના ભૂતપૂર્વ કર્મચારીઓ પર જાસૂસીનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેમને કતારની જેલમાં કેદ કરવામાં આવ્યા હતા.



તેમને કતારની અદાલત દ્વારા મૃત્યુદંડની સજા પણ સંભળાવવામાં આવી હતી, જેના પછી તેમની મુક્તિ મુશ્કેલ બની હતી. જ્યારે કતારની અદાલતે 26 ઑક્ટોબર 2023ના રોજ આ ભૂતપૂર્વ નૌકાદળના કર્મચારીઓને મૃત્યુદંડની સજા સંભળાવી ત્યારે આખો દેશ મોદી સરકારની સાથે ઊભો રહ્યો હતો અને તેમની વહેલી મુક્તિ માટે પ્રાર્થના કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજદ્વારી પ્રયાસોને કારણે તેમને 12 ફેબ્રુઆરી 2024ના રોજ મુક્ત કરવામાં આવ્યા હતા.

## ઓપરેશન ઈન્દ્રાવતી

### દ્વારા હૈતીમાંથી લોકોને સલામત લવાયા

માર્ચ 2024માં હૈતીમાં નાગરિક અશાંતિ ફાટી નીકળી હતી. ભારતે તેના નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે તરત જ ઓપરેશન ઈન્દ્રાવતી શરૂ કર્યું. સત્તર ભારતીય નાગરિકોને હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને ડોમિનિકન રિપબ્લિકમાં સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જે ભારતની લોકો કેન્દ્રિત વિદેશ નીતિમાં વધુ એક સફળતા હતી.



મુલાકાતો વધારવા માટે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ઉપરાંત, ગેરકાયદેસર સ્થળાંતરને રોકવા માટે ઘણા દેશો સાથે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

માનવતાવાદી કટોકટી દરમિયાન પ્રયાસોનું સંકલન કરવા માટે વિદેશ મંત્રાલયમાં એક વિશેષ વિભાગ તરીકે રેપિડ એક્શન સેલની સ્થાપનાએ આપત્તિ પ્રોટોકોલને વધુ સંવેદનશીલ બનાવી દીધા છે. ભારતે માનવતાવાદી કટોકટી દરમિયાન પગલાં લેનાર પ્રથમ રાષ્ટ્ર તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આવા પ્રયાસોથી ભારતે છેલ્લાં 11 વર્ષ દરમિયાન વિવિધ રાહત અને સ્થળાંતર કામગીરીઓ હાથ ધરી છે, જ્યારે દેશે નાગરિકોની સલામતી માટે કોઈપણ હદ સુધી જવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ વર્ષે 22 એપ્રિલના રોજ પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલા પછી દુનિયાએ ઓપરેશન સિંદૂર દ્વારા ભારતની આ પરંપરા અને નીતિની ઝલક જોઈ. તે જ સમયે, સુદાન, ઈરાક, અફઘાનિસ્તાનથી લઈને ઈરાનમાં ઓપરેશન સિંધુ સુધી હાથ ધરવામાં આવેલી બચાવ કામગીરી નવા ભારતની શક્તિનું પ્રતીક બની ગઈ છે. વિશ્વ અને વિશ્વભરમાં રહેતા ભારતીયોને પણ હવે સમજાયું છે કે તેઓ દરેક કટોકટીમાં સુરક્ષિત છે અને વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાથી સુરક્ષિત રીતે ઘરે પાછા લાવી શકાય છે. ભારતે કટોકટીના સમયમાં વિશ્વના અન્ય દેશોને મદદ કરીને એક જવાબદાર રાષ્ટ્ર બનવાનું ઉદાહરણ પણ રજૂ કર્યું છે. ■




# સરકારે 3.5 કરોડ નોકરીઓનું સર્જન કરવા માટે

## રૂપિયા 1 લાખ કરોડની ઈએલઆઈ યોજના શરૂ કરી

છેલ્લાં 11 વર્ષોમાં યુવાનો ભારત સરકારની નીતિઓનાં કેન્દ્રમાં રહ્યા છે, તેથી કૃષિ સાથે સંશોધન, નવીનતા અને રમતગમત જેવાં ક્ષેત્રો ટોચની પ્રાથમિકતાઓમાં રહ્યાં છે. હવે ફરી એકવાર કેન્દ્રીય મંત્રીમંડળે 3.5 કરોડ યુવાનોને રોજગારી પૂરી પાડવા માટે પ્રથમ વખત રોજગાર સાથે જોડાયેલી પ્રોત્સાહન (ઇ.એલ.આઇ.) યોજનાને મંજૂરી આપી. આ ઉપરાંત મંત્રીમંડળના નિર્ણયોમાં રૂ. 1 લાખ કરોડ સાથે સંશોધન વિકાસ અને નવીનતા મિશન, રાષ્ટ્રીય રમત નીતિ-2025, દેશના ખાદ્ય ઉત્પાદકો માટે આંતરરાષ્ટ્રીય બટાટા કેન્દ્ર અને વિકાસ કાર્યો સાથે સંબંધિત ઘણી પરિયોજનાઓનો સમાવેશ થાય છે....

**નિર્ણયઃ રૂ. 99,446 કરોડની રોજગાર સંલગ્ન પ્રોત્સાહન (ઇ.એલ.આઇ.) યોજનાને મંજૂરી**

**અસરઃ** આ યોજના ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરશે. સરકારનું માનવું છે કે આ યોજનાઓ દેશમાં રોજગારીની તકો વધારશે, ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવશે અને સંશોધનને પણ પ્રોત્સાહન આપશે. આ યોજનાના બે ભાગ હશે. પ્રથમ ભાગ તે લોકો માટે હશે જેઓ પ્રથમ વખત રોજગાર શરૂ કરી રહ્યા છે. તેની સાથે જ, બીજો ભાગ સતત રોજગારી પૂરી પાડતી કંપનીઓને ટેકો આપવા માટે રહેશે. આ યોજનાનો ઉદ્દેશ બે વર્ષમાં દેશમાં 3.5 કરોડથી વધુ નવી રોજગારીની તકોનું સર્જન કરવાનો છે. આ યોજનાનો લાભ 1 ઑગસ્ટ, 2025 અને 31 જુલાઈ, 2027 વચ્ચે ઊભી થયેલી નોકરીઓ પર લાગુ થશે. આ યોજનાના બે ભાગો છે, જેમાં ભાગ 1- પ્રથમ વખત નોકરી શોધનારાઓ પર કેન્દ્રિત છે અને ભાગ -2 નોકરીદાતાઓ પર કેન્દ્રિત છે. ઈએલઆઈ યોજનાની જાહેરાત કેન્દ્રીય બજેટમાં પ્રધાનમંત્રીનાં પાંચ યોજનાઓનાં પૅકેજના ભાગ રૂપે કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ 4.1 કરોડ યુવાનોને રોજગારી, કૌશલ્ય અને અન્ય તકો પ્રદાન કરવાનો છે, જેનો કુલ અંદાજપત્ર ખર્ચ 2 લાખ કરોડ રૂપિયા છે.

**ભાગ 1:** પહેલી વખત કામ કરતા કામદારોને બે હપ્તામાં 15,000 રૂપિયા સુધીનો એક મહિનાનો પગાર મળશે.આ ભાગ થી લગભગ 1.92 કરોડ પ્રથમ વખતના કામદારોને લાભ થશે.

**ભાગ 2:** આ ભાગ ઉત્પાદન ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને તમામ ક્ષેત્રોમાં વધારાની રોજગારીનું સર્જન કરશે. 1 લાખ રૂપિયા સુધીના પગારવાળા કર્મચારીઓના સંબંધમાં નોકરીદાતાઓને પ્રોત્સાહન મળશે. સરકાર નોકરીદાતાઓને ઓછામાં ઓછા 6 મહિના સુધી સતત રોજગાર ધરાવતા દરેક વધારાના કર્મચારી માટે બે વર્ષ માટે દર મહિને 3,000 રૂપિયા સુધીનું પ્રોત્સાહન આપશે. ઉત્પાદન ક્ષેત્ર માટે પ્રોત્સાહન ત્રીજાં અને ચોથાં વર્ષ સુધી પણ લંબાવવામાં આવશે.

**નિર્ણયઃ સંશોધન, વિકાસ અને નવીનીકરણને પ્રોત્સાહન આપવા માટે સંશોધન, વિકાસ અને નવીનીકરણ (આર.ડી.આઈ.) યોજનાને મંજૂરી.**

**અસરઃ** આ અંતર્ગત દેશમાં સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. આ યોજના માટે 1 લાખ કરોડ રૂપિયાનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે. સંશોધન, વિકાસ અને નવીનીકરણને પ્રોત્સાહન આપવા માટે આ યોજના તૈયાર કરતા પહેલા નેશનલ રિસર્ચ ફાઉન્ડેશને વિશ્વના ઘણા દેશોનાં સફળ સંશોધન મૉડલનો અભ્યાસ કર્યો હતો. તેમાંથી શીખીને આ નવી યોજના ભારતમાં તૈયાર કરવામાં આવી છે. સરકારનું માનવું છે કે આનાથી દેશમાં સંશોધનને પ્રોત્સાહન મળશે એટલું જ નહીં, પરંતુ નવીનતા દ્વારા નવા ઉદ્યોગોને પણ મજબૂત બનાવશે.

**નિર્ણયઃ દેશના રમતગમતના પરિદ્રશ્યને નવો આકાર આપવા માટે રાષ્ટ્રીય રમત નીતિ (એન.એસ.પી.) 2025ને મંજૂરી.**

**અસરઃ** નવી નીતિ હાલની રાષ્ટ્રીય રમત નીતિ, 2001નું સ્થાન લેશે. તે દેશને વૈશ્વિક રમતગમત મહાશક્તિ અને 2036 ઑલિમ્પિક ગેમ્સ સહિત આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટતા માટે મજબૂત દાવેદાર તરીકે સ્થાપિત કરવા માટે એક દૂરદર્શી અને વ્યૂહાત્મક રોડમેપ પણ રજૂ કરશે.

**નિર્ણયઃ ઉત્તર પ્રદેશમાં આગ્રાના સિંગના ખાતે આંતરરાષ્ટ્રીય બટાટા કેન્દ્ર (સી.આઈ.પી.)ના દક્ષિણ એશિયા પ્રાદેશિક કેન્દ્રની સ્થાપનાને મંજૂરી**

**અસરઃ** આ રોકાણનો મુખ્ય ઉદ્દેશ બટાટા અને શક્કરિયાની ઉત્પાદકતા, વ્યવસ્થાપન અને મૂલ્ય સંવર્ધનમાં સુધારો કરીને ખાદ્ય અને પોષણ સુરક્ષા, ખેડૂતોની આવક અને રોજગારીનું સર્જન વધારવાનો છે. ખેડૂતોને બિયારણ ઉત્પાદનથી માંડીને જંતુ વ્યવસ્થાપન, ટકાઉ ઉત્પાદન અને ખેડૂતોને તાલીમ પ્રદાન કરતું આ કેન્દ્ર વિશ્વની શ્રેષ્ઠ પ્રણાલીઓને અપનાવવામાં પણ મદદરૂપ થશે. આવનારા સમયમાં આ કેન્દ્ર બટાટાના ખેડૂતો માટે સમૃદ્ધિ અને પ્રગતિનું માધ્યમ બનશે.

**નિર્ણયઃ પૂણે મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાના બે કોરિડોરને મંજૂરી.**

**અસરઃ** આ ફેઝ 1 હેઠળ હાલના વનાઝ-રામ વાડી કોરિડોરનું વિસ્તરણ છે. આ બે એલિવેટેડ કોરિડોર 12.75 કિમી સુધી ફેલાયેલા હશે અને તેમાં 13 સ્ટેશનોનો સમાવેશ થશે, જે ચાંદની ચોક, બાવધન, કોથરુડ, ખરાડી અને વાઘોલીના ઝડપથી વિકસતા ઉપનગરોને જોડશે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. 3,626.24 કરોડ છે.

**નિર્ણયઃ ઝરિયા કોલસા ક્ષેત્રમાં આગ, જમીન બેસી જવી અને અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસન સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે સુધારેલા ઝરિયા માસ્ટર પ્લાન (જે.એમ.પી.)ને મંજૂરી.**

## લોકશાહીને જાળવી રાખવાની પ્રતિજ્ઞા

- દેશમાં કટોકટી લાદવાના 50 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે કટોકટી અને ભારતીય બંધારણની ભાવનાને નબળી પાડવાનો વિરોધ કરનારા અગણિત વ્યક્તિઓના દમનયુક્ત દુઃખને યાદ કરવાનો અને બલિદાનનું સન્માન કરવાનો સંકલ્પ લીધો હતો. 1974માં તત્કાલીન સરકારે નવનિર્માણ આંદોલન અને સંપૂર્ણ ક્રાંતિ અભિયાનને કચડી નાખવા માટે કટોકટી લાદવાનું ક્રૂર પગલું ભર્યું હતું.
- 25 જૂનના રોજ, કેન્દ્રીય મંત્રીમંડળે બંધારણ દ્વારા આપવામાં આવેલા લોકશાહી અધિકારોથી વંચિત રખાયેલા અને અકલ્પનીય ભયાનકતાનો સામનો કરનારા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું. કેન્દ્રીય મંત્રીમંડળે કટોકટીના અતિરેક સામે તેમના અનુકરણીય સાહસ અને બહાદુર પ્રતિકારને શ્રદ્ધાંજલિ આપી હતી.
- કેન્દ્રીય મંત્રીમંડળે પુનઃપુષ્ટિ કરી હતી કે, ભારતના લોકોને ભારતીય બંધારણ અને દેશના લોકશાહી મૂલ્યોમાં દ્રઢ વિશ્વાસ છે. યુવાનો માટે એ લોકો પાસેથી પ્રેરણા લેવી મહત્વપૂર્ણ છે જેમણે સરમુખત્યારશાહી વલણોનો સખત વિરોધ કર્યો હતો અને આપણા બંધારણ અને તેનાં લોકશાહી માળખાના રક્ષણ માટે મક્કમ રીતે ઊભા રહ્યા હતા. લોકશાહીની જનની તરીકે ભારત બંધારણીય મૂલ્યોના રક્ષણ, જાળવણી અને બાહેંધરીનું ઝળહળતું ઉદાહરણ છે. કેન્દ્રીય મંત્રીમંડળે આહ્વાન કર્યું કે આવો, આપણે આપણા બંધારણ અને તેની લોકશાહી અને સંઘીય ભાવનાને જાળવી રાખવા માટે એક રાષ્ટ્ર તરીકે આપણા સંકલ્પની પુષ્ટિ કરીએ.

**અસરઃ** સુધારેલી જે.એમ.પી. યોજના પુનર્વસન પામેલા પરિવારોને કાયમી આજીવિકાના સાધનો પૂરા પાડવા પર ભાર મૂકે છે. પુનર્વાસિત પરિવારોની આર્થિક આત્મનિર્ભરતા માટે વિશેષ કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી પગલાં લેવામાં આવશે. સુધારેલી યોજનાના અમલીકરણમાં કુલ રૂ.5,940.47 કરોડનો નાણાકીય ખર્ચ થશે.

**નિર્ણયઃ તમિલનાડુમાં 1,853 કરોડ રૂપિયાના ખર્ચે 4-લેન પરમકુડી-રામનાથપુરમ વિભાગ (એનએચ-87)નાં નિર્માણને મંજૂરી.**

**અસરઃ** આ પ્રોજેક્ટ હાઈબ્રિડ એન્યુટી મોડમાં વિકસાવવામાં આવશે, જેનો કુલ ખર્ચ રૂ. 1,853 કરોડ થશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી પરમકુડી રામનાથપુરમ વિભાગ પ્રાદેશિક આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ■

બિહારના સિવાનમાં વિવિધ વિકાસ યોજનાઓ શરૂ કરવામાં આવી

# બિહારની સમૃદ્ધિથી દેશની સમૃદ્ધિ

**ધર્મ અને આધ્યાત્મિકતા તેમજ રાજકારણના કેન્દ્ર તરીકે પ્રખ્યાત, બિહારે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. એવા સમયે જ્યારે દેશ વિકસિત રાષ્ટ્ર બનવાના સંકલ્પના માર્ગ પર આગળ વધી રહ્યો છે, ત્યારે બિહારનું મહત્વ વધુ વધી રહ્યું છે. સમૃદ્ધ ભારત માટે સમૃદ્ધ બિહારની આ ભૂમિકાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 જૂનના રોજ સિવાનમાં આયોજિત એક કાર્યક્રમમાં 5200 કરોડ રૂપિયાથી વધુની વિકાસ ભેટ આપી હતી....**

બિહાર, જે એક સમયે ભારતમાં બીમાર રાજ્ય તરીકે જાણીતું હતું, તે આજે વિકાસના નવા સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે અને તેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પનું પણ મહત્વપૂર્ણ યોગદાન છે. 2014માં પ્રધાનમંત્રીનું પદ સંભાળ્યા પછી તેમની 51મી બિહાર મુલાકાતમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદની પવિત્ર ભૂમિ બિહારને નમન કરતા પ્રધાનમંત્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારના આ પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે વિશ્વભરના મોટા, સમૃદ્ધ દેશોના નેતાઓ ભારતની ઝડપી પ્રગતિથી ખૂબ પ્રભાવિત છે.

તેઓ જોઈ રહ્યા છે કે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા






## પીએમ મોદીએ બિહારને વિકાસ પરિયોજનાઓની ઘણી ભેટ આપી

- પીએમ મોદીએ 400 કરોડ રૂપિયાથી વધુના નવા વૈશાલી-દેવરિયા રેલ લાઇન પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉપરાંત, આ માર્ગ પર નવી ટ્રેન સેવાને લીલી ઝંડી આપી હતી.
- ઉત્તર બિહારમાં જોડાણ વધારવા માટે તેમણે મુઝફ્ફરપુર અને બેતિયા થઈને પાટલીપુત્ર અને ગોરખપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસને પણ લીલી ઝંડી બતાવી હતી.
- 'મેક ઇન ઇન્ડિયા-મેક ફોર ધ વર્લ્ડ'ના વિઝનને આગળ ધપાવતા, તેમણે ગિની ગણરાજ્યમાં નિકાસ કરવા માટે માધૌરા રેલ ફેક્ટરીમાં ઉત્પાદિત અત્યાધુનિક લોકોમોટિવને લીલી ઝંડી આપી હતી.
- ગંગા નદીના સંરક્ષણ અને કાયાકલ્પની પ્રતિબદ્ધતાને અનુરૂપ, નમામિ ગંગે પ્રોજેક્ટ હેઠળ 6 સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (એસટીપી)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે, જેનો ખર્ચ રૂ. 1,800 કરોડથી વધુ છે.
- બિહારના વિવિધ શહેરોમાં 3,000 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પાણી પુરવઠો, સ્વચ્છતા અને એસટીપીનો શિલાન્યાસ કરવામાં આવ્યો. તેનો ઉદ્દેશ આ શહેરોના નાગરિકોને સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવાનો છે.
- બિહારમાં વીજ માળખાને વેગ આપવા માટે 500 મેગાવોટ ક્ષમતાની બૅટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)નો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં 15 ગ્રીડ સબસ્ટેશન પર સ્વતંત્ર બૅટરી ઊર્જા સંગ્રહ પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી રહી છે.
- પીએમ મોદીએ બિહારમાં પીએમએવાય-અર્બનના 53,600થી વધુ લાભાર્થીઓને પ્રથમ હપ્તો જારી કર્યો.
- પીએમ મોદીએ 6,600થી વધુ પૂર્ણ થયેલાં મકાનોના ગૃહપ્રવેશ સમારોહના પ્રસંગે કેટલાક લાભાર્થીઓને ચાવીઓ પણ સોંપી હતી.

*હવે બિહારમાં બનેલું એન્જિન આફ્રિકાની ટ્રેનોને ચલાવશે. આ ખૂબ જ ગર્વની વાત છે, મને ખાતરી છે કે બિહાર મેડ ઇન ઇન્ડિયાનું મોટું કેન્દ્ર બનશે. અહીંથી મખાના, ફળો અને શાકભાજી માત્ર વિદેશ જ નહીં જાય, પરંતુ બિહારનાં કારખાનાઓમાં બનેલી વસ્તુઓ પણ વિશ્વનાં બજારો સુધી પહોંચશે." - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

બની રહ્યું છે અને બિહાર ચોક્કસપણે આમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. બિહાર સમૃદ્ધ થશે. તે દેશની સમૃદ્ધિમાં પણ મોટી ભૂમિકા ભજવશે. આ આત્મવિશ્વાસનું કારણ બિહારના તમામ લોકોની તાકાત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના સિવાનમાં કહ્યું હતું કે, "હું બિહારના લોકોને આત્મવિશ્વાસ અપાવવા આવ્યો છું, આપણે ઘણું બધું કર્યું હશે, કરતા હોઈશું, કરતા રહીશું. પરંતુ મોદી આનાથી સંતુષ્ટ થઈને ચૂપ નહીં રહે. હવે બહુ થયું, પૂરતું થઈ ગયું છે.....ના, મારે બિહાર માટે ઘણું કરવાનું છે, મારે તમારા માટે કરવાનું છે, મારે અહીંના દરેક ગામ માટે કરવાનું છે, મારે અહીંના દરેક ઘર માટે કરવાનું છે, મારે અહીંના દરેક યુવાનો માટે કરવાનું છે".

માત્ર છેલ્લાં 10-11 વર્ષોમાં જ બિહારમાં લગભગ 55 હજાર કિલોમીટરના ગ્રામીણ રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. 1.5 કરોડથી વધુ ઘરોને વીજળીથી જોડવામાં આવ્યાં છે. 1.5 કરોડ ઘરોને પાણીના જોડાણો આપવામાં આવ્યા છે. 45 હજારથી વધુ સામાન્ય સેવા કેન્દ્રો બનાવવામાં આવ્યા છે અને આજે બિહારના નાના શહેરોમાં નવા સ્ટાર્ટઅપ શરૂ થઈ રહ્યા છે. પીએમ મોદીએ હજારો કરોડ રૂપિયાની પરિયોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ પરિયોજનાઓ બિહારના સિવાન, સાસારામ, બક્સર, મોતિહારી, બેતિયા અને આરા જેવા તમામ વિસ્તારોને સમૃદ્ધ બનાવવામાં મોટી ભૂમિકા ભજવશે.

બિહારમાં રહેતા દરેક વ્યક્તિ માટે સૌથી મોટી સંપત્તિ તેમનું આત્મસન્માન છે. બિહારના લોકો સૌથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં કામ કરે છે. તેઓ ક્યારેય તેમના આત્મસન્માન સાથે સમાધાન કરતા નથી. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે છેલ્લા દાયકામાં વિક્રમી 25 કરોડ ભારતીયોએ ગરીબીને હરાવી છે. વિશ્વ બેંક જેવી વિશ્વ વિખ્યાત સંસ્થાઓ ભારતની આ મહાન સિદ્ધિની પ્રશંસા કરી રહી છે. ■

# ઓડિશા ભારતના સમૃદ્ધ વારસાનો ચમકતો તારો છે



ઓડિશાએ ભારતના સાંસ્કૃતિક અને કુદરતી વારસામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે, અને તે "પૂર્વોદયથી ભારત ઉદય" (ભારતના ઉદય માટે પૂર્વનો ઉદય)ના વિઝનમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતની વિકાસ યાત્રામાં રાજ્યની ભૂમિકા પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 જૂનના રોજ ભુવનેશ્વરમાં 18,000 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું અનાવરણ કરતી વખતે ઓડિશાને ભારતના વારસાના ચમકતા તારા તરીકે વર્ણવ્યું હતું....

ભારતનો પૂર્વીય ભાગ સાંસ્કૃતિક અને કુદરતી રીતે સમૃદ્ધ ભલે હશે, પરંતુ તે પશ્ચિમ અથવા દક્ષિણ ભારત જેવા ઔદ્યોગિક અને માળખાગત વિકાસમાં પાછળ છે. પૂર્વોદયથી ભારત ઉદયની કલ્પના આ અંતરને દૂર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને ભગવાન જગન્નાથની પવિત્ર ભૂમિ ઓડિશાની ભૂમિકા પણ આમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. રાજ્ય સરકારનું એક વર્ષ પૂર્ણ થવા પર રાજધાની ભુવનેશ્વરમાં આયોજિત એક કાર્યક્રમમાં તેનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઓડિશા સેંકડો વર્ષોથી ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને સમૃદ્ધ કરી રહ્યું છે. તેથી, આજે જ્યારે વિકાસ અને વારસાનો મંત્ર ભારતની પ્રગતિનો આધાર બની

### રાષ્ટ્રપતિ ટ્રમ્પે આમંત્રણ આપ્યું, પીએમ મોદીએ કહ્યું-મારે મહાપ્રભુની ભૂમિ પર જવું છે

કેનેડામાં જી-7 શિખર સંમેલન દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ફોન પર થયેલી વાતચીતનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, હું જી-7 શિખર સંમેલન માટે કેનેડામાં હતો અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે મને ફોન કર્યો હતો. તેમણે કહ્યું, "તમે પહેલેથી જ કેનેડામાં છો, તો વોશિંગ્ટન થઈને જાવ. આપણે રાત્રિભોજન કરીશું અને વાત કરીશું." તેમણે ઉષ્માભર્યું આમંત્રણ આપ્યું. મેં યુ.એસ.એ.ના રાષ્ટ્રપતિનો આભાર માન્યો અને કહ્યુંઃ "આમંત્રણ બદલ આભાર, પરંતુ મારા માટે મહાપ્રભુની ભૂમિ પર જવું જરૂરી છે".

## ઓડિશામાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

- ઓડિશાના સર્વગ્રાહી વિકાસ માટેની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 18,600 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.
- આ પરિયોજનાઓમાં પીવાનું પાણી, સિંચાઈ, કૃષિ માળખાગત સુવિધાઓ, આરોગ્ય માળખાગત સુવિધાઓ, ગ્રામીણ રસ્તાઓ અને પુલો, રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિભાગો અને નવી રેલવે લાઈન સહિતનાં મુખ્ય ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે.
- બૌધ જિલ્લામાં રેલ જોડાણનું વિસ્તરણ કરીને પ્રધાનમંત્રીએ નવી ટ્રેન સેવાઓને લીલી ઝંડી આપી હતી.
- સ્વચ્છ ઊર્જા અને ટકાઉ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે કેપિટલ રિજન અર્બન ટ્રાન્સપોર્ટ સિસ્ટમ હેઠળ 100 ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી આપી હતી.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશા વિઝન ડોક્યુમેન્ટનું વિમોચન કર્યું હતું. આ વિઝન સર્વસમાવેશક વિકાસ માટે મહત્વાકાંક્ષી અને ભવિષ્ય માટે તૈયાર રોડમેપની રૂપરેખા તૈયાર કરશે.
- પ્રખ્યાત ઉડિયા લોકોના યોગદાનની યાદમાં 'બારાપુત્ર ઐતિહ્ય ગ્રામ યોજના' પહેલનો પ્રારંભ. તેનો ઉદ્દેશ ઓડિશાના વારસાનું સન્માન કરીને સંગ્રહાલયો, પુસ્તકાલયો અને સાંસ્કૃતિક પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો છે.

**રાજ્યમાં સમૃદ્ધિ અને આત્મનિર્ભરતાનાં પ્રતીક તરીકે 16.50 લાખથી વધુ લખપતિ દીદીઓનું સન્માન કરતા પ્રધાનમંત્રીએ રાજ્યભરની સફળ મહિલાઓને સન્માનિત કરી હતી.**







ગયો છે, ત્યારે ઓડિશાની ભૂમિકા હવે વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે. ગયા વર્ષે ઓડિશાએ 'વિકાસની સાથે સાથે વારસો' નો મંત્ર અપનાવ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, 21મી સદીના ભારતના વિકાસને પૂર્વ ભારતમાંથી વેગ મળશે. આ પૂર્વોદયનો સમયગાળો છે. એક વર્ષ પહેલા ઓડિશામાં સત્તા પરિવર્તન પછી આ અભિયાનને વધુ વેગ મળ્યો છે. ઓડિશામાં પારાદીપથી ઝારસુગુડા સુધી ઔદ્યોગિક ક્ષેત્રોનું વિસ્તરણ થઈ રહ્યું છે. આનાથી રાજ્યમાં ખનીજ અને બંદર સંચાલિત અર્થતંત્રને તાકાત મળી રહી છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર ઓડિશામાં માર્ગ, રેલ અને હવાઈ સંપર્ક પર હજારો કરોડ રૂપિયા ખર્ચ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, પારાદીપમાં મેગા ડ્યુઅલ ફીડ ક્રેકર અને ડાઉનસ્ટ્રીમ યુનિટની સ્થાપના, ચંડીખોલમાં કાચા તેલના સંગ્રહની સુવિધા, ગોપાલપુરમાં એલ.એન.જી. ટર્મિનલનું નિર્માણ અને આવા ઘણાં પગલાં ઓડિશાને એક મોટા ઔદ્યોગિક રાજ્ય તરીકે સ્થાપિત કરશે. પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ્સ, કાપડ અને પ્લાસ્ટિક સંબંધિત ઉદ્યોગોને અહીં પ્રોત્સાહન મળશે. તેનાથી અહીં નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોનું વિશાળ નેટવર્ક ઊભું થશે અને યુવાનો માટે રોજગારીની લાખો નવી તકો આવશે.

પીએમ મોદીએ કહ્યું કે કેન્દ્રની ઘણી યોજનાઓ છે, જેનો સંપૂર્ણ લાભ પહેલા ઓડિશાને મળતો ન હતો. આજે લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકાર બેઉની યોજનાઓનો લાભ મળી રહ્યો છે. એટલું જ નહીં, માતાઓ, બહેનો, ખેડૂતો અને યુવાનોને આપવામાં આવેલી ગૅરંટીઓનો ઝડપી ગતિએ અમલ કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે સરકારની એક મોટી સિદ્ધિ વંચિતોનું સશક્તિકરણ રહી છે. કમનસીબે, ભૂતકાળમાં આદિવાસી સમાજની સતત અવગણના કરવામાં આવતી હતી; તેમને ગરીબીનો સામનો કરવો પડતો હતો. જો કે, વિતેલાં વર્ષોમાં અમે આદિવાસી સમાજને હિંસાના વાતાવરણમાંથી બહાર કાઢીને વિકાસના નવા માર્ગ પર લઈ જવા માટે કામ કર્યું છે. ■

જી-7માં ભારતનાં વૈશ્વિક નેતૃત્વનો ઉદય

## ભારતનું વિશ્વને આહ્વાન...

# વિશ્વએ ત્રાસવાદ સામે એક થવું જોઈએ



**વિશ્વભરમાં રાજકીય અસ્થિરતાના પડકારજનક સમયમાં, ભારત એક એવા રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે જે વિશ્વની અન્ય કોઈપણ મોટી શક્તિ કરતાં વધુ વ્યવહારિક દ્રષ્ટિ ધરાવે છે અને વૈશ્વિક પડકારોને ઉકેલવા માટે વિશેષ દ્રષ્ટિ પણ ધરાવે છે. બ્રિક્સથી માંડીને જી-20 અને સીઓપીથી માંડીને અન્ય વૈશ્વિક મંચો સુધી ભારતની ભૂમિકાને પણ સમર્થન આપવામાં આવ્યું છે. વિશ્વએ ભારતીય મુત્સદ્દીગીરીની આ ઝલક કેનેડામાં 1 જૂનના રોજ આયોજિત જી-7 શિખર સંમેલનમાં પણ જોઈ હતી, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આતંકવાદ સામે વૈશ્વિક એકતાનું આહ્વાન કર્યું હતું...**

વૈશ્વિક અર્થતંત્રમાં 28 ટકાથી વધુનો હિસ્સો અને વિશ્વ વેપારમાં સૌથી વધુ હિસ્સો ધરાવતા અમેરિકા, ફ્રાન્સ, કેનેડા, ઈટાલી, જર્મની, જાપાન અને બ્રિટન જેવા 7 મહત્વપૂર્ણ દેશોનાં જૂથ જી-7ની બેઠકમાં ભારતની વધતી ભૂમિકાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત છઠ્ઠા વર્ષે આ બેઠકમાં હાજરી આપી હતી. કેનેડાના આલ્બર્ટા પ્રાંતના કાનાનાસ્કિસમાં યોજાયેલી જી-7ની 51મી શિખર પરિષદ એવા સમયે શરૂ થઈ હતી જ્યારે વિશ્વની નજર રશિયા-યુક્રેન યુદ્ધ પછી ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષ પર ટકી હતી.







## 10 કલાકમાં 12 બેઠકો

### વૈશ્વિક નેતાઓ સાથે પીએમ મોદીનું જોડાણ દેખાઈ રહ્યું હતું

જી-7 શિખર સંમેલન ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડામાં 10 કલાકની અંદર 12 વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષી બેઠકોમાં ભાગ લીધો હતો. જર્મન ચાન્સલર ફ્રેડરિક મર્ઝ, મેક્સિકોના રાષ્ટ્રપતિ ડૉ. ક્લાઉડિયા શીનબાઉમ પાર્ડો, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન, જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઈશીબા, ઈટાલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની, બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટારમર, કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બાનીઝ સાથે તેમનું વિશેષ જોડાણ જોવા મળ્યું હતું.









## પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવ્યા




- ? શું દેશો આતંકવાદ દ્વારા ઊભા થયેલા ગંભીર ખતરાને ત્યારે જ સમજશે જ્યારે તેઓ તેનું નિશાન બનશે?
- ? આતંકવાદના ગુનેગારો અને તેમના પીડિતોની સરખામણી કેવી રીતે થઈ શકે?
- ? શું વૈશ્વિક સંસ્થાઓ આતંકવાદની મૂક પ્રેક્ષક રહેશે?

## ભારત-કેનેડામાં ટૂંક સમયમાં હાઈ કમિશનરોની પુનઃસ્થાપના કરવામાં આવશે

ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા તણાવ વચ્ચે સત્તા પરિવર્તન પછી કેનેડાનું વલણ પણ બદલાઈ ગયું છે. પ્રધાનમંત્રી મોદીની કેનેડાના નવા ચૂંટાયેલા પ્રધાનમંત્રી માર્ક કાર્ની સાથેની બેઠકમાં બંને દેશોના હાઈ કમિશનરોને પુનઃસ્થાપિત કરવા માટે સમજૂતી થઈ હતી. તણાવ વચ્ચે, બંને દેશોએ તેમના હાઈ કમિશનરોને પાછા બોલાવ્યા હતા. ઉપરાંત, બંને દેશોએ સહિયારા લોકશાહી મૂલ્યો જાળવવા, કાયદાના શાસન માટે આદર અને સાર્વભૌમત્વ તેમજ પ્રાદેશિક અખંડિતતાના સિદ્ધાંતો પર ભાર મૂક્યો હતો. બંનેએ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે વરિષ્ઠ મંત્રી-સ્તરના સંબંધોને ફરી શરૂ કરવાનાં મહત્વ પર પણ ભાર મૂક્યો હતો.

જી-7 આઉટરીચ સત્રને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, વિશ્વના વિવિધ ભાગોમાં અનિશ્ચિતતા અને સંઘર્ષોની વૈશ્વિક દક્ષિણના દેશો પર ખૂબ જ ખરાબ અસર પડી છે. સુરક્ષા પડકારો પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ દેશોને આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈને મજબૂત કરવા હાકલ કરી હતી.

તેમણે કહ્યું કે પહલગામ આતંકવાદી હુમલો માત્ર ભારત પર નહીં પરંતુ



ભારતે ક્યારેય મધ્યસ્થતાનો સ્વીકાર કર્યો નથી અને ક્યારેય કરશે નહીં

## અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પીએમ મોદીની વાતચીત

- ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જી-7 શિખર સંમેલનથી વહેલા પરત ફર્યા હોવાથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સીધી વાતચીત કરી ન હતી. જો કે, બંને વચ્ચે લગભગ 35 મિનિટ સુધી ફોન પર ચર્ચા થઈ હતી. આ વાતચીતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સાથે ભારતની વાટાઘાટોના મુદ્દા પર પોતાની નીતિ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ભારતે આ મામલે ક્યારેય કોઈ તૃતીય પક્ષની મધ્યસ્થી સ્વીકારી નથી, ન તો તે તેને સ્વીકારે છે અને ન તો ભવિષ્યમાં તેને ક્યારેય સ્વીકારશે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં એમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાનની દરેક ગોળીનો જવાબ બૉમ્બથી આપવામાં આવશે અને ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી. પીએમ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીતમાં આ વાત કહી હતી.
- બંને નેતાઓ વચ્ચેની વાતચીતની વિગતો આપતા ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પને કહેવામાં આવ્યું હતું કે 22 એપ્રિલ પછી ભારતે આતંકવાદ સામે પગલાં લેવાનો પોતાનો સંકલ્પ વિશ્વ સમક્ષ વ્યક્ત કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે 6થી 7 મેની રાત્રે ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ફક્ત આતંકવાદીઓનાં છુપાવાના સ્થળોને નિશાન બનાવ્યા હતા. ભારતની ક્રિયાઓ ખૂબ જ નક્કર, ચોક્કસ અને બિન-તણાવપૂર્ણ હતી. ભારતે એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે ભારત પાકિસ્તાનની ગોળીનો જવાબ બૉમ્બથી આપશે.
- મિસરીના જણાવ્યા અનુસાર, 9 મેની રાત્રે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સે પીએમ મોદીને ફોન કર્યો હતો અને વેન્સે કહ્યું હતું કે પાકિસ્તાન ભારત પર મોટો હુમલો કરી શકે છે. ત્યારે પીએમ મોદીએ તેમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જો આવું થશે તો ભારત વધુ મોટો જવાબ આપશે. 9-10 મેની રાત્રે, ભારતે પાકિસ્તાનના હુમલાનો ખૂબ જ સખત જવાબ આપ્યો અને પાકિસ્તાની સેનાને ઘણું નુકસાન પહોંચાડ્યું. આ હુમલામાં તેનું હવાઈ મથક નિષ્ક્રિય થઈ ગયું હતું. ભારતના જડબાતોડ જવાબને કારણે પાકિસ્તાને ભારતને સૈન્ય કાર્યવાહી બંધ કરવાની વિનંતી કરવી પડી હતી.

સમગ્ર માનવતા પર હુમલો હતો. તેમણે આતંકવાદને ટેકો આપતા અને પ્રોત્સાહન આપતા દેશો સામે કડક કાર્યવાહી કરવાની વાત કરી હતી. તે જ સમયે, તેમણે વિશ્વ સમુદાયને ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં સંદેશ આપ્યો કે આતંકવાદનો સામનો કરવામાં કોઈ બેવડાં ધોરણો ન હોવાં જોઈએ.

જેઓ આતંકવાદને ટેકો આપે છે તેમને પુરસ્કૃત પણ ન કરવા જોઈએ. ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે ભારતના માનવ-કેન્દ્રિત અભિગમ

## ભારત-અમેરિકા વેપાર સમજૂતી અથવા પાકિસ્તાન સાથે મધ્યસ્થતા પર કોઈ વાતચીત થઈ ન હતી

વિદેશ સચિવના જણાવ્યા અનુસાર, પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને કહ્યું કે આ સમગ્ર ઘટના દરમિયાન ભારત-અમેરિકા વેપાર સમજૂતી અથવા ભારત અને પાકિસ્તાન વચ્ચે અમેરિકા દ્વારા મધ્યસ્થતા જેવા મુદ્દાઓ પર કોઈ પણ સમયે, કોઈ પણ સ્તરે કોઈ વાતચીત થઈ નથી. લશ્કરી કાર્યવાહી અટકાવવાનો મુદ્દો ભારત અને પાકિસ્તાન વચ્ચે બંને સેનાઓ વચ્ચે સંચારની હાલની ચેનલ દ્વારા સીધો ઉકેલવામાં આવ્યો હતો. તે પાકિસ્તાનની વિનંતી પર કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આતંકવાદ સામેની ભારતની લડાઈને સમર્થન આપ્યું હતું. પીએમ મોદીએ એ પણ સ્પષ્ટ કર્યું કે ભારત હવે આતંકવાદને કપટી યુદ્ધ નહીં પણ યુદ્ધ તરીકે જુએ છે અને ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલી રહ્યું છે.

## પૂર્વનિર્ધારિત કાર્યક્રમને કારણે અમેરિકા ન ગયા

રાષ્ટ્રપતિ ટ્રમ્પે પ્રધાનમંત્રી મોદીને પૂછ્યું કે શું તેઓ કેનેડાથી પરત ફરતા અમેરિકા થઈને જઈ શકે છે. પૂર્વનિર્ધારિત કાર્યક્રમોને કારણે પ્રધાનમંત્રી મોદીએ પોતાની અસમર્થતા વ્યક્ત કરી હતી. બંને નેતાઓએ નક્કી કર્યું કે તેઓ નજીકનાં ભવિષ્યમાં મળવાનો પ્રયાસ કરશે. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને આગામી ક્વાડ બેઠક માટે આમંત્રણ આપ્યું હતું, જેને તેમણે સ્વીકારી લીધું હતું.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સાયપ્રસનું સર્વોચ્ચ સન્માન

## ભારતીય પ્રધાનમંત્રી બે દાયકામાં પ્રથમ વખત સાયપ્રસ પહોંચ્યા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી-7 શિખર સંમેલનમાં ભાગ લેતા પહેલા 15-16 જૂન સાયપ્રસની મુલાકાતે આવ્યા હતા. બે દાયકાથી વધુ સમય પછી કોઈ ભારતીય પ્રધાનમંત્રીની સાયપ્રસની આ પ્રથમ મુલાકાત છે. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ પોતે પીએમ મોદીનું સ્વાગત કરવા માટે એરપોર્ટ પર પહોંચ્યા હતા. અગાઉ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીએ 1983માં અને પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ ઑક્ટોબર 2002માં સાયપ્રસની મુલાકાત લીધી હતી. પ્રધાનમંત્રી મોદી અને સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે દ્વિપક્ષી, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી. બંને નેતાઓ બંને પક્ષો વચ્ચે નિયમિત રાજકીય સંવાદ, સાર્વભૌમત્વ અને શાંતિ માટે એકબીજાને ટેકો, સુરક્ષા, સંરક્ષણ અને કટોકટીના સમયમાં સહકાર, જોડાણ અને પ્રાદેશિક સહકાર, યુરોપિયન યુનિયન-ભારત વ્યૂહાત્મક ભાગીદારી, નવીનતા, ટેકનોલોજી, પરિવહન, પ્રવાસન અને લોકો વચ્ચેના સંપર્કને મજબૂત કરવા પર સંમત થયા હતા. સાયપ્રસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ સન્માન 'ગ્રાન્ડ ક્રોસ ઑફ ધ ઑર્ડર ઑફ માકારિયોસ III'થી પણ સન્માનિત કર્યા હતા. રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે તેમને રાષ્ટ્રપતિ મહેલમાં આ સન્માન આપ્યું હતું.

## ક્રોએશિયા મધ્ય અને દક્ષિણ-પૂર્વ યુરોપમાં ભારતનું પ્રવેશદ્વાર બની શકે છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના વિદેશ પ્રવાસના છેલ્લા તબક્કામાં 18 જૂને ક્રોએશિયા પહોંચ્યા હતા. ભારતના કોઈ પણ પ્રધાનમંત્રીની ક્રોએશિયાની આ પ્રથમ મુલાકાત છે. પીએમ મોદી અને ક્રોએશિયાના પ્રધાનમંત્રી આંદ્રેજ પ્લેન્કોવિક ઝાગ્રેબમાં મળ્યા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ક્રોએશિયા મધ્ય અને દક્ષિણ-પૂર્વ યુરોપમાં ભારતના પ્રવેશદ્વાર તરીકે કામ કરી શકે છે. બંને નેતાઓ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર દ્વારા જોડાણ સુધારવાનાં મહત્વ પર સંમત થયા હતા. પ્રધાનમંત્રી મોદીએ ક્રોએશિયાના પ્રધાનમંત્રીને સૂચન કર્યું કે તમે ભારતની કુશળ પ્રતિભાનો લાભ લઈ શકો છો.

વિશે વિગતવાર વાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે કોઈપણ ટેકનોલોજીને સામાન્ય લોકોના જીવન સાથે જોડવી જોઈએ જેથી તેને અસરકારક બનાવી શકાય. એ.આઈ.ના યુગમાં મહત્વપૂર્ણ ખનિજોની સુરક્ષિત અને સ્થિતિસ્થાપક પુરવઠા સાંકળ હોવી મહત્વપૂર્ણ છે. ■

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

# મૂલ્ય આધારિત નાગરિકોનું નિર્માણ

**વૈદિક શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે-'સા વિદ્યા યા વિમુક્તિયે' એટલે કે જ્ઞાન મુક્તિ તરફ દોરી જાય છે. પરંતુ, ભારતમાં લાંબા સમય સુધી જ્ઞાન મેળવવું એ માત્ર નોકરીઓ મેળવવા સાથે સંકળાયેલું હતું, અને માત્ર સૈદ્ધાંતિક શિક્ષણ પ્રણાલી પર ધ્યાન આપવામાં આવતું હતું. એટલા માટે એક એવી નીતિની જરૂર હતી જે માત્ર શાળાથી લઈને ઉચ્ચ શિક્ષણ સ્તર સુધીની વર્તમાન જરૂરિયાતોને જ ધ્યાનમાં ન રાખે, પરંતુ કુશળ યુવાનોને શિક્ષણ સાથે ભવિષ્યની જરૂરિયાતોથી પરિચિત કરાવીને તૈયાર કરે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરીને કેન્દ્ર સરકારે 29 જુલાઈ 2020ના રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મંજૂરી આપી હતી, જેનાથી 3 દાયકાથી વધુની લાંબી રાહનો અંત આવ્યો હતો. તેનો ઉદ્દેશ એવા ભારતનું નિર્માણ કરવાનો છે જે શિક્ષણમાં મૂલ્યો ધરાવતા કુશળ વ્યાવસાયિકો, સંતુષ્ટ નાગરિકો અને રોજગારી સર્જન કરતા યુવાનોને તૈયાર કરીને આપણાં સામૂહિક સપનાઓ પર ભાર મૂકે....**

ભારતના યુવાનોમાં પ્રતિભાનો ક્યારેય અભાવ રહ્યો નથી. પરંતુ, અકલ્પનીય રીતે, દેશમાં એવી વ્યવસ્થા બનાવવામાં આવી હતી જેમાં શિક્ષણ નોકરી કેન્દ્રિત હતું. શિક્ષણમાં આ અવ્યવસ્થા અંગ્રેજોએ ગુલામીના સમયગાળા દરમિયાન પોતાની જરૂરિયાતો પૂરી કરવા અને પોતાના માટે એક નોકર વર્ગ તૈયાર કરવા માટે ઊભી કરી હતી. આઝાદી પછી સમયાંતરે કેટલાક ફેરફારો થયા પણ હજુ ઘણું કરવાનું બાકી હતું. અમૃત પેઢીના સંકલ્પોની સિદ્ધિ માટે શિક્ષણ વ્યવહારું અને ઉદ્યોગલક્ષી હોવું જોઈએ તે ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને મંજૂરી આપવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મૂળ પાયો શિક્ષણને સંકુચિત વિચારોની મર્યાદામાંથી બહાર કાઢવાનો અને તેને 21મી સદીના આધુનિક વિચારો સાથે જોડવાનો છે.

ભારતે છેલ્લાં 5 વર્ષમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં અમલીકરણ માટે ઘણાં નક્કર પગલાં લીધા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે આ નીતિ સાથે સંબંધિત 25થી વધુ પરિસંવાદોમાં ભાગ લીધો છે અને આ અંગે શિક્ષણ મંત્રી અને શિક્ષણ નિષ્ણાતો તેમજ



## 2030-40 પછી ફરી સમીક્ષા કરવામાં આવશે

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ માટે સમયરેખા તેમજ કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે. એવી જોગવાઈ કરવામાં આવી છે કે સમગ્ર શિક્ષણ નીતિ 2030-40ના દાયકામાં કાર્યરત સ્થિતિમાં હશે. આ પછી વધુ એક વ્યાપક સમીક્ષા કરવામાં આવશે. આ જ કારણ છે કે શિક્ષણ મંત્રાલય, રાજ્ય સરકાર, શિક્ષણ સંબંધિત મંત્રાલયો અને વિભાગો, શાળાઓ-કૉલેજો વગેરેએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ માટે પહેલ કરી છે અને તેના પર ઝડપથી કામ કરવાનું શરૂ કર્યું છે.




### ફેરફારો જે જરૂરી હતા

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 હેઠળ લેવામાં આવેલા પગલાં

1. શિક્ષણ મંત્રાલય દ્વારા એન.સી.ઈ.આર.ટી. અને શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા દ્વારા તૈયાર કરવામાં આવેલ મૂળભૂત અભ્યાસ માટેનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું બહાર પાડવામાં આવ્યું છે.

2. ભારતમાં પ્રથમ વખત, 3થી 8 વર્ષની વયનાં બાળકો માટે એક સંકલિત રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું તૈયાર કરવામાં આવ્યું હતું, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સૂચવેલ શાળા શિક્ષણ માટે 5+3+3+4ને અનુસરે છે. આ અંતર્ગત શૈક્ષણિક માળખું એટલે કે મૂળભૂત તબક્કામાં 5 વર્ષ, પ્રારંભિક અને મધ્યમ તબક્કામાં 3-3 વર્ષ અને માધ્યમિક તબક્કામાં 4 વર્ષનો સમાવેશ થાય છે.

3. રાષ્ટ્રીય અભ્યાસક્રમ અનુસાર જુલાઈ 2023માં ધોરણ 1 અને 2 માટે અને શૈક્ષણિક સત્ર 2024-25માં ધોરણ 3 અને 6 માટે નવા પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

4. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ તેની શાળાઓને અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિને 21મી સદીની કુશળતા સાથે સંકલિત કરવાની સલાહ આપી છે.

5. સીબીએસઈએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિઝાઈન થિંકિંગ અને ડેટા સાયન્સ જેવા નવા વિષયોનો પણ સમાવેશ કર્યો છે.

6. અભ્યાસક્રમના ભારણને ઘટાડવા માટે, સીબીએસઈએ ઓછી સામગ્રી સાથે વર્ષ 2022-23 માટે તેનો અભ્યાસક્રમ બહાર પાડ્યો છે.

7. શિક્ષણ નીતિ હેઠળ દેશની 90થી વધુ યુનિવર્સિટીઓએ એન.સી.સી.ની વૈકલ્પિક વિષય તરીકે શરૂઆત કરી છે.

8. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ટેકનોલોજી માટે જરૂરી માનસિકતા તૈયાર કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા જઈ રહી છે. આ માટે દેશમાં અટલ ટિંકરિંગ લેબ્સ અને અટલ ઈન્ક્યુબેશન કેન્દ્રોનું વિશાળ નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે.

9. સમગ્ર શિક્ષા યોજના 2.0ને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે, જે 2025-26 સુધી ચાલુ રહેશે.

હિતધારકો સાથે વાત કરી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના 100% ઉદ્દેશોને હાંસલ કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા શિક્ષણમાં જાહેર રોકાણને જીડીપીના 6 ટકા સુધી લઈ જવા માટે તેને ટેકો આપે છે અને તેની કલ્પના કરે છે. શિક્ષણ મંત્રાલય સહિત તેનું બજેટ પણ વધારવામાં આવી રહ્યું છે.

**હવે, વિદ્યાર્થીઓ શાળામાં જ કૌશલ્ય પ્રાપ્ત કરી રહ્યા છે**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના ઉદ્દેશો અનુસાર, કૌશલ્ય મોડ્યુલો માધ્યમિક સ્તરે એટલે કે 9માં અને 10માં ધોરણમાં વધારાના વિષય તરીકે




## શિક્ષણ વ્યવસ્થાને વેગ આપવા માટે અનેક પહેલ

- **બાલ વાટિકાઃ** તે પ્રથમ વર્ગમાં પ્રવેશતા બાળકો માટે પ્રારંભિક વર્ગ છે. લગભગ 6 લાખ શાળાઓમાં બાલ વાટિકા છે.
- **વિદ્યા પ્રવેશઃ** શાળાની તૈયારી માટે ત્રણ મહિનાનું રમત આધારિત મોડ્યુલ. તે ફરજિયાત 12 અઠવાડિયાના વાર્ષિક કૅલેન્ડરનો એક ભાગ છે. શૈક્ષણિક સત્ર 2024-25માં 84 લાખ શાળાઓના એક કરોડ વિદ્યાર્થીઓએ વિદ્યા પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- **નિપુણ ભારતઃ** વર્ગ 2ના અંત સુધીમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન માટેની રાષ્ટ્રીય પહેલ.
- **પીએમ ઈ-વિદ્યાઃ** શિક્ષણને ડિજિટલ, ઓનલાઈન અને ઓન-એર બનાવવાના પ્રયાસો માટે એક સંકલિત મંચ.
- **દિક્ષાઃ** ઈ-પુસ્તકો અને ઈ-સામગ્રી સાથે એક રાષ્ટ્ર-એક ડિજિટલ પ્લેટફોર્મ. દીક્ષા પર 7157 ઈ-પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ ઈ-સામગ્રી 126 ભારતીય અને 7 વિદેશી ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- **સ્વયંપ્રભાઃ** ઈન્ટરનેટ વિનાના લોકો સુધી પહોંચવા અને તેમને મદદ કરવા માટે 12 ડીટીએચ ચેનલો શરૂ કરવામાં આવી છે. આ ચેનલોને 88 હજારથી વધુ વીડિયો સામગ્રી સાથે 200 ચેનલો સુધી વિસ્તૃત કરવામાં આવી છે. 29 ભાષાઓમાં 25 હજાર કલાકથી વધુ સમયનું પ્રસારણ કરવામાં આવ્યું છે.
- **જાદુઈ પિટારાઃ** 3થી 8 વર્ષની વયના બાળકો માટે રચાયેલ પાયાના તબક્કા અને રમત સામગ્રી માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું.
- **પરખઃ** રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા-માધ્યમિક સ્તર સુધીની સમગ્ર શૈક્ષણિક યાત્રાને ટેકો આપવો.
- **નવા ભારત સાક્ષરતા કાર્યક્રમ અથવા ઉલ્લાસઃ** 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના જે લોકો શાળાએ ન જઈ શકે તેવા તમામ લોકોને લક્ષ્યમાં રાખીને એક યોજનાનો અમલ.
- **પ્રાઈમર્સઃ** યુવાન અને પુખ્ત વયના શીખનારાઓમાં ભાષા શીખવાને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણ સામગ્રી. ફેબ્રુઆરી 2025 સુધીમાં 104 પ્રાઈમર લોન્ચ કરવામાં આવ્યા છે. આ એન.સી.ઈ.આર.ટી. અને દીક્ષા પોર્ટલ પર ઉપલબ્ધ છે.
- **નિષ્ઠાઃ** શિક્ષકની યોગ્યતા વધારીને, નવીન શૈક્ષણિક પદ્ધતિઓને પ્રોત્સાહન આપીને અને શિક્ષણમાં ટેકનોલોજીને એકીકૃત કરીને તેમજ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરીને જીવંત, સર્વસમાવેશક અને ભવિષ્ય માટે તૈયાર શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કરવાનો કાર્યક્રમ. તેમાં 12 તાલીમ મોડ્યુલો છે. તેમાં 1.26 લાખથી વધુ માસ્ટર ટ્રેનર્સને પ્રમાણિત કરવામાં આવ્યા છે.
- **4-વર્ષીય સંકલિત શિક્ષક શિક્ષણ કાર્યક્રમઃ** છેલ્લાં બે વર્ષમાં, 64 સંસ્થાઓને આ કાર્યક્રમ હેઠળ 6,100 વિદ્યાર્થીઓના પ્રવેશ સાથે માન્યતા આપવામાં આવી છે.
- **રાષ્ટ્રીય માર્ગદર્શન મિશન (એન.એમ.એમ.)** શાળાના શિક્ષકોને માર્ગદર્શન આપવા પર કેન્દ્રિત બ્લુ-બુકનું વિમોચન 9 માર્ચ, 2024ના રોજ કરવામાં આવ્યું હતું.

## ક્યુએસ વર્લ્ડ રૅન્કિંગમાં સુધારો

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ પછી ભારતમાં ઉચ્ચ શિક્ષણનાં સ્તરમાં ધરખમ સુધારો થયો છે. આ ક્વાક્વેરેલી સાયમન્ડ્સ (ક્યુએસ) રૅન્કિંગમાં પણ જોઈ શકાય છે, જે વિશ્વભરની યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન કરે છે.







**8** ભારતીય યુનિવર્સિટીઓને પ્રથમ વખત તેના હેઠળ સ્થાન આપવામાં આવ્યું છે, જે આ વર્ષે કોઈપણ દેશ માટે સૌથી વધુ છે.

**12** આઈઆઈટીનો આમાં સમાવેશ થાય છે

જેમાંથી આઈ.આઈ.ટી. દિલ્હી વૈશ્વિક સ્તરે 123માં ક્રમે છે.



## વિશ્વ કક્ષાનાં શિક્ષણ પર ભાર



**આઈઆઈટી**

**7** નવી આઈઆઈટી 2014 પછી ખોલવામાં આવી

**આઈઆઈએમ**

**8** નવી આઈઆઈએમ 2014 પછી ખોલવામાં આવી

**એઈમ્સ**

**13** નવી એઈમ્સ વર્ષ 2014થી અત્યાર સુધીમાં ખોલવામાં આવી છે

**નિવાસી શાળાઓ**

**354** એકલવ્ય મોડલ રહેણાંક શાળાઓ 2014 પછી શરૂ થઈ

**મેડિકલ કૉલેજો**

**157** નવી મેડિકલ કૉલેજોને મંજૂરી, 131 શરૂ થઈ ચૂકી છે


**શાળાઓ**

**14,500** પ્રાઇમ મિનિસ્ટર્સ સ્કૂલ્સ ફોર રાઈઝિંગ ઈન્ડિયા (પીએમ શ્રી સ્કૂલ્સ)ને અનુકરણીય શાળાઓ તરીકે વિકસાવવામાં આવશે.


### 10 વર્ષમાં એમબીબીએસની બેઠકો લગભગ બમણી થઈ ગઈ છે


| વર્ષ | કૉલેજ | એમબીબીએસ બેઠકો |
|---|---|---|
| 2014 | 404 | 54,348 |
| 2025 | 780 | 1,18,190 |

### 558 યુનિવર્સિટીઓની સ્થાપના એક દાયકામાં




### ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં લગભગ 35 ટકાનો વધારો થયો છે



## ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન

**પીએમ ઈ-વિદ્યા દ્વારા ઓનલાઇન શિક્ષણ સુવિધાની પહેલ**

**377** એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે અને ઈ-પાઠશાલા મોબાઈલ એપ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

ક્યુઆર કોડ સાથેના પાઠ્યપુસ્તકો તમામ ગ્રેડ્સ માટે ઉપલબ્ધ

સ્વયં પ્રભા ટીવી ચેનલો પર 24x7 શૈક્ષણિક સામગ્રીનું પ્રસારણ

**દીક્ષા પ્લેટફોર્મ**

શિક્ષકોને ઓનલાઈન તાલીમ

**12** મોડ્યુલ્સ નિષ્ઠા 3.0માં બનાવાયા


**2.40** લાખ શિક્ષકોને તાલીમ અપાઈ

**33** ભાષામાં ગુણવત્તાયુક્ત ઈ-સામગ્રી ઉપલબ્ધ છે


## ઉચ્ચ શિક્ષણ માટે હાથ ધરવામાં આવેલા સુધારા


- રાષ્ટ્રીય ક્રેડિટ માળખાની રજૂઆત
- રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ લાયકાત માળખું
- અંડરગ્રેજ્યુએટ કાર્યક્રમો માટે અભ્યાસક્રમ અને ક્રેડિટ માળખું
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના શૈક્ષણિક કાર્યક્રમોમાં બહુવિધ પ્રવેશ અને બહાર નીકળવું
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને બહુવિષયક સંસ્થાઓમાં રૂપાંતરિત કરવી
- એક સાથે બે શૈક્ષણિક કાર્યક્રમો ચલાવવા
- દરેક વિદ્યાર્થીની સ્વચાલિત કાયમી શૈક્ષણિક ખાતાની રજિસ્ટ્રી, જે પૂર્વ-પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીની તેમની શૈક્ષણિક સફર અને સિદ્ધિઓ પર નજર રાખવા માટે આજીવન ઓળખ તરીકે કામ કરશે
- પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય માટે પીએમ-વિદ્યાલક્ષ્મી યોજનાનો પ્રારંભ
- સ્વયં પ્લેટફોર્મનો ઉપયોગ કરીને નિયમિત અભ્યાસક્રમોમાં 40 ટકા ક્રેડિટની છૂટ
- કૌશલ્ય, અપસ્કિલિંગ અને રીસ્કિલિંગને પ્રોત્સાહન આપવાના હેતુથી નવું સ્વયં પ્લસ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું
- પ્રવેશથી લઈને સમર્થ દ્વારા ડિગ્રી પ્રદાન કરવા સુધી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વહીવટમાં ટેકનોલોજીનું એકીકરણ
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને એક શૈક્ષણિક વર્ષમાં બે પ્રવેશ ચક્રની છૂટ આપવી
- શિક્ષણમાં ભારતીય જ્ઞાન પ્રણાલીઓનો સમાવેશ કરવો

### ભંડોળનો અભાવ શિક્ષણના માર્ગને અવરોધશે નહીં




### શાળાઓમાં સુવિધાઓ વધી, શાળા છોડી દેવાનો દર ઘટ્યો




### એક દાયકામાં વ્યાવસાયિક શિક્ષણ આપતી શાળાઓમાં 16 ગણો વધારો થયો છે

*વિદ્યાર્થીઓની સંખ્યામાં 52 ગણો વધારો થયો છે*

| વર્ષ | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 2014-15 | 1850 | 58,720 |
| 2024-25* | 29,342 | 30,87,928 |

* (સપ્ટેમ્બર 2024 સુધી)

## તણાવ મુક્ત શિક્ષણ

### સીબીએસઈ 10માં ધોરણની બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વાર યોજાશે

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના પરિચ્છેદ 4.37 અને 4.38માં બોર્ડની પરીક્ષાઓમાં 'બધું જ દાવ પર લાગ્યું છે' એવી ભાવનાને વધુ દૂર કરવાની ભલામણ કરવામાં આવી હતી.
- તેને ધ્યાનમાં રાખીને, સીબીએસઈએ વિદ્યાર્થીઓને 2026થી શૈક્ષણિક વર્ષમાં બે વાર 10માની પરીક્ષા આપવાની મંજૂરી આપી છે.
- પ્રથમ પરીક્ષાઓ ફેબ્રુઆરીના મધ્યમાં શરૂ થશે અને પરિણામો એપ્રિલમાં આવશે. બીજી પરીક્ષા મે મહિનામાં યોજાશે અને પરિણામો જૂનમાં જાહેર કરવામાં આવશે. વધુ સારા પ્રદર્શનની પરીક્ષાના ગુણ ગુણતાલિકામાં નોંધવામાં આવશે.
- પ્રથમ મુખ્ય પરીક્ષા હશે, જેમાં તમામ વિદ્યાર્થીઓએ હાજર રહેવું ફરજિયાત રહેશે. તે જ સમયે, બીજી પરીક્ષામાં, તમામ પાસ અથવા પાત્ર વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન અને ભાષાના કોઈપણ ત્રણ વિષયોમાં તેમનું પ્રદર્શન સુધારવાની છૂટ આપવામાં આવશે.
- જો કોઈ વિદ્યાર્થી પ્રથમ પરીક્ષામાં 3 કે તેથી વધુ વિષયોમાં હાજર ન થયો હોય, તો તેને બીજી પરીક્ષામાં હાજર રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. બંને પરીક્ષાઓ વર્ષ માટે નિર્ધારિત સંપૂર્ણ અભ્યાસક્રમ પર લેવામાં આવશે.
- સી.બી.એસ.ઈ. અનુસાર, જે વિદ્યાર્થીઓને પ્રથમ પરીક્ષામાં કમ્પાર્ટમેન્ટ હશે તેમને તે જ શ્રેણીમાં બીજી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે.
- રમતગમતના વિદ્યાર્થીને તે વિષયોમાં બીજી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે જેની પરીક્ષા તેની રમતગમતની સ્પર્ધા સાથે આવતી હોય છે. મુખ્ય પરીક્ષા પહેલા આંતરિક મૂલ્યાંકન માત્ર એક જ વાર કરવામાં આવશે.



ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે, જ્યારે કૌશલ્ય અભ્યાસક્રમો વરિષ્ઠ માધ્યમિક સ્તરે એટલે કે 11માં અને 12માં ધોરણમાં ફરજિયાત વિષય તરીકે હાથ ધરવામાં આવી રહ્યા છે. ફેબ્રુઆરી 2025 સુધીમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 138 નોકરીની ભૂમિકાઓ એટલે કે કૌશલ્ય વિષયોને મંજૂરી આપવામાં આવી છે. શાળા શિક્ષણમાં પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના 4.0 લાગુ કરવામાં આવી રહી છે. ■



PMO India
@PMOIndia

भारत सेवा प्रधान देश है।

भारत मानवता प्रधान देश है: PM @narendramodi



Rajnath Singh
@rajnathsingh

Held talks with Admiral Don Jun, the Defence Minister of China, on the sidelines of SCO Defence Minitsers' Meeting in Qingdao. We had a constructive and forward looking exchange of views on issues pertaining to bilateral relations.

Expressed my happiness on restarting of the Kailash Mansarovar Yatra after a gap of nearly six years. It is incumbent on both the sides to maintain this positive momentum and avoid adding new complexities in the bilateral relationship.



Amit Shah
@AmitShah

मोदी सरकार राज्यों को साथ लेकर निरंतर सहकारी क्षेत्र को उन्नति और समृद्धि की ओर ले जा रही है। आज नई दिल्ली में सभी राज्यों और केंद्र शासित प्रदेशों के सहकारिता मंत्रियों के साथ सहकारिता क्षेत्र की प्रगति और विकास पर मंथन बैठक की।
केंद्र सरकार जल्द ही राष्ट्रीय सहकारिता नीति की घोषणा करने वाली है। हर राज्य राष्ट्रीय नीति के तहत स्थानीय आवश्यकताओं को ध्यान में रखते हुए जल्द से जल्द सहकारिता नीति बनाए। साथ ही, त्रिभुवन सहकारी विश्वविद्यालय से जुड़कर सहकारी प्रशिक्षण को भी बढ़ावा दें।



Nitin Gadkari
@nitin_gadkari

Union Cabinet, chaired by Prime Minister Shri @narendramodi Ji, has approved the establishment of the International Potato Center (CIP) South Asia Regional Centre at Singna, Agra, Uttar Pradesh. This strategic initiative aims to boost food and nutritional security, enhance farmers' incomes, and create rural employment.

By improving potato and sweet potato productivity, strengthening post-harvest systems, and promoting value addition, the Centre will also drive agricultural innovation, capacity building, and technology transfer, advancing India's leadership in sustainable, climate-resilient tuber crop cultivation across South Asia.



Dharmendra Pradhan
@dpradhanbjp

आजादी के बाद भारतीय लोकतंत्र पर सबसे बड़ा हमला 25 जून 1975 को हुआ था, जब सत्ता के स्वार्थ में डूबी तत्कालीन कांग्रेस सरकार ने देश पर आपातकाल थोपा था। लाखों देशभक्तों ने लोकतांत्रिक अधिकारों की रक्षा के लिए उस अंधकारपूर्ण कालखंड में जो पीड़ा और यातनाएँ झेली, वह इतिहास का एक अमिट अध्याय है।
आज आपातकाल के 50 वर्ष होने पर आदरणीय प्रधानमंत्री श्री @narendramodi जी के नेतृत्व में केंद्रीय कैबिनेट ने उन वीर लोकतंत्र सेनानियों और उनके परिवारों के संघर्ष, त्याग और समर्पन को सम्मान देने का एक ऐतिहासिक संकल्प पारित किया है। यह न केवल लोकतंत्र की मजबूती का प्रतीक है, बल्कि आने वाली पीढ़ियों को तानाशाही प्रवृत्तियों के विरुद्ध संघर्ष और संविधान की रक्षा की प्रेरणा देता रहेगा। मैं उन सभी लोकतंत्र प्रहरियों को कृतज्ञता और विनम्र श्रद्धांजलि अर्पित करता हूँ। pib.gov.in/



Arjun Ram Meghwal
@arjunrammeghwal

ये है नए भारत की ताकत, Digital India की ताकत!

- आज UPI से लेकर DBT तक,
- Cashless से लेकर paperless तक,
- Documentation से लेकर vaccination तक,
- Startup से लेकर JAM तक,
- e-NAM से लेकर 'वन नेशन, वन राशन कार्ड' तक...

आज सब कुछ हो जाता है fingertips पर।

**आईएसएस से पीएम से वार्ता** 18 मिनट 25 सेकंड तक हुई बात

# अंतरिक्ष से शुभांशु ने पीएम को कॉल की; कहा- यहां से भारत ज्यादा भव्य

एजेंसी | नई दिल्ली

अंतरराष्ट्रीय अंतरिक्ष स्टेशन (आईएसएस) पर शनिवार को 'भारत माता की जय' के नारे गूंजे, जब पीएम नरेंद्र मोदी ने वहां मौजूद भारतीय अंतरिक्ष यात्री शुभांशु शुक्ला से वीडियो कॉल पर 18 मिनट 25 सेकंड तक बातचीत की। लखनऊ में जन्मे शुभांशु इस समय पृथ्वी से 400 किमी ऊपर अंतरिक्ष स्टेशन पर हैं। उन्होंने पीएम मोदी से कहा कि यह यात्रा सिर्फ उनकी व्यक्तिगत उपलब्धि नहीं है, बल्कि पूरे देश की सामूहिक सफलता है। जब मैंने पहली बार अंतरिक्ष से भारत को देखा, तो वह नक्शे से कहीं ज्यादा विशाल और भव्य नजर आया।' बातचीत के दौरान पीएम मोदी ने शुक्ला से कई सवाल किए, पेश हैं इस बातचीत के प्रमुख अंश...

**पीएम मोदी:** आप गाजर का हलवा लेकर इंटरनेशनल स्पेस स्टेशन गए हैं। क्या आपने अपने साथियों को खिलाया?

**शुभांशु शुक्ला:** हां, सभी साथियों के साथ बैठकर खाया।

**पीएम:** आपको पृथ्वी की परिक्रमा का मौका मिला, कैसा लगा?

**शुभांशु:** हम 16 बार परिक्रमा करते हैं, 16 सूर्योदय और 16 सूर्यास्त देखते हैं। 28 हजार किमी/घंटे की रफ्तार से चलते हैं। यह गति दिखाती है कि हमारा देश कितनी गति से आगे चल रहा है।



**पीएम:** मेरी जब भी किसी से बात होती है, तो मैं होमवर्क जरूर देता हूं। हमें मिशन गगनयान को आगे बढ़ाना है, खुद का स्पेस स्टेशन बनाना है। चंद्रमा पर भारतीय एस्ट्रोनॉट की लैंडिंग करानी है। इन सारे मिशन में आपके अनुभव बहुत काम आने वाले हैं।

**शुभांशु:** जी बिल्कुल, इस पूरे मिशन की ट्रेनिंग के दौरान और एक्सपीरियंस के दौरान, मुझे जो सीख मिली है, वो सब एक स्पंज की तरह एब्जॉर्ब कर रहा हूं। जब मैं वापस आऊंगा, तो हम इन्हें इफेक्टिवली अपने मिशंस में अप्लाई कर सकेंगे।

# 'कनाडा-भारत जल्द करेंगे उच्चायुक्तों की नियुक्ति'

■ NBT रिपोर्ट, नई दिल्ली



File

प्रधानमंत्री नरेंद्र मोदी कनाडा के पीएम मार्क कार्नी के साथ।

**विदेश मंत्रालय** ने गुरुवार को कहा कि जल्द ही कनाडा और भारत उच्चायुक्तों की नियुक्ति करेंगे। भारत और कनाडा के बीच संबंधों के सामान्य होने और उच्चायुक्तों की नियुक्ति को लेकर पूछे गए सवाल को लेकर विदेश मंत्रालय के प्रवक्ता रणधीर जायसवाल ने हाल ही में कनाडा में जी 7 समिट के दौरान दोनों देशों के प्रधानमंत्रियों की मुलाकात का जिक्र किया। उन्होंने कहा कि दोनों राष्ट्राध्यक्षों के बीच अच्छी बातचीत हुई थी। दोनों ने द्विपक्षीय संबंधों को लेकर बात की और चर्चा सकारात्मक हुई। दोनों के बीच तय हुआ कि दोनों ही देशों में उच्चायुक्तों की जल्द नियुक्ति होगी, जिस पर काम चल रहा है। वहीं अलगाववादी समर्थक हरदीप सिंह के कोर्ट केस से जुड़े सवाल पर जायसवाल ने कहा कि ये केस न्यायिक प्रक्रिया का हिस्सा है। लेकिन जहां तक कनाडा और भारत के संबंधों की बात है तो दोनों पक्षों ने संतुलित पार्टनरशिप की बात की है। बीते दिनों ईरान और इस्राइल के बीच हालिया संघर्ष को लेकर चलाए गए ऑपरेशन सिंधु के बारे में जानकारी देते हुए जायसवाल ने कहा कि इसके तहत दोनों ही देशों से भारत के लोगों को वापस लाया गया।

**जायसवाल बोले, समिट मे दोनों ने द्विपक्षीय संबंधो पर चर्चा की**

## हिंद-प्रशांत में हमारा महत्वपूर्ण सहयोगी है भारत : अमेरिका

नई दिल्ली। अमेरिका ने भारत के साथ अपने संबंधों को लेकर कहा कि हिंद-प्रशांत क्षेत्र में भारत उसका महत्वपूर्ण रणनीतिक सहयोगी है। व्हाइट हाउस की प्रेस सेक्रेटरी कैरोलिन लेविट ने कहा, भारत हिंद-प्रशांत में हमारा बेहद महत्वपूर्ण रणनीति सहयोगी है और राष्ट्रपति ट्रंप के प्रधानमंत्री नरेंद्र मोदी के साथ बेहद घनिष्ठ संबंध हैं और यह संबंध आगे भी बने रहेंगे।



कैरोलिन लेविट

व्हाइट हाउस का यह बयान इस मायने में महत्वपूर्ण है कि ऑपरेशन सिंदूर के बाद से अमेरिका के साथ भारत के संबंधों में कुछ खटास आई है। खासकर राष्ट्रपति ट्रंप की ओर से बार-बार युद्ध विराम का श्रेय लिए जाने से भारत सरकार में नाराजगी है क्योंकि खुद पीएम मोदी कह चुके हैं कि इस संघर्ष में किसी स्तर पर किसी तीसरे देश ने कोई मध्यस्थता नहीं की। वहीं, ट्रंप ने पिछले दिनों व्हाइट हाउस में पाकिस्तानी सेना के जनरल आसिम मुनीर को दोपहर के भोज पर आमंत्रित किया। इससे भी भारत में ट्रंप प्रशासन की मंशा को लेकर सवाल खड़े हुए हैं। एजेंसी

# भारत की सेवा भावना किसी भी शर्त और स्वार्थ से परे : पीएम मोदी

## प्रधानमंत्री बोले, भारत सेवा से परिभाषित और मानवता से निर्देशित राष्ट्र

अमर उजाला ब्यूरो

नई दिल्ली। प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि भारत अपने संतों और ऋषियों के अमर विचारों व दर्शन के कारण दुनिया की सबसे प्राचीन जीवंत सभ्यता है। भारत की सेवा भावना बिना किसी शर्त के स्वार्थ से परे और निस्वार्थता से प्रेरित है। यह सिद्धांत आज देश के शासन का मार्गदर्शन करता है। जैन आध्यात्मिक गुरु आचार्य श्री 108 विद्यानंद जी महाराज की जयंती के शताब्दी समारोह में प्रधानमंत्री मोदी ने उन्हें श्रद्धांजलि दी और विभिन्न क्षेत्रों में उनके योगदान को याद किया।

पीएम मोदी ने आचार्य विद्यानंद जी



पीएम मोदी को धर्म चक्रवर्ती की उपाधि से सम्मानित करते जैन मुनि। एजेंसी

**आज ही के दिन 1987 में आचार्य की उपाधि मिली**

पीएम मोदी ने कहा, आज के दिन का एक और कारण से विशेष महत्व है। 28 जून 1987 को आचार्य श्री विद्यानंद जी मुनिराज को औपचारिक रूप से आचार्य की उपाधि दी गई थी। यह महज एक उपाधि नहीं थी, बल्कि एक पवित्र धारा की शुरुआत थी जिसने जैन परंपरा को विचार, अनुशासन व करुणा से जोड़ा। मोदी ने कामना की कि सभी पर आचार्य का आशीर्वाद बना रहे।



जैन गुरु पर डाक टिकट जारी करते पीएम।

**ऑपरेशन सिंदूर का जिक्र करते ही बजने लगीं तालियां**

प्रधानमंत्री ने 'ऑपरेशन सिंदूर' का जिक्र करते हुए जैसे ही ये कहा कि जो हमें छेड़ेगा, तो वहां मौजूद लोगों ने जोरदार तालियां बजानी शुरू कर दीं। हालांकि मोदी ने इस बारे में और अधिक बात नहीं की। प्रधानमंत्री मोदी ने अपने संबोधन से पहले दिए गए एक जैन संत के संबोधन का उल्लेख करते हुए कहा कि वह ऑपरेशन सिंदूर को आशीर्वाद दे रहे थे।

**देश को गुलामी की मानसिकता से मुक्त कराने के लिए सरकार ने लिए 9 संकल्प**

पीएम मोदी ने कहा कि उनकी सरकार ने देश को गुलामी की मानसिकता से मुक्त कराने का संकल्प लिया है। उन्होंने अपने नौ संकल्पों को दोहराया और लोगों से उनका पालन करने का आग्रह किया। ये संकल्प हैं: पानी बचाना, मां की याद में एक पेड़ लगाना, स्वच्छता, स्थानीय उत्पादों के इस्तेमाल को बढ़ावा देना, देश के विभिन्न स्थानों की यात्रा करना, प्राकृतिक खेती को अपनाना, स्वस्थ जीवन शैली अपनाना, खेल और योग अपनाना और गरीबों की मदद करना।


**आचार्य विद्यानंद ने 50 से अधिक ग्रंथ लिखे**

आचार्य विद्यानंद का जन्म 22 अप्रैल, 1925 को शेडबाल, बेलगावी (कर्नाटक) में हुआ था। उन्होंने छोटी उम्र में ही दीक्षा प्राप्त कर ली थी और आधुनिक समय के सबसे विपुल जैन विद्वानों में से एक बन गए। उन्होंने 8,000 से अधिक जैन आगमिक छंदों को याद किया था। उन्होंने जैन दर्शन, अनेकांतवाद और मोक्षमार्ग दर्शन सहित जैन दर्शन और नैतिकता पर 50 से अधिक ग्रंथ लिखे हैं। 1975 में, भगवान महावीर के 2500वें निर्वाण महोत्सव के दौरान, आचार्य विद्यानंद जी ने सभी प्रमुख जैन संप्रदायों की सहमति से आधिकारिक जैन ध्वज और प्रतीक को डिजाइन करने और पेश करने में ऐतिहासिक भूमिका निभाई। पांच रंगों वाला झंडा और हाथ से लिखा अहिंसा का प्रतीक तब से विभिन्न परंपराओं के जैन समुदाय के लिए एकीकृत प्रतीक बन गए हैं।

રાષ્ટ્રીય પ્રસારણ દિવસ-23 જુલાઈ

## જીવનનો અવિભાજ્ય ભાગ

# રેડિયો



દેશમાં સમાચારોની સાથે રેડિયો પણ મનોરંજનનું સરળ માધ્યમ બની ગયું છે. 23 જુલાઈ 1927ના રોજ, દેશમાં પ્રથમ વખત, ભારતીય પ્રસારણ કંપનીએ બૉમ્બે સ્ટેશનથી રેડિયો પ્રસારણનું આયોજન કરવાનું શરૂ કર્યું, ત્યારથી 23 જુલાઈને રાષ્ટ્રીય પ્રસારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રેડિયો માત્ર ભારતમાં સામાન્ય લોકોનાં જીવનનો એક ભાગ જ નથી રહ્યો, પરંતુ દરેક યુગમાં તેનું મહત્વ પણ રહ્યું છે. દેશવાસીઓ સાથે સીધા જોડાવા અને રેડિયોની લોકપ્રિયતા વધારવા માટે, પીએમ મોદીએ 'મન કી બાત' કાર્યક્રમ માટે આ ટકાઉ અને પ્રિય માધ્યમ પસંદ કર્યું....

## આ આકાશવાણી છે...

- આકાશવાણી દેશના 92 ટકા જમીન વિસ્તાર અને 99 ટકાથી વધુ લોકોને આવરી લે છે.
- 591 સ્ટેશનોનું સંચાલન કરે છે. તે 23 ભાષાઓ અને 146 બોલીઓમાં પ્રસારિત થાય છે.
- આકાશવાણીનો વિદેશ સેવા વિભાગ 100થી વધુ દેશોમાં પ્રસારણ કરે છે.
- મંત્રીમંડળે 28 ઑગસ્ટ, 2024ના રોજ ખાનગી એફ.એમ. રેડિયો ફેઝ-3 નીતિ હેઠળ 234 નવા શહેરોમાં 730 ચેનલો શરૂ કરવાની મંજૂરી આપી હતી.


ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

**RNI No. : DELGUJ/2020/78810 July 16-31, 2025**

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2023-25, WPP NO U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 13-17 advance Fortnightly (Publishing July 2, 2025, Pages - 56)

**Editor in Chief**
**Dhirendra Ojha**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Kanchan Prasad,**
Director General, on behalf of
**Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Chandu Press, 469, Patparganj Industrial Estate, Delhi 110 092

Gujarati